ॐ अर्हम्

॥ नमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# દષ્ટિવાદ

વિભક્તિસહ—નયગર્ભિત—મંગલાચરણ

મહાજનો યેન ગતઃ સ પન્થાઃ-પ્રાર્થ્યંતે

वीरः सर्व सुरासुरेन्द्रमहितो
वीरम् बुधाः संश्रिताः
वीरेणाभिहतः स्वकर्मनिचयो
वीराय नित्यं नमः
वीरात् तोर्थमिदं प्रवृत्त-मतुलं
वीरस्य घोरं तपो
वीरे श्री धृति-कीर्ति-कांति निचयो
श्री वीर भद्रं दिश

: સંપાદક :


શાહ શાંતિલાલ કેશવલાલ

દેવસાનોપાડો, અમદાવાદ



મૂલ્યઃ-પઠન-પાઠન

પ્રકાશન વિક્રમ સંવત ૨૦૨૧

પ્રત, ૧૦૦૦

# ભાવના

ચત્તારિ-મંગલાનિ.

અરિહંતા મંગલાનિ, સિધ્ધા મંગલાનિ,
સાહૂ મંગલાનિ, કેવલિ-પન્નત્તો-ધમ્મો મંગલાનિ,

ચત્તારિ-લોગુત્તમા

અરિહંતા-લોગુત્તમા, સિધ્ધા-લોગુત્તમા,
સાહૂ-લોગુત્તમા, કેવલિ-પન્નત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવજ્જામિ

અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ,
સાહૂ સરણં પવજ્જામિ કેવલિ પન્નત્તં ધમ્મં,
સરણં પવજ્જામિ

અર્હદ્-વક્ત્ર-પ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાંઙ્ગં વિશાલં
ચિત્રં બહ્વર્થ-યુક્તં મુનિ ગણ વૃષભૈ-ર્ધારિતં બુધ્ધિમદ્ભિઃ
મોક્ષાગ્ર-દ્વાર-ભૂતં વ્રત-ચરણ-ફલં જ્ઞેયભાવપ્રદીપં
ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહમખિલં સર્વ-લોકૈક-સારમ્

—: જયન્તુ સ્યાદ્વાદિનો વીતરાગા :—

# દૃષ્ટિવાદ

## શ્રી ચતુર્વિધ સંઘને
## નમસ્કાર પૂર્વક
## સમર્પણ

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः, सिद्धाश्च सिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः, पूज्या उपाध्यायकाः
श्री सिद्धान्तसुपाठका मुनिवराः, रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनः प्रतिदिनं, कुर्वन्तु वो मङ्गलम्

—: લેખક :—

શાહ શાંતિલાલ કેશવલાલ
દેવસાનો પાડો, અમદાવાદ.

મુદ્રક

મફતલાલ ઝવેરચંદ ગાંધી
નયન પ્રિન્ટીંગ પ્રેસ, રીચીરોડ પુલ નીચે,
ઢીંકવાવાડી, અમદાવાદ.

# પ્રસ્તાવના

આ જગત્માં જ્યારે જ્યારે શ્રી. તીર્થંકર–પરમાત્માઓ. મોક્ષ–માર્ગના સાધક આત્માઓના શ્રીસંઘની યથાસ્થિત સ્થાપના કરે છે, અને અનાદિ–અનંત–ઉત્પાદ–વ્યય–અને ધ્રુવાત્મક એવા આ જગતમાંના શુદ્ધાશુદ્ધ સ્વરૂપને સાધક–બાધકભાવની મૂખ્યતાવાળી. પરમ–અર્થને પ્રકાશિત કરવાવાળી પ્રરૂપણા કરે છે. ત્યારે ત્યારે તમામ ગણધર ભગવંતો તે પરમ–અર્થનો અનંતમો ભાગ ઝીલે છે અને તેનો પણ અનંતમો ભાગ શ્રુતરૂપે–નિબદ્ધ કરે છે. તેને દ્વાદશાંગી કહેવાય છે. કેમકે તેમાં બાર–અંગશ્રુતની રચના હોય છે. તે બાર અંગ–શ્રતમાં છેલ્લું બારમું અંગ તે દૃષ્ટિ–વાદ હોય છે, આ દૃષ્ટિવાદ –અંગસુત્ર તો હાલ–વિચ્છેદ ગયું છે. એટલે પ્રાપ્ય નથી જ. આ હકીકત જણાવવાની અહિંયાં એટલા માટે જરૂર હતી કે, આ મારા રૂપક–દૃષ્ટિવાદ–ગ્રંથનો કોઈપણ આત્મા ભૂલે ચૂકે પણ તે મહાન અંગસુત્ર–દૃષ્ટિવાદ સાથે કોઇપણ પ્રકારે સમન્વય ન કરે. આ મારા દૃષ્ટિવાદ ગ્રંથનું પ્રયોજન, સંબંધ, અધિકાર, અને અભિધેય, આ ગ્રંથમાં દર્શાવેલા. ૧૦૮ વિષય સંબંધી શુદ્ધાશુદ્ધાત્વનું સ્યાદ્–વાદ દૃષ્ટિએ પરમ જ્ઞાની પુરુષોના વચનના આધારે પરિજ્ઞાન કરાવવું તે છે. તેમાં મારી અલ્પ–મતિના દોષથી, જે કોઇ ભુલ–ચૂક વિદ્વાનોને જણાય તે, સુજ્ઞજનો સુધારી લેશે. એવી મારી નમ્ર પ્રાર્થના છે. આ ગ્રંથ વાંચવાના અધિકારી કદાગ્રહ–બુદ્ધિ વગરના સર્વે જીવો જાણવા.

લી. સંપાદક શાંતિલાલ કેશવલાલ

## આ દૃષ્ટિવાદ ગ્રંથમાંની છએ દૃષ્ટિઓનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું

(૧) વક્રદૃષ્ટિ :— આ દૃષ્ટિવાળો આત્મા " સાધનવિકળ " છે. એટલે અશુદ્ધ સાધનવાળો હોવાથી પોતાની પ્રવૃત્તિ દ્વારા આપત્તિઓને પામનારો " દુષ્ફલક " જાણવો.

(૨) એકાન્તદૃષ્ટિ :—આ દૃષ્ટિવાળો આત્મા " સાધ્ય–વિકળ " છે. એટલે આત્મશુદ્ધિરૂપ સાધ્ય–શૂન્ય હોય છે. તેથી ક્ષણિક પૌદ્‌ગલિક સુખને સાધતો હોવાથી " નિષ્ફલક " જાણવો.

(૩) વિસંવાદીદૃષ્ટિ :— આ દૃષ્ટિવાળો આત્મા સાધ્ય–સાધન ઉભયમાં વિકળ એટલે અયથાર્થમતિવાળો હોવાથી ડગલે ને પગલે અનેક વિપત્તિઓ પામતો " વિફલક " જાણવો.

(૪) અવક્રદૃષ્ટિ :— આ દૃષ્ટિવાળો આત્મા " સાધન શુદ્ધ " હોય છે એટલે દરેકમાંથી સાર (ગુણ) ને ગ્રહણ કરતો હોવાથી સારા પરિણામને પામતો હોવાથી " સુફલક " જાણવો.

(૫) અનેકાન્તદૃષ્ટિ :—– આ દૃષ્ટિવાળો આત્મા " સાધ્ય શુદ્ધ " હોવાથી પોતાના આત્માની ઉત્તરોત્તર નિર્મળતા પ્રાપ્ત કરતો આત્મગુણવિશુદ્ધિએ વધતો હોવાથી " શુદ્ધ ફલક " જાણવો.

(૬) અવિસંવાદી દૃષ્ટિ :— આ દૃષ્ટિવાળો આત્મા સાધ્ય– સાધન ઉભય ભાવમાં, યથાર્થમતિવાળો હોવાથી શીઘ્ર–પૂર્ણ ફળને પામનારો છે. માટે તેને " પૂર્ણ–ફલક " જાણવો.

ઉપર જણાવ્યા મુજબની પ્રથમ ત્રણ દૃષ્ટિવાળા આત્માઓ હેય–ભાવોમાં એટલે ત્યાગ કરવા યોગ્ય ભાવોમાં ઉપાદેય મતિવાળા

એટલે આદર મતિવાળા હોય છે. અને ઉપાદેય ભાવોમાં હેયમતિવાળા હોવાથી એ ત્રણે દષ્ટિ–વર્જ્ય છે.( ત્યાગ કરવા લાયક છે. )

તેમજ પાછળની અવક્ર, અનેકાંત, અને અવિસંવાદિ એ ત્રણ દષ્ટિવાળા આત્માઓ અપેક્ષા વિશેષે પરસ્પર સુસંગત અને ઉત્તરોત્તર વિશુદ્ધ દષ્ટિવાળા હોવાથી એ ત્રણે દષ્ટિમાં પોતાના આત્માને જોડવા યથાશક્તિ પ્રયત્ન કરવો હિતાવહ છે.

આ ગ્રંથમાં દર્શાવાયેલા એકસોને આઠ વિષયોને–ઉપર જણાવ્યા મુજબ, છ–દષ્ટિઓથી પરિષ્કૃત કરી, તે તે વિષયોના યથાર્થ–શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરાવવા યથામતિ પ્રયત્ન કરવામાં આવ્યો છે. કેમકે શાસ્ત્રોમાં કહ્યું છે કે,

**अपरिच्छिय सुय निहसस्स केवलमभिन्न सुत्त चारिस्स।**
**सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहु पडई ॥**

ઉપદેશમાલા. ગા. ૪૧૫

સુજ્ઞેષુ કિં. બહુના–એજ લી.

**શાન્તીલાલ કેશવલાલ શાહ.**

મુ. અમદાવાદ.

## આ દૃષ્ટિવાદના. ૧૦૮ વિષયોનો અનુક્રમાંક—હેતુ,

## 'उत्पाद्-व्यय-ध्रुवयुक्तं सत् = यत् सत् तत् तत्त्वम्'

અનાદિ–અનંત અને ઉત્પાદ–વ્યય અને ધ્રુવ સ્વરૂપવાળું આ જગત્ **નવતત્વાત્મક** રૂપે સત્ હોવાથી પ્રથમ તેઓનો દૃષ્ટિવિચાર લખ્યો છે, ત્યારબાદ તે નવતત્ત્વ માંહે જીવતત્ત્વના સાધ્ય, સાધક અને સાધનભાવ રૂપ જે **નવપદ** છે, તેનું સ્વરૂપ લખ્યું છે. તે પછી સકળ જીવતત્ત્વને વિષે ત્રણે-કાળે વર્તતા **બહિરાત્મા અંતરાત્મા** અને **પરમાત્મા** રૂપ ત્રણ ભેદનું સ્વરૂપ લખીને, તેમાં આલંબનીય પ્રયોજનતા માટે **દેવ ગુરૂ ધર્મરૂપ.** તત્ત્વત્રયીનું સ્વરૂપ લખ્યું છે. તે પછી આત્માને દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની સાથે જોડી આપનાર ગુરુતત્ત્વની, વિશેષથી ઓળખાણ કરાવવા માટે ગુરુતત્ત્વના **દશવિધ–યતિધર્મનુ** સ્વરૂપ બતાવ્યું છે. ત્યારબાદ શુદ્ધ ગુરુતત્વની ઉપાસનાથી આત્માને યોગાવંચકતાની પ્રાપ્તિ થતાં તે જીવ, અઢાર પાપસ્થાનની કરણીથી મુક્ત બને છે તે **અઢાર પાપસ્થાનનું** યતકિંચિત્ સ્વરૂપ લખ્યું છે, ત્યારબાદ આ સર્વ હકીકતને યથાર્થ સમજવાની યોગ્યતાવાળી **સમ્યક્‌મતિ** અને નહિ સમજવાવાળી **મિથ્યામતિનું** સ્વરૂપ લખીને, પછી તે સમ્યક્‌મતિવાળા જીવના **પાંચ લક્ષણનું** સ્વરૂપ બતાવ્યું છે, તે પછી તે ગુણોમાં ઉત્પત્તિ ક્રમે પ્રથમ આસ્તિકય–લક્ષણ ગુણમાં જે છ સ્થાનની શ્રદ્ધા હોય છે તે **ષટસ્થાનનું** સ્વરૂપ બતાવીને, અનુક્રમે પ્રત્યેક શ્રદ્ધા સ્થાનના કાર્ય–રૂપ છ **આવશ્યકનું** યતકિંચિત સ્વરૂપ બતાવ્યું છે. આ ષડાવશ્યકની કરણી જે પાંચ સ્થાનાદિ યોગ વડે કરાય છે. તે **પાંચ યોગસ્થાનનું** સ્વરૂપ લખીને, જે મુમુક્ષુ આત્મા પોતાની સર્વ કરણીમાં **પાંચ સમવાયકારણતાને** યથાતથ્યપણે જોડીને, ચાર **પ્રકારના પુરૂષાર્થ** અને ચાર **પ્રકારના ધ્યાનમાંથી**, પોતાના

સમ્યગ્દર્શન. સમ્યગ્જ્ઞાન. અને સમ્યગ્ચારિત્ર રૂપ રત્નત્રયવડે વિવેક કરીને ચાર સત્તામાંથી જે રીતે ચોથી શુદ્ધ–અવિસંવાદી આત્મસત્તા પ્રાપ્ત કરે છે, તે રીતે સર્વ વિષયોનું મારી યથામતિ યત્–કિંચિત સ્વરૂપ બતાવ્યું છે.

ત્યાર બાદ સામાન્ય વિવાદાસ્પદ, હિંસા–અહિંસા, ધર્મ–અધર્મ, આચાર અનાચાર, સત્યમ, શિવમ્ અને સુંદરમ્ આ નવ વિષયોનું સ્વરૂપ લખીને એકંદરે એકસોને આઠ (૧૦૮) વિષયો ઉપરની દષ્ટિનું સ્વરૂપ બતાવનાર આ "દષ્ટિવાદ" નામનો ગ્રંથ મેં મારી યથામતિ સિદ્ધાંતથી અવિરોધી–ભાવે લખ્યો છે. તેમાં જે કોઇ સિદ્ધાંત વિરૂદ્ધ લખાણ વિદ્વાનોના જાણવામાં આવે તેને તેઓ શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરી મારા અને અન્ય મુમુક્ષુઓ ઉપર ઉપકાર કરે, એજ અભિલાષા.

આ ગ્રંથ રચના કરવાની મારી મતિમાં નીચેના ગુરૂ–ભગવંતોની ઉપકારકતા કારણભૂત હોવાથી તેઓને અત્રે નામાભિધાનથી વંદના કરૂં છું,

પ. પુ આચાર્ય શ્રી. આનંદસાગર સૂરયે નમઃ

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ,, | ભુપેન્દ્ર | ,, | ,, |
| ,, | ,, | ચંદ્રસાગર | ,, | ,, |
| ,, | ,, | કવીન્દ્રસાગર | ,, | ,, |
| ,, | ,, | વિજયોદય | ,, | ,, |
| ,, | ,, | વિજયલાવણ્ય | ,, | ,, |
| ,, | ,, | માણિક્યસાગર | ,, | ,, |
| ,, | ,, | વિજયરામચંદ્ર | ,, | ,, |
| ,, | ,, | દેવેન્દ્રસાગર | ,, | ,, |
| ,, | ,, | વિજયનંદન | ,, | ,, |

પ. પૂ. આચાર્ય શ્રી વિજયઅમૃત સૂરયે નમઃ

„ „ વિજય લક્ષ્મણ „ „

„ „ રામવિજય „ „

„ „ વિજય ધર્મ „ „

„ „ વિજય દર્શન સૂરયે નમઃ

„ „ માણેકયસિંહ „ „

„ „ વિજયલબ્ધિ „ „

„ „ વિજય વિજ્ઞાન „ „

„ „ વિજય કસ્તુર „ „

„ „ વિજય પદ્મ „ „

„ „ વિજય દક્ષ „ „

„ „ કીર્તિસાગર „ „

„ „ રિદ્ધિસાગર „ „

„ „ શ્રી વિજય મનોહર સૂરયે નમઃ

આ ઉપરાંત અનેક પૂજ્ય ગણિવર્યો તેમજ પૂજ્ય મુનિવરો આદિના ઉપદેશ–પરિચયથી પણ મને ઘણોજ લાભ થયો છે, વળી વિશેષે કરીને પૂજ્ય સાધ્વીજી મહારાજાઓની વિશુદ્ધ ભાવનાના યોગથી મારા જ્ઞાનની શુદ્ધિ–વૃદ્ધિ થઇ છે તે માટે તે સૌ પૂજ્યોને આથી હું સબહુમાન વંદના કરૂં છું. વળી મને પુત્રવત્ પ્રેમથી ભણાવનાર પૂજ્ય પંડિત શ્રી ભગવાનદાસ હરખચંદભાઈનો તેમજ જેનાથી મને બોધ થયો છે. તેવા અનેક વિવિધ શાસ્ત્ર–ગ્રંથોના પ્રકાશકોનો પણ અંતઃકરણ પૂર્વક અત્રે આભારમાનું છું.

ચાલુ સ્વાધ્યાયમાં શુદ્ધિ–વૃદ્ધિમાં સહાયક પંડિત ધીરજલાલ ડાહ્યાલાલ નો પણ અંતઃકરણ પુર્વક આભાર માનું છું.

આ ગ્રંથ પ્રકાશનમાં નીચે મુજબ આર્થિક સહાય આપનાર સૌનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું

રૂા. ૧૦૧ શેઠ જીવાભાઇ ચુનીલાલ.
,, ૧૦૧ ,, નંદુભાઇ મોહનલાલ.
,, ૧૦૧ ,, હિંમતલાલ મણીલાલ.
,, ૭૧ કંચનબેન શાંતિલાલ નાણાવટી
,, ૫૧ શેઠ આશાભાઇ જગનલાલ.
,, ૫૧ શેઠ ભોગીલાલ બુલાખીદાસ
,, ૫૧ ,, રસીકલાલ ચુનીલાલ
,, ૫૧ ,, પાનાચંદ મંગળદાસ
,, ૩૧ ,, મોતીલાલ મોહનલાલ
,, ૨૫ ,, રતીલાલ મોતીલાલ
,, ૨૫ ,, રસીકભાઇ કલ્યાણજી.
,, ૨૧ ,, હરીલાલ મનસુખરામ.
,, ૨૧ ,, શાંતિલાલ મોહનલાલ મગનલાલ.
,, ૨૧ ,, કાન્તાબેન લાલભાઇ ભીખાભાઇ
,, ૧૧ ,, કાંતીલાલ ચીમનલાલ.


# શુદ્ધિ-પત્રમ્

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ. |
|---|---|---|---|
| ૧૮ | ૪ | તે જે | તેને |
| ૨૪ | ૫ | જમતની | જગતની |
| ૨૫ | ૧ | દે વાદિ | દેવાદિ |
| ૫૪ | ૧ | વક્ર દષ્ટિ | વક્રદષ્ટિ |
| ૫૪ | ૧૨ | હોય છે | જ્ઞેય છે |
| ૫૪ | ૧૩ | હોય છે. | હેય છે |
| ૫૯ | ૩ | વ્યવહારથી | વ્યવહારના |
| ૭૮ | ૯ | જે આત્મહિતકારી જાણવું | જે નિક્ષેપે આત્મહિતકારી થાય. |
| ૯૬ | ૪ | (યાદકારી) | (વાદકારી-એટલે ગાંધિવાદ—સમાજવાદ સામ્યવાદ—ભાષાવાદ પ્રાંતવાદ—વ્યક્તિવાદ જાતિવાદ—કે ધર્મવાદ ઇત્યાદિ--અનેક વાદો ) |
| ૧૦૯ | ૧/૨ | પુદ્દગલાસ્તિકાય પછી | ધર્માસ્તિકાય ઉમેરવું |
| ૧૧૧ | ૧૬ | તથા—વિવિધ | તથાવિધ |
| ૧૧૨ | ૧૪ | શ્રત | શ્રુત |
| ૧૧૬ | ૧૩ | આત્મતત્વનું સ્વરૂપ | આત્મતત્વના સ્વરૂપનું |
| ૧૧૯ | ૧૨ | પરિણામથ | પરિણામથી |
| ૧૨૧ | ૧૨ | રાગ—દ્વષાથી | રાગદ્વેષાદિ |
| ૧૨૨ | ૧૨ | વક્રિય—વર્ગણા | વૈક્રિયવર્ગણા |

| | | | |
|---|---|---|---|
| ૧૨૭ | ૨ | ઔદારિક | ઔદયિક |
| ૧૨૮ | ૧૮ | આ | જીજ્ઞાસા |
| ૧૩૨ | ૫ | ક્રયાઓ | ક્રિયાઓ |

૧૩૦ ભવનપતિના
દેવોના સ્વરૂપ પછી ઉમેરવું


વ્યંતરદેવોઃ —રત્નપ્રભાનારક પૃથ્વીના પ્રતરના ઉપરના છોડીદીધેલા એક હજાર યોજનમાંથી ઉપર નીચે સો–સો યોજન છોડીને બાકીના વચલા આઠસો યોજનમાં રહે છે તેમ જાણવું. તેવીજ રીતે ઉપર છોડેલા. ઊપરના સો યોજનમાં ઊપર નીચે દશ–દશ યોજન છોડીને બાકીના વચલા એંશી યોજનમાં વાણ–વ્યંતર દેવો રહે છે એમ જાણવું.



સ્વ. કેશવલાલ મોહોલાલ
જેમણે સિદ્ધાંત પાક્ષિક
દૃષ્ટિ આપી તે પૂજ્ય
પિતાશ્રી.



લેખકઃ શા. શાંતિલાલ કેશવલાલ



સ્વ. દીલીપકુમાર શાંતિલાલ
જેના આકસ્મિક અવસાને
આ ગ્રંથની રચના કરવાની
પ્રેરણા–આપી

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **ત્રિપદી** | |
| (૧) ઉત્પાદ–સ્વભાવ | ૧ |
| (૨) વ્યય– ,, | ૨ |
| (૩) ધ્રૌવ્ય– ,, | ૩ |
| **નવતત્ત્વ** | |
| (૪) જીવ તત્વ | ૪ |
| (૫) અજીવ ,, | ૫ |
| (૬) પુણ્ય ,, | ૬ |
| (૭) પાપ ,, | ૭ |
| (૮) આશ્રવ ,, | ૮ |
| (૯) સંવર ,, | ૯ |
| (૧૦) નિર્જરા ,, | ૧૦ |
| (૧૧) બંધ ,, | ૧૧ |
| (૧૨) મોક્ષ ,, | ૧૨ |
| **નવપદ** | |
| (૧૩) અરિહંત–પદ | ૧૩ |
| (૧૪) સિદ્ધ– ,, | ૧૪ |
| (૧૫) આચાર્ય–,, | ૧૫ |
| (૧૬) ઉપાધ્યાય–,, | ૧૬ |
| (૧૭) સાધુ –,, | ૧૭ |
| (૧૮) દર્શન–પદ | ૧૮ |
| (૧૯) જ્ઞાન– ,, | ૧૯ |
| (૨૦) ચારિત્ર–પદ | ૨૦ |
| (૨૧) તપ ,, | ૨૧ |
| **ત્રણ પ્રકારના આત્મા** | |
| (૨૨) બહિરાત્મા. | ૨૨ |
| (૨૩) અંતરાત્મા. | ૨૩ |
| (૨૪) પરમાત્મા. | ૨૪ |
| **દેવાદિ તત્વત્રયી** | |
| (૨૫) દેવ | ૨૫ |
| (૨૬) ગુરુ | ૨૬ |
| (૨૭) ધર્મ | ૨૭ |
| **દશવિધ–યતિધર્મ** | |
| (૨૮) ક્ષમા– ધર્મ | ૨૮ |
| (૨૯) માર્દવ ,, | ૨૯ |
| (૩૦) આર્જવ ,, | ૩૦ |
| (૩૧) મુક્તિ ,, | ૩૧ |
| (૩૨) તપ ,, | ૩૨ |
| (૩૩) સંયમ ,, | ૩૩ |
| (૩૪) સત્ય ,, | ૩૪ |
| (૩૫) શૌચ ,, | ૩૫ |
| (૩૬) આકિંચન ધર્મ | ૩૬ |
| (૩૭) બ્રહ્મચર્ય ,, | ૩૭ |
| **અઢાર પાપસ્થાનક** | |
| (૩૮) પ્રાણાતિપાત | ૩૮ |

(૩૯) મૃષાવાદ ૩૯
(૪૦) અદત્તાદાન ૪૦
(૪૧) મૈથુન ૪૧
(૪૨) પરિગ્રહ ૪૨
(૪૩) ક્રોધ ૪૩
(૪૪) માન ૪૪
(૪૫ માયા ૪૫
(૪૬) લોભ ૪૬
(૪૭) રાગ ૪૭
(૪૮) દ્વેષ ૪૮
(૪૯) કલહ ૪૯
(૫૦) અભ્યાખ્યાન ૫૦
(૫૧) પૈશુન્ય ૫૧
(૫૨) રતિ—અરતિ ૫૨
(૫૩) પરપરિવાદ ૫૩
(૫૪) માયામૃષાવાદ ૫૪
(૫૫) મિથ્યાત્વશલ્ય ૫૫

**બે પ્રકારનો મતિભેદ**

(૫૬) સમ્યક્ મતિ ૫૬
(૫૭) મિથ્યામતિ ૫૭

**સમકિતનાં લક્ષણ**

(૫૮) શમ ૫૮
(૫૯) સંવેગ ૫૯
(૬૦) નિર્વેદ ૬૦
(૬૧) અનુકંપા ૬૧
(૬૨) આસ્તિક્ય ૬૨

**છ શ્રદ્ધાના સ્થાનો**

(૬૩) જીવ છે ૬૩
(૬૪) જીવ નિત્ય છે ૬૪
(૬૫) જીવ કર્મનો કર્તા છે ૬૫
(૬૬) જીવ કર્મનો ભોક્તા છે ૬૬
(૬૭) જીવને મોક્ષ છે ૬૭
(૬૮) જીવના મોક્ષનો ઉપાયછે ૬૮

**છ આવશ્યક**

(૬૯) સામાયિક ૬૯
(૭૦) ચતુર્વિંશતિસ્તવ ૭૦
(૭૧) વંદન ૭૧
(૭૨) પ્રતિક્રમણ ૭૨
(૭૩) કાઉસ્સગ્ગ ૭૩
(૭૪) પચ્ચક્ખાણ ૭૪

**પાંચ યોગ સ્થાનો**

(૭૫) સ્થાન યોગ ૭૫
(૭૬) વર્ણ ,, ૭૬
(૭૭) અર્થ ,, ૭૭
(૭૮) આલંબન ,, ૭૮
(૭૯) નિરાલંબન યોગ ૭૯

**પાંચ સમવાય કારણો**

(૮૦) કાળ ૮૦
(૮૧) સ્વભાવ ૮૧
(૮૨) નિયતિ ૮૨
(૮૩) પુર્વકૃત્ ૮૩
(૮૪) પુરૂષાર્થ ૮૪

### ચાર પ્રકારનો પુરુષાર્થ

(૮૫) ધર્મ પુરૂષાર્થ ૮૫
(૮૬) અર્થ ,, ૮૬
(૮૭) કામ ,, ૮૭
(૮૮) મોક્ષ ,, ૮૮

### ચાર પ્રકારનું ધ્યાન

(૮૯) આર્ત ધ્યાન ૮૯
(૯૦) રૌદ્ર ધ્યાન ૯૦
(૯૧) ધર્મ ધ્યાન ૯૧
(૯૨) શુકલ ધ્યાન ૯૨

### રત્નત્રયી

(૯૩) સમ્યગ્ દર્શન ૯૩
(૯૪) સમ્યગ્ જ્ઞાન ૯૪
(૯૫) સમ્યક્ ચારિત્ર ૯૫

### ચાર પ્રકારની સત્તા

(૯૬) રાજ્ય સત્તા ૯૬
(૯૭) કર્મ સત્તા ૯૭
(૯૮) ધર્મ સત્તા ૯૮
(૯૯) આત્મ સત્તા ૯૯

### પ્રકીર્ણક નવ વિષયો

(૧૦૦) હિંસા ૧૦૦
(૧૦૧) અહિંસા ૧૦૧
(૧૦૨) ધર્મ ૧૦૨
(૧૦૩) અધર્મ ૧૦૩
(૧૦૪) આચાર ૧૦૪
(૧૦૫) અનાચાર ૧૦૫
(૧૦૬) સત્યમ્ ૧૦૬
(૧૦૭) શિવમ્ ૧૦૭
(૧૦૮) સુંદરમ્ ૧૦૮


આ રીતે કુલ ૧૦૮ વિષયોને ૭ દ્રષ્ટિઓથી સમજાવવામાં આવ્યા છે. તેને વિસ્તારથી ગુરુ-ગમથી સમજી જ્ઞાન-શુદ્ધિ અવશ્ય કરવી, કેમકે જ્ઞાન-શુદ્ધિ; તે યોગ-શુદ્ધિ અને ક્રિયા-શુદ્ધિનો હેતુ છે. અને ક્રિયા-શુદ્ધિ એટલે પરિણતિની શુદ્ધિ, તે જ ઇષ્ટાર્થ ફળદાયક છે એમ જોણવું. આ ઉપરાંત આ ગ્રંથને અનુરુપ સિદ્ધાંતાવગાહન અને ગણધરવાદ વાંચનસાર, એ બે પ્રકરણો ઉમેરીને આ ગ્રંથ શાસ્ત્રથી અવિરુદ્ધપણે મેં- મારી યથામતિ લખ્યો છે, વિદ્વાનો તેમાંની ભૂલચૂક સુધારી લેશે.

એજ અભ્યર્થના લી.
શાંતિલાલ કેશવલાલ

# ત્રિપદી

## (૧) ઉત્પાદ-સ્વભાવ

(૧) વક્રદૃષ્ટિ :— પ્રત્યેક દ્રવ્યનો સમયે સમયે નાશજ જોવાય છે. ઉત્પન્નતા તો કોઈની પણ જણાતી નથી એમ માને છે.

(૨) એકાન્ત દૃષ્ટિ :—જે ઉત્પન્ન થયેલું છે, તેને ઉત્પત્તિ હોય જ નહિ. એમ માને છે.

(૩) વિસંવાદી દૃષ્ટિ :— જે પૂર્વે હોતું જ નથી, તેની ઉત્પત્તિ પણ હોતી જ નથી. માટે કોઈ પણ દ્રવ્યની ઉત્પત્તિ હોય જ નહિ—એમ માને છે.

(૪) અવક્રદૃષ્ટિ :— સમયે સમયે પરિણામ પામતાં જીવાદિ દ્રવ્યોનો જે આવિર્ભાવ–પરિણામ છે તે તેનો ઉત્પાદ-પર્યાય છે. એમ માને છે.

(૫) અનેકાન્તદૃષ્ટિ :— સંસાર પરિભ્રમણના કારણરુપ મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ, કે ક્ષય થવા વડે, **ભવ્ય આત્માને જે, સમ્યગ્દર્શનાદિનો પરિણામ પ્રાપ્ત થવો તે**, તે આત્મ-દ્રવ્યનો પારમાર્થિક ઉત્પાદ-પર્યાય જાણવો.

(૬) અવિસંવાદીદૃષ્ટિ :— સર્વ કર્મનો ક્ષય કરીને, સિદ્ધ-શિલા ઉપર-સાદિ અનંતમે ભાંગે અનંતજ્ઞાનાદિ-ગુણોમાં વર્તાવારૂપ, **આત્માને જે મોક્ષ–પર્યાયની પ્રાપ્તિ થવી તે**, તે આત્માનો પરમ-પારમાર્થિક ઉત્પાદ- પર્યાય જાણવો.

## (૨) વ્યય-સ્વભાવ.

(૧) વક્રદષ્ટિ :— પ્રત્યેક દ્રવ્યનો ઉત્પાદ જ દેખાય છે. નાશ તો કોઈ પણ દ્રવ્યનો દેખાતો જ નથી.-એમ માને છે.

(૨) એકાન્તદષ્ટિ :— જે નષ્ટ થઈ ગયેલ છે તેને નાશ હોઈ શકે નહિ. માટે નાશત્વ છે જ નહિ.--એમ માને છે.

(૩) વિસંવાદિદષ્ટિ :— જગતના સર્વે દ્રવ્યો અનાદિ અનંત છે. માટે કોઈનો નાશ થતો જ નથી.- એમ માને છે.

(૪) અવક્રદષ્ટિ :— સમયે સમયે પરિણામ પામતાં જીવાદિ દ્રવ્યોમાં જે, પૂર્વ પર્યાયનો-અભાવ તે, તેનો વ્યય- પર્યાય છે.

(૫) અનેકાન્તદષ્ટિ :— સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત થતાં, આત્માને જે, અનાદિ સંસાર સ્વભાવતાનો અભાવ થાય છે, તે, તે આત્માનો પારમાર્થિક વ્યય પર્યાય જાણવો જોઈએ.

(૬) અવિસંવાદિદષ્ટિ :— સર્વકર્મના બંધનથી મુક્ત થતા, આત્માને જે જન્મ મરણાદિના સર્વદુઃખોનો વ્યય થવો, તે. તેનો પરમ--પારમાર્થિક વ્યય-પર્યાય જાણવો.

## (૩) ધ્રૌવ્ય—સ્વભાવ

૧ વક્રદૃષ્ટિ :— દરેક દ્રવ્ય સમયે સમયે. વિવિધ-પરિણામ પામે જ છે. માટે નિત્યત્વ જેવું કાંઈ છે જ નહિ એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :— દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય પરિણામ વાળું જ છે, માટે તેને ધ્રૌવ્યભાવ હોય જ નહિ. એમ માને છે.

૩ વિસંવાદિદૃષ્ટિ :— એક જ ભાવમાં, કોઈ પણ દ્રવ્ય સર્વ કાળે હોતું જ નથી. માટે ધ્રૌવ્યત્વ છે જ નહિ. એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— પૂર્વ–પર્યાયનો વ્યય અને નવીન પર્યાયની ઉત્પત્તિ જેમાં જણાય, તે, તે દ્રવ્યનું ત્રૈકાલિક ધ્રૌવ્યત્વ જાણવું.

૫ અનેકાન્તદૃષ્ટિ :— દરેક દ્રવ્યમાં પોતાનું જે સહજ મૂળ સ્વરૂપ (સ્વભાવનુ ગુણ, ધર્મરૂપ) છે તે કોઈ કાળે ઉત્પન્ન થયેલું હોતુ નથી. તેમજ કોઈ કાળે તેનો નાશ પણ થતો નથી. તે રૂપે આત્મા, જ્ઞાનાદિ ગુણ ધર્મ–અનાદિ અનંત ધ્રૌવ્યત્વભાવ વાળો છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— સિદ્ધ–પરમાત્માનો પરમશુદ્ધ શાશ્વત, ક્ષાયિક ભાવ, તે પરમ પારમાર્થિક ધ્રૌવ્ય ભાવ જણાવો.

# નવ તત્વ

## (૧) જીવતત્ત્વ.

૧ વક્રદષ્ટિ :— જીવ- પાંચ ભૂતના યોગથી ઉત્પન્ન થાય છે. અને પાંચ ભૂતમાં જ વ્યય પામે છે માટે જીવ કોઇ સ્વતંત્ર તત્ત્વ જ નથી. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—જીવ-શુદ્ધજ, એકજ, નિત્યજ, કે, અનિત્ય જ છે,—એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :—દરેક જીવ તે એક જ પરમાત્માનો અંશ છે.—એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :—જેને જેને પોત-પોતાના સુખદુઃખાદિનો અનુભવ હોય છે. તે તે જીવ છે.

૫ અનેકાન્ત દષ્ટિ :—જેને જેને ઇષ્ટાનિષ્ટત્વનો બોધ-પરિણામ થાય છે. તે તે જીવ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :—જે સ્વતંત્ર સ્વરૂપે પોતાના ભાવનો કર્તા-ભોક્તા અને જ્ઞાતા છે. તે જીવ છે.

## (૨) અજીવ તત્વ

૧ વક્રદૃષ્ટિ :— જીવ અરૂપી ગુણવાળો હોવાથી જે જે આંખે દેખાય છે. તે તે બધું અજીવ જ છે.- એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :— જે હાલતું ચાલતું, કે બોલતું નથી તે સર્વ અજીવ જ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— જીવ અજીવરૂપ સઘળાએ પદાર્થો એક જ પરમેશ્વરનું સ્વરૂપ હોવાથી, સમસ્ત જગત પરમેશ્વર સ્વરૂપ જ છે. એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— જે જે પદાર્થો ચેતનારહિત છે તે તે અજીવ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :— સર્વ જીવોના વિવિધ સાંસારિક પરિણમનભાવોમાં, કારણભૂત છે. તે અજીવ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— જે પોતાના પરિણમન ભાવનું કર્ત્તા–ભોક્તા અને જ્ઞાતા નથી. તે અજીવ છે.

## (૩) પુણ્ય-તત્ત્વ

૧ વક્ર દૃષ્ટિ :—દુઃખમાં દુઃખબુદ્ધિ ન થવા દે, તે પુણ્યતત્ત્વ છે.-એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ :—મનોવાંછિત વિષયભોગોની પ્રાપ્તિને પુણ્ય એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :—સ્ત્રી, ધન, પુત્રાદિકનો યોગ તે પુણ્ય છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ :—જે પાપના કાર્યોથી, અટકાવે છે, તે પુણ્ય છે. એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :—સુકૃત-કાર્યો, કરવાનું, જે આત્મ-સામર્થ્ય તે પુણ્ય તત્વ છે એમ માને છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :—સુખ-શાન્તિ, અને સમાધિમાં જે કારણ છે તે પુણ્ય તત્વ છે.

## (૪) પાપ તત્વ

૧ વક્રદૃષ્ટિ :— વિષય સુખના સાધનોનો ત્યાગ કરવો, તે પાપ છે. એમ માને છે

૨ એકાન્ત દૃષ્ટિ :— વિષય સુખનો જે અભાવ તે પાપ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— સાંસારિક કાર્યોમાં ધર્મ-અધર્મની વિચારણા કરવી, તે પાપ છે એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— અઢાર-પાપસ્થાનની કરણી, કરવી તે પાપ છે એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :— ઇન્દ્રિયોને, મનોવાંછિત વિષય સુખમાં જોડવી, તે પાપ છે. એમ માને છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— મોહ કરવો, તે પાપ છે. એમ માને છે.

## (૫) આશ્રવ-તત્ત્વ.

૧ વક્ર દષ્ટિ :—શુદ્ધ,-યમ, -નિયમાદિની, પ્રવૃત્તિ, તે, દુઃખનો આશ્રવ છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—દયા, દાન, અને દેવ-ગુર્વાદિકની પૂજાદિની-કરણી, તે, આશ્રવરૂપજ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :—મન વચન અને કાયાની તમામ પ્રવૃત્તિ, નિવૃત્તિરૂપ પરિણામોમાં આશ્રવ જ છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :—અયથાર્થ બુદ્ધિ (મિથ્થાત્વ) તે આશ્રવ છે.

૫ અનેકાન્ત દષ્ટિ :—અવિરતિભાવ (સંસારનો રાગ) તે આશ્રવ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :—રાગ-દ્વેષનો પરિણામ (મોહનો ઉદય) તે આશ્રવ છે.

## (૬) સંવર તત્ત્વ

૧ વક્રદૃષ્ટિ :— સ્વ. પર ઉપરકારક પ્રવૃત્તિને રોકવી તે સંવર છે. એમ માને છે

૨ એકાન્તદૃષ્ટિ :— આહાર-વિહારાદિ અને આરંભ પરિગ્રહ'ના ત્યાગમાં જ સંવર છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— ભોગેચ્છાઓની તૃપ્તિમાં સંવર છે. એમ માને છે

૪ અવક્રદૃષ્ટિ :— હિતાહિતનો, યથાર્થ વિવેક કરવાથી સંવર થાય છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :— કષાયોનો ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ કરવાથી સંવર થાય છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :—શુભાશુભ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ યોગ પરિણામમાં ઉદાસીન ભાવ ધારણ કરવાથી સંવર-ભાવ પ્રાપ્ત થાય છે.

## (૭) નિર્જરા તત્વ.

૧ વક્રદષ્ટિ :— આત્મા શુદ્ધ બુધ અને નિરંજન નિરાકાર હોવાથી તેને કર્મનો બંધ જ નથી. માટે નિર્જરા તત્વજ નથી. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— બાંધેલા કર્મો જીવને ભોગવવા જ પડે છે માટે નિર્જરા તત્ત્વજ નથી. એમ માને છે

૩ વિસંવાદિ દષ્ટિ :— સર્વે ભાવો ઈશ્વરેચ્છા મુજબ પ્રવર્તે છે. માટે નિર્જરા તત્વ પણ ઈશ્વરને જ આધીન છે. એમ માને છે

૪ અવક્રદષ્ટિ :— સુખ દુઃખના પ્રસંગમાં રાગ કે દ્વેષ નહિ કરવા રૂપ સમવૃત્તિ ધારણ કરવાથી નિર્જરા થાય છે.

૫ અનેકાન્ત દષ્ટિ :—બાર પ્રકારના તપ વડે આશ્રવ-ભાવનો ત્યાગ કરવાથી નિર્જરા થાય છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :— સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રાદિ આત્મગુણોમાં રમણતા કરવાથી નિર્જરા થાય છે.

## (૮) બંધ-તત્ત્વ

૧ વક્રદષ્ટિ :—આત્મા તે પરમાત્મા છે. માટે તેને કર્મનો બંધ થતો જ નથી. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—અરૂપી એવા આત્માને, રૂપી એવા કર્મનું બંધન હોય જ નહિ. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :—સંસારના સમસ્તભાવો પરમેશ્વરની લીલા છે. માટે આત્માને કર્મબંધ હોય જ નહિ. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :— સંસારમાં અનેક જીવો પોતાની ઈચ્છા અને ક્રિયાની વિરૂદ્ધ પણ જે સુખ-દુઃખાદિ ભોગવે છે. તે તેણે પૂર્વે બાંધેલા કર્મનું જ ફલ છે.

૫ અનેકાન્ત દષ્ટિ :—આત્માના કેવળજ્ઞાન, કેવળદર્શન. અવ્યાબાધસુખ, ક્ષયિકસમ્યક્ત્વ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું, અગુરુલઘુ અને અનંતબળ રૂપી આઠ ગુણોનો આવારક, આઠ પ્રકારનો કર્મબંધ જ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ-જ્યાં સુધી આત્મા સર્વ કર્મના બંધનથી મુકત નથી થયો. ત્યાં સુધી આત્માને પરાધીન-સંસારિપણું છે. તે, બંધ તત્વને આભારી છે,

## (૯) મોક્ષ (શાશ્વતશુદ્ધ) તત્વ.

૧ વક્રદષ્ટિ :— સંસારમાંના જડ—ચેતન સર્વે પદાર્થો, નિરંતર નાશવંત જ છે. માટે શાશ્વત કંઇ જ નથી એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— આત્મા પરમેશ્વરને આધીન છે. માટે તેને મોક્ષ હોય જ નહિ. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિ :— પરમેશ્વર પણ જન્મ ધારણ કરે છે. માટે શાશ્વત કશું છે જ નહિ. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :— રાગ-દ્વેષ અને અજ્ઞાનનો સર્વથા ક્ષય કરી, આત્માની પોતાના અનંતજ્ઞાનાદિ ગુણોમાં પરિ- ણમવાની અબાધિત અક્ષય સ્થિતિ તે મોક્ષ છે.

૫ અનેકાન્ત દષ્ટિ :— જન્મ, મરણાદિના દુઃખોથી રહિત આત્માની સહજ શાશ્વત સ્થિતિ તે મોક્ષ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :— સર્વ કર્મના ક્ષયથી આત્માની પોતાના સહજ અનંત ગુણોમાં પરિણમવાની જે શાશ્વત્ સ્થિતિ, તે મોક્ષ છે.

# નવપદ

## (૧) શ્રી અરિહંત પદ

૧ વક્રદૃષ્ટિઃ—જે ભકતજીવોના શત્રુઓનો સંહાર કરીને, તેને મનોવાંછિત સુખ આપે છે, તે શ્રી અરિહંત પરમાત્મા છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ— જે સર્વ શકિત્તમાન છે. અને સર્વ જીવોને સુખ–દુઃખનો દાતા છે તે શ્રી અરિહંત પરમાત્મા છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—જે આ જગતની સર્વ લીલાનો કર્તા અને ભોકતા છે. તે શ્રી અરિહંત પરમાત્મા છે. એમ માને છે

૪ અવક્રદૃષ્ટિઃ—જે આત્માનું સમગ્રજીવન, પ્રશસ્ત અને પાંચ કલ્યાણકમય હોય છે. તે શ્રી અરિહંતપરમાત્મા છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—જે આત્માઓ પોતાનું અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અને અનંત વીર્ય પ્રગટ કરીને ચોત્રીસ.અતિશય અને પાંત્રીસ પ્રકારના ગુણવાળી વાણીથી ભવ્યજીવોને મોક્ષ માર્ગનો પ્રતિબોધ કરે છે. તેઓ શ્રી અરિહંત પરમાત્મા છે

૬. અવિસંવાદિ દૃષ્ટિઃ—જે સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પરમાત્માઓ, પોતાની બાહ્ય અને અભ્યંતર શકિતવડે, અનેક ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં જોડવારૂપ, શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. તેઓ શ્રી અરિહંત પરમાત્માઓ છે.

## (૨) સિધ્ધ પદ

૧ વક્રદૃષ્ટિ :— જે આત્માએ અનેક પ્રકારની પૌદ્ગલિક ઋદ્ધિ-સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. તેઓ શ્રી સિધ્ધ. પરમાત્મા છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ :—જેના જીવનની, ભક્ત જીવો ભક્તિ વડે સંભાળ રાખે છે. તેઓ શ્રી સિધ્ધ પરમાત્મા છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :—જેને સુખ-દુઃખ બંને સમાન જ છે. તેઓ શ્રી સિધ્ધ પરમાત્મા છે. એમ માને છે

૪ અવક્રદૃષ્ટિઃ—જે આત્માઓ સાંસારિક બંધનોથી સર્વથા મુક્ત થયા છે. તેઓ સર્વે શ્રી સિદ્ધ-પરમાત્માઓ છે

૫ અનેકાન્ત દૃષ્ટિ :—જે આત્માઓએ પોતાના ગુણ-ઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરીને, પોતાનું અનંત-જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત-વીર્યાદી સ્વરૂપ પ્રગટ કર્યું છે. તેઓ સર્વ સિદ્ધ-પરમાત્માઓ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— જેઓ ક્ષાયીક ભાવે પરિણમે છે, અને પરભાવના પરિણમનથી સદા સર્વથા મુક્ત છે, તેઓ સૌ સિદ્ધ પરમાત્મા છે.

## (૩) શ્રી આચાર્યપદ.

૧ વક્રદષ્ટિઃ—જે અનેક લોકોને આજ્ઞા ફરમાવે છે, તે, આચાર્ય છે એમ માને છે

૨ એકાન્ત દષ્ટિઃ—જેની આજ્ઞાને અનેક લોકો અનુસરે છે, તે, આચાર્ય છે, એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—જે સૌને પોતાપોતાની ઇચ્છાનુસાર આજ્ઞા આપે છે, તે, આચાર્ય છે, એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—જેઓશ્રી શ્રમણ પ્રધાન ચતુર્વિધશ્રી સંઘને આધારરૂપ છે તેઓશ્રી આચાર્ય છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—જેઓ આત્માની શુદ્ધાશુદ્ધ દશાનું યથાર્થ–સ્વરૂપ સમજાવે છે. તેઓશ્રી આચાર્ય છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—જેઓશ્રી સર્વજ્ઞ ભગવંતો એ ભાંખેલા અર્થની આચારણા આપે છે. તેઓશ્રી આચાર્ય છે.

## (૪) ઉપાધ્યાય પદ.

૧ વક્રદષ્ટિ :— જેઓ છાપાં (પેપરો) અને પુસ્તકાદિનો સંગ્રહ અને સંરક્ષણ કરે છે તેઓ શ્રી ઉપાધ્યાય છે એમ માને છે

૨ એકાન્ત દષ્ટિ :— જેઓ પેપરો અને પુસ્તકોના વ્યવસાયવાળા છે. તેઓ શ્રી ઉપાધ્યાય છે એમ માને છે

૩ વિસંવાદિ દષ્ટિ :— જેઓ કૌતુકો અને કટાક્ષો–સહિત વિવિધ સમાચારો જણાવે છે. તેઓ શ્રી ઉપાધ્યાય છે એમ માને છે.

૪ અવક્રદષ્ટિ :— જેઓ જ્ઞાન, જ્ઞાની, અને જ્ઞાનના સાધનોનો વિનય, વૈયાવચ્ચાદિ કરવા પૂર્વક વિનિયોગ કરવા વાળા છે. તેઓ શ્રી ઉપાધ્યાય છે.

૫ અનેકાન્ત દષ્ટિ :— જેઓ અવિસંવાદિ અને નિશંક-જ્ઞાનવાન છે અને વિશીષ્ટ સાધુત્વના ગુણોને ધારણ કરી અનેકજીવોને આત્માહિતનો માર્ગ બતાવે છે. તેઓ શ્રી ઉપાધ્યાય છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :— જેઓ પાંચ મહાવ્રતાદિ પાળવા પળાવવા–પૂર્વક અનેક જીવો ને સૂત્ર સિદ્ધાંતનું નિરંતર દાન આપે છે. તેઓ શ્રી ઉપાધ્યાય છે.

## (૫) સાધુપદ

૧ વક્રદષ્ટિઃ—જેઓ ધન, સત્તા, અને વિષય ભોગોની સાધના કરે છે તેઓ સૌ સાધુઓ છે એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—જેઓ આ જગતમાં માન મોટાઈ પામે છે તેઓ સૌ સાધુઓ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—જેઓ આ લોકના સુખનો ત્યાગ કરીને પરલોકના સુખની સાધના કરી રહ્યા છે તેઓ સૌ સાધુઓછે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—જેઓ સંસારના નવવિધ–પરિગ્રહનો ત્યાગ કરી આત્માની સહજ સંપત્તિ મેળવવાની સાધના કરેછે. તેઓ સૌ સાધુઓ છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—જેઓ સંસારના સમસ્તભાવોમાં વિરતિ ભાવ ધારણ કરી પરમાત્માના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરે છે. તેઓ સૌ સાધુઓ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ–મોક્ષ–પુરૂષાર્થરૂપ, દશવિધયતિધર્મનું આચરણ કરનારા સર્વ સાધુ ભગવંતો છે.

## (૬) દર્શનપદ

૧ વક્રદૃષ્ટિ :— શરીરને–સુંદર, શક્તિવાન્, તેમજ રોગ-રહિત કરવાની દૃષ્ટિને દર્શન માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :— જગત્‌ના સમસ્તભાવો ઈશ્વરાધીન છે, માટે ઈશ્વરમાં જ સર્વ–શ્રદ્ધા કરવી. તે જે દર્શન-શુધ્ધિ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— સ્વજન અને સત્તા- સંપત્તિનું સંરક્ષણ કરવાની જે સમજણ સશક્તિ તેને દર્શન-શુદ્ધિ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— દેવમાં દેવબુદ્ધિ, ગુરૂમાં ગુરૂબુદ્ધિ, અને શુદ્ધ-ધર્મમાંજ ધર્મબુદ્ધિ ઉપજાવે તે, દર્શન ગુણ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :— પર પરિણુતિનો ત્યાગ કરી, સ્વ પરિણુતિમાં રમણ કરવાની રૂચિ, તે દર્શન ગુણ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપમાં યથાર્થ વિવેકકારી દૃષ્ટિ, તે દર્શન ગુણ છે.

## (૭) જ્ઞાનપદ

૧ વક્રદષ્ટિઃ—જ્ઞાનથી જ રાગ–દ્વેષ ઉત્પન્ન થાય છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતો સમસ્ત વિષય-બોધ તે, જ્ઞાનજ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ—જગતના તમામ પદાર્થોને શુભાશુભપણે જણાવે, તે જ્ઞાન છે, એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—હિતકારી અને અહિતકારી ભાવોનો સ્પષ્ટાવબોધ તે જ્ઞાન ગુણ છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—પ્રત્યેક પદાર્થના અનંત ધર્મોનો અવિરુદ્ધ બોધ તે જ્ઞાન ગુણ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—સર્વ દ્રવ્યોના સ્વ–પર–ગુણ–પર્યાયનો અવિકળ બોધ તે જ્ઞાન ગુણ છે.

## (૮) ચારિત્રપદ.

૧ વક્રદષ્ટિ :— ઈંદ્રિય સુખના સાધનોને મેળવવાની મન, વચન, અને કાયાની પ્રવૃત્તિ, તે ચારિત્ર છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— અન્ય જીવોના વિષય સુખના, કાર ભૂત, આરંભ પરિગ્રહાદિકની પ્રવૃત્તિ તે ચારિત્ર છે. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :— આ લોક તથા પરલોકમાં અધિકતર વિષય-સુખ મેળવવાની લાલસાએ અનેક પ્રકારના કષ્ટો સહન કરવા તે ચારિત્ર છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :— ષટજીવનિકાયને વિષે જયણા-યુકત, પ્રવૃત્તિ તે ચારિત્ર છે.

૫ અનેકાન્ત દષ્ટિ :— પરભાવનો ત્યાગ કરીને, આત્માના શુદ્ધજ્ઞાનાદિ ગુણોમાં રમણતા કરવી તે ચારિત્ર છે.

૬ અવિસંવાદી દષ્ટિ :— આત્માના સહજ શુદ્ધ ગુણોમાં સ્થિર થવું. તે ચારિત્ર છે,

## (૯) તપપદ

૧ વક્રદૃષ્ટિઃ— વિષય-ભોગ ભોગવવાની, અશક્તિને, તપ માને છે

૨ એકાન્ત દૃષ્ટિઃ—વિવિધ વિષય-ભોગનો અભાવ તે તપ છે. એમ માને છે

૩ વિસંવાદિ દૃષ્ટઃ—વિષય ભોગમાં અજ્ઞાનતા તે તપ છે એમ માનેછે

૪ અવક્ર દૃષ્ટિઃ--વિષય ભોગની ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ— કષાય પરિણુતિનો ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ કરવો, તે તપ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—સર્વ પરાભાવ પરિણુમનનો ત્યાગ કરવો તે તપ છે

# ત્રણ પ્રકારના આત્મભાવો

## (૧) બહિરાત્મ-ભાવ

૧ વક્રદષ્ટિ :— કોઈને આત્મા દેખાતો નથી, તેમ જણાતો પણ નથી. માટે આત્મા છે જ નહીં એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— સર્વે આત્માઓ શુદ્ધ અને નિરંજન નિરાકાર જ છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :— સર્વે જીવાત્માઓ એક જ પરમાત્માના અંશો જ છે એમ માને છે.

૪ બહિરાત્મ-ભાવે અવક્રદષ્ટિ :— પાંચભૂતથી ઉત્પન્ન થયેલું, પ્રત્યક્ષ દેખાતું, આ શરીર, તે જ આત્મા છે. એમ માને છે.

૫ બહિરાત્મ-ભાવે અનેકાન્ત દષ્ટિ :— સર્વ આત્માઓનો નિરંતર જુદા જુદા રૂપમાં ઉત્પત્તિ અને નાશ થયા જ કરે છે એમ માને છે.

૬ બહિરાત્મ-ભાવે અવિસંવાદિ દષ્ટિ :— આ જગતમાં આત્મા-પરમાત્મા જેવું કશું છે જ નહી. એમ માને છે.

## (૨) અંતરાત્મ-ભાવ

૧ વક્રદૃષ્ટિઃ—ઇચ્છિત સુખો મેળવવા જેઓ આરંભાદિમાં આસક્ત રહે છે. તેઓ અંતરાત્મા છે એમ માને છે.

૨ એકાંત દૃષ્ટિ-- જેઓ ઘર-બારનો ત્યાગ કરી યથેચ્છ મનોવાંછિત આહાર-વિહાર કરનારા છે તેઓ અંતરાત્માઓ છે, એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :- આત્માની વાતો કરનાર સૌ અંતરાત્માઓ છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—સાંસારિક સમસ્ત ભાવોને દુઃખના કારણરૂપ જાણીને તેમાં ઉદાસીન વૃત્તિ ધારણ કરનારાઓ અંતરાત્મા છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—સાંસારિક ભાવોના કારણભૂત નવવિધ પરિગ્રહ છોડીને જેમણે સાવદ્ય-યોગોનો પરિહાર કરેલો છે. તેઓ અંતારાત્માઓ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—વિષય કષાયથી વિરામ-પામી, આત્મગુણમાં રમણતા કરનારા અંતરાત્માઓ છે.

## (૩) પરમાત્મ-ભાવ

૧ વક્રદૃષ્ટિ :— આ જગતમાં પરમાત્મા છે જ નહિ સૌ પોત-પોતાની ઇચ્છા મુજબ જ પ્રવર્તે છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:—જે સર્વ પ્રાણીઓને સુખ-દુઃખ આપે છે તે પરમાત્મા છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ:— જગતની સમસ્ત લીલા-તેજ પરમાત્માનું સ્વરૂપ છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ;— જે આત્માનું કોઈ અશુભ કરી શકતું નથી અને જે પોતે કોઇનું-અશુભ કરતો નથી. તે પરમાત્મા છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ:—જેણે પોતાના રાગ, દ્વેષ અને અજ્ઞાનનો સર્વથા ક્ષય કરીને, ઉત્પાદ-વ્યય.અને ધ્રુવાત્મક સ્વરૂપે સંપૂર્ણ જગતને જાણ્યું છે તે પરમાત્મા છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ:—જે આત્માઓને પોતાના અનંત જ્ઞાનાદિ ગુણોનું પરિણમન ક્ષાયિક-ભાવે સ્વાધીન છે તેઓ સૌ પરમાત્મા છે.

# દેવાદિ તત્વ ત્રયી

## (૧) દેવ--તત્વ.

૧ વક્રદષ્ટિઃ—જે આપણા દુઃખ દારિદ્રને દુર કરી આપે તે દેવ. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ— જે સર્વજગતનો સર્જક અને સર્વ શક્તિમાન છે. તે દેવ છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—સર્વજીવોને મનોવાંછિત સુખ આપવા જે સમર્થ છે. તે દેવ છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—જે અન્યાય, અનીતિ, અને અધર્મથી ઊગારે છે તે દેવ છે, એમ માને છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—જે અનંત જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણયુક્ત અને આઠ પ્રાતિહાર્યાદિની શોભા સહિત પૂર્ણધર્મમય છે. તે દેવ છે એમ માને છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—જે જન્મ, જરા, મરણાદિ દુઃખોથી, સદા સર્વથા મુક્ત. અને સચ્ચિદાનંદપૂર્ણ સ્વરૂપ છે. તે દેવ છે એમ માને છે

## (૨) ગુરુતત્ત્વ

૧ વક્રદષ્ટિઃ—પોતાને અનુકુળ માર્ગ અને ધર્મ બતાવે તે ગુરુ એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ–પૌદ્ગલિક સુખ સંપત્તિ અને આરોગ્ય મળે તેવો માર્ગ બતાવે તે ગુરુ એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—શરીર-અને ઇન્દ્રિયોને સુખકારી માર્ગ બતાવે તે ગુરુ એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—આ લોક પરલોકની વિષમ વિપત્તિઓથી બચવાનો માર્ગ બતાવે તે ગુરુ એમ માને છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિરૂપ દોષોથી છોડાવી, જ્ઞાન,–દર્શન,–ચારિત્રાદિથી પુષ્ટ કરે તે ગુરુ એમ માને છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—શુદ્ધ આત્મ સ્વરૂપના સાધ્ય–સાધન–દાવમાં જોડે તે, ગુરુ એમ માને છે.

## (૩) ધર્મતત્ત્વ

૧ વક્રુદષ્ટિ:—કામ ભોગાદિથી આત્માને સંતોષ આપવો તે ધર્મ છે એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ:–આ જીવનના ઉત્કર્ષ માટે અનેક પ્રકારને આરંભ પરિગ્રહ કરવો તે ધર્મ છે એમ માને છે.

૩ વિંસંવાદિ દષ્ટિ:—જે કાર્યો કરવાથી જગત–પોતાનો પૂજા સત્કાર કરે, તે, ધર્મ છે, એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ:— સત્તર–પ્રકારે, સંયમ-પાળવો, તે, ધર્મ છે.

૫ અનેકાન્ત દષ્ટિ:—આત્માને કર્મના બંધનમાંથી છોડાવવો. તે ધર્મ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ:— આત્માના સહજ જ્ઞાન, દર્શન ચારિત્રાદિ ગુણોનો અભેદ પરિણામ, તે ધર્મ છે.

# દશવિધ યતિ ધર્મ

## (૧) ક્ષમા ધર્મ

૧ વક્ર દષ્ટિઃ—ક્રોધને પ્રગટ ન કરવો, તે ક્ષમાધર્મ છે. એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિઃ—સામસામી-પ્રગટ લડાઇ ન કરવી તે ક્ષમાધર્મ છે, એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—ક્રોધ ઉપર ક્રોધ કરવો તે ક્ષમા ધર્મ છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ:—સર્વજીવો ઉપર અદ્વેષ બુદ્ધિ તે ક્ષમા ધર્મ છે

૫ અનેકાન્ત દષ્ટિઃ—ક્રોધાદિ પાપથી વિરમવું, તે ક્ષમા ધર્મ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ-અપકારી ઉપર પણ ઉપકાર કરવાની વૃત્તિ, તે ક્ષમા ધર્મ છે.

## (૨) માર્દવ-ધર્મ (માનવ-ત્યાગ)

૧ વક્ર દૃષ્ટિઃ—સત્કાર; સમારંભોના આમંત્રણોનો સ્વીકાર કરવો, તે, માર્દવ ધર્મ છે, એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ-પ્રતિ-ઉત્તર નહિ આપવો તે માર્દવ-ધર્મ છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ--પોતાની લઘુતા દર્શાવવી તે માર્દવ ધર્મ છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—અહંકાર વૃત્તિનો ત્યાગ કરવો તે માર્દવ ધર્મ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—ગુણ ગ્રાહક વૃત્તિ, તે માર્દવ ધર્મ છે

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—ગુણાધિકનો વિનય બહુમાન કરવું તે માર્દવ ધર્મ છે.

## (૩) આર્જવ ધર્મ (માયા-ત્યાગ)

૧ વક્ર દષ્ટિઃ—લોક પ્રવાહને અનુસરવુ, તે, આર્જવ ધર્મ છે એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—વિષય કષાયની વૃત્તિને પોષવી, તે, આર્જવ ધર્મ છે, એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—પોતાની ઉપકારકતાનો ઊપદેશ કરવો; તે આર્જવઃ-ધર્મ છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—સાર-અસારનો વિવેક કરવો, તે, આર્જવ ધર્મ છે. એમ માને છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—સત્યનો પક્ષ કરવો, તે, આર્જવ ધર્મ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ— સ્વ-પરનો ભેદ કરવો. તે, આર્જવ ધર્મ છે.

## (૪) મુક્તિધર્મ (નિર્લોભતા ધર્મ)

૧ વક્રદૃષ્ટિ ;— પોતાના પોષણની જવાબદારી અન્યને શીરે નાખવી. તે મુક્તિધર્મ (નિર્લોભતા), એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ ;— સંસારના વ્યવહારની જવાબદારીથી અળગા રહેવુ, તે, મુકિતધર્મ છે, એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :— ભાવિના વિચાર શુન્ય (યથેચ્છ-ઉડાઉ) વર્તન કરવું, તે, મુકિત ધર્મ છે. એમ માને છે.

૪ અવક્રદષ્ટિ ;—અન્યાય અને અનીતિથી–અળગા રહેવું, તે, નિર્લોભતા છે.

૫ અનેકાન્ત દષ્ટિ ;— વિષય વિરાગતા, તે, નિર્લોભતા છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :— રાગ–દ્વેષનો ત્યાગ કરવો, તે નિર્લોભતા ધર્મ છે.

## (૫) તપધર્મ

૧ વક્રદષ્ટિ :— સંસારમાં અનેક પ્રકારનાં કષ્ટો સહન કરવાં તે તપ ધર્મજ છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— સ્વજન, પરિવારના જવાબદારીના સંબંધથી અળગા રહેવું, તે, તપ ધર્મ છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :—અન્યજીવોને વિષય સુખની, સગવડતા આપવારૂપ, સેવા કરવી, તે, તપ ધર્મ છે. એમ માને છે.

૪ અવક્રદષ્ટિ:—આહારાદિ દશ સંજ્ઞાઓને છોડવાની-પ્રવૃત્તિ-પરિણામ તે તપ ધર્મ છે.

૫ અનેકાન્તદષ્ટિ :— બાહ્ય અને અભ્યંતર, બાર પ્રકારના તપગુણમાં આત્માને જોડવો, તે તપ ધર્મ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :—પર-પરિણતિનો-ત્યાગ કરવો તે, તપ ધર્મ છે.

## (૬) સંયમધર્મ.

૧ વક્રદષ્ટિઃ—ધન ધાન્યાદિનો સંગ્રહ કરવો. તે સંયમ ધર્મ છે. એમ માને છે

૨ એકાન્ત દષ્ટિઃ—કામ-ભોગનો અભાવ તે સંયમ ધર્મ છે એમ માને છે

૩ વિસંવાદિ દષ્ટિઃ—ઇંદ્રિય-વિષયોના અયોગમાં સંયમ ધર્મ છે એમ માને છે

૪ અવક્ર દષ્ટિઃ—સંયમના સત્તર ભેદે કરી, આત્માને સંવરભાવમાં જોડવો તે સંયમ ધર્મ છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—સમિતિ-ગુપ્તિનું આચરણ, તે સંયમ ધર્મ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—આત્માને સ્વ-ગુણમાં સ્થિર કરવો, તે સંયમ ધર્મ છે

## (૭) સત્યધર્મ

૧ વક્ર દૃષ્ટિઃ—જેને ઘણા લોકો માન્ય કરે છે, તે સત્ય ધર્મ છે, એમ માને છે.

૨ ઐકાન્ત દૃષ્ટિઃ—જેથી આલોક પરલોકમાં અનેક પ્રકારના સુખો મળે છે, તે સત્ય ધર્મ છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—જેથી જગતમાં યશ-કીર્તિ વધે છે, તે સત્ય-ધર્મ છે, એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—આપ્ત-પુરૂષની-આજ્ઞાનું પાલન કરવું, તે સત્ય ધર્મ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—પરભાવનો ત્યાગ કરવો, તે સત્ય ધર્મ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—આત્માના શુદ્ધ જ્ઞાનાદિ ગુણોમાં રમણતા કરવી, તે સત્ય ધર્મ છે.

## (૮) શૌચ ધર્મ

૧ વક્ર દૃષ્ટિ:—સત્તા અને સંપત્તિના યોગમાંજ શૌચ ધર્મ રહેલો છે, એમ માને છે

૨ એકાન્ત દૃષ્ટિ:— જલ સંસ્કાર કરવાથીજ શૌચ ધર્મ પ્રાપ્ત થાય છે, એમ માને છે

૩ વિસંવાદિ દૃષ્ટિ:-- ઇંદ્રિયોને આનંદ આપવો તે શૌચ ધર્મ છે. એમ માને છે

૪ અવક્ર દૃષ્ટિ:-- પરોપકાર કરવો તે શૌચ ધર્મ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ:--પાપનું પ્રાયશ્ચિત કરવું તે શૌચ ધર્મ છે

૬ અવિસંવાદિ દૃષ્ટિ:--કર્મ મલીનતાથી આત્માને મુકત કરવો તે શૌચ ધર્મ છે.

## (૯) આકિંચન ધર્મ.

૧ વક્ર દષ્ટિઃ—સંયોગ-સંબંધોને કર્મપરિણામજ માનીને તેમાં આસકત રહીને, પોતાને આકિંચન ધર્મમય જ છે માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:— સંયોગ રહિતપણું તેજ આકિંચન ધર્મ છે, એમ માને છે

૩ વિસંવાદિ દષ્ટિ—આત્મા કોઈ પણ પર વસ્તુને ગ્રહણ કરતો જ નથી માટે આકિંચન ધર્મમય જ છે. એમ માને છે

૪ અવક્ર દષ્ટિ— ધન ધાન્યાદિ, નવવિધ પરિગ્રહનો ત્યાગ કરવો, તે આકિંચન ધર્મ છે

૫ અનેકાન્ત દષ્ટિ—પરવસ્તુ ઉપરના મમત્વનો ત્યાગ કરવો તે આકિંચન ધર્મ છે

૬ અવિસંવાદિ દષ્ટિ:—પરદ્રવ્યના સંબંધોનો ત્યાગ કરવો તે આકિંચન ધર્મ છે.

## (૧૦) બ્રહ્મચર્ય ધર્મ

૧ વક્ર દષ્ટિઃ--કામ-ભોગાદિની ચર્યા તે, બ્રહ્મચર્ય છે, એમ માને છે

૨ એકાન્ત દષ્ટિઃ--ભોગોપભોગોથી સર્વે જીવો પર છે, માટે બ્રહ્મચર્ય ધર્મમય જ છે એમ માને છે

૩ વિસંવાદિ દષ્ટિઃ—સર્વે આત્મભાવો પરમેશ્વરની લીલા જ છે માટે બ્રહ્મચર્ય રૂપ જ છે એમ માને છે

૪ અવક્ર દષ્ટિ--નવવિધબ્રહ્મગુપ્તિનું પાલન કરવું તે બ્રહ્મચર્ય છે

૫ અનેકાન્ત દષ્ટિ-- પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ-વિષયોથી ઉત્પન્ન થતા બસ્સો ને બાવન વિકારો રોકવા તે બ્રહ્મચર્ય ધર્મ છે

૬ અવિસંવાદિ દષ્ટિઃ-આત્માના, પોતાના શુદ્ધ જ્ઞાનાદિ ગુણોમાં રમતા કરવી, તે બ્રહ્મચર્ય ધર્મ છે

# અઢાર પાપસ્થાનક

## (૧) પ્રાણાતિપાત

૧ વક્ર દષ્ટિ:—આત્મા પાંચભૂતથી ઉત્પન્ન થઇ પાંચભૂતોમાંજ વિલય પામતો હોવાથી પ્રાણાતિપાત થતો જ નથી એમ માને છે

૨ એકાન્ત દષ્ટિઃ—આત્મા અમર છે માટે તેને પ્રાણાતિપાત હોય જ નહિ. એમ માને છે

૩ વિસંવાદિ દષ્ટિઃ—જન્મ મરણાદિ સર્વે ભાવો ઈશ્વરેચ્છાધીન છે, માટે પ્રાણાતિપાત રૂપ પાપ કોઈને લાગતુંજ નથી એમ માને છે

૪ અવક્ર દષ્ટિ:—કોઇ પણ સંસારિજીવના જીવનના આધારભૂત પાંચ ઇન્દ્રિયો—મન—વચન અને કાયબળ, તેમજ શ્વાસોશ્વાસ, અને આયુષ્યરૂપ દસ-પ્રાણોનો જે અભિહયાદિ દશ ભેદે યથાસંભવ ઘાત ઉપઘાત કરવો. તે પ્રાણાતિપાત છે

૫ અનેકાન્ત દષ્ટિ:—મન વચન અને કાયાની સાવદ્ય પ્રવૃત્તિ તે પ્રાણાતિપાત છે

૬ અવિસંવાદિ દષ્ટિ:—(૧) અજ્ઞાન (૨) સંશય (૩) વિપર્યાસ સ્મૃતિભ્રંશ. (૫) યોગદુઃપ્રણિધાન (૬) ધર્મનો અનાદર (૭) રાગ અને (૮) દ્વેષ, આ આઠ પ્રકારનું પ્રમાદાચરણ પ્રાણાતિપાત રૂપ છે

## (૨) મૃષાવાદ.

૧ વક્ર દૃષ્ટિ :— ઐહિક, સ્વાર્થસાધક-વચન, તે, મૃષાવાદ નથી એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિઃ—પરને પ્રિયજ-વચન બોલવું, તે મૃષાવાદ નથી, એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :—પોતાની અક્કલ પ્રમાણે બોલવું તે મૃષાવાદ નથી, એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— અકાળે, અસ્થાને, અનુચિત. વચન-બોલવું તે મૃષાવાદ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—પ્રિય-પથ્ય અને તથ્ય-સહિત,-વચન બોલવું, તે મૃષાવાદ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— સ્વ-પરના હિત વિરુદ્ધ વચન બોલવું, તે મૃષાવાદ છે.

## (૩) અદત્તાદાન

૧ વક્રદષ્ટિઃ—લાંચ આપીને, કે ભય પમાડીને કોઈ વસ્તુનું હાથોહથ ગ્રહણ કરવું તે ચોરી નથી. એમ માને છે

૧ એકાન્ત દૃષ્ટિઃ—કોઈની પડી ગયેલી, કે વિસરી ગયેલી વસ્તુ પોતાની કરી લેવી તે ચોરી નથી. એમ માને છે

૩ વિસંવાદિ દૃષ્ટિઃ— કોઈએ થાપણુ તરીકે મુકેલી; કે ઉછીની આપેલી વસ્તુ. તેને પાછી ન આપવી તેમાં ચોરી નથી. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—ન્યાય, નીતિથી વિરૂદ્ધ કોઈ પણ વસ્તુનું ગ્રહણ તે ચોરી છે, એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—દેવ ગુર્વાદિકની આજ્ઞાવિરૂદ્ધ કોઈ પણ વસ્તુનું ગ્રહણ, કરવું તે ચોરી છે, એમ માને છે.

૬ અવિસંવાદ દૃષ્ટિઃ—પર વસ્તુને ગ્રહણ કરવાનો પરિણામ. તે ચોરી છે

## (૪) મૈથુન

૧ વક્રદૃષ્ટિ :— ઇન્દ્રિયોના ભોગથી આત્મામાં પ્રસન્નતા વધે છે માટે તેને અબ્રહ્મત્વ-દોષ, કહેવાય જ નહિ એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :— શરીરના સંબંધોથી, આત્માને મૈથુન દોષ લાગતો જ નથી, એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— સર્વે ભાવો એક બ્રહ્મની જ માયા છે. માટે કોઈને અબ્રહ્મ-દોષ લાગતો જ નથી, એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :—કામ ભોગની વૃત્તિના જોરે, અન્ય દ્રવ્યનો સંભોગ- કરવો, તે મથુન દોષ છે.

૫ અનેકાન્તદૃષ્ટિ :— અન્ય દ્રવ્યના સંયોગમાં, આસક્ત રહેવું, તે અબ્રહ્મત્વ દોષ છે.

૬ અવિસંવાદિદૃષ્ટિ — પર-ભોગની વાંચ્છા કરવી તે અબ્રહ્મત્વ-દોષ છે.

## (૫) પરિગ્રહ

૧ વક્રદૃષ્ટિ:—અન્ય-અધિકસંપત્તિ વાળા થકી. પોતાની પાસે ઓછુ જ હોવાથી પોતાને અપરિગ્રહી જ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :— સંપત્તિના સંગ્રહને, પુણ્યોદય-માની તેમાં પરિગ્રહનું પાપ લાગતું નથી એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :—સંપત્તિનો સંગ્રહ, ઉપકારક જ થાય છે, માટે પરિગ્રહ કરવો તે પાપ નથી એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :—ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ, અને ચતુષ્પદ એ નવવિધ સંપત્તિઓ ઉપરનો સ્વામિત્વભાવ તે પરિગ્રહ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :— પોતાની જરૂરીયાત કરતાં અધિક વસ્તુઓનો સંગ્રહ કરવો તે પરિગ્રહ-છે.

૬ અવિસંવાદિદૃષ્ટિ :- પર દ્રવ્ય ઉપર મમત્વ (મૂર્છા) નો પરિણામ તે પરિગ્રહ .

## (૬) ક્રોધ.

૧ વક્ર દૃષ્ટિઃ—અપરાધીને હણવો. તે ક્રોધ નથી, પરંતુ કર્ત્તવ્ય છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—ક્રોધ કરવાથી ક્રોધી શાન્ત થાય છે. એમ માને છે

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—વિરૂધ્ધતાનો વિરોધ કરવા માટે ક્રોધ કરવો જરૂરી છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—આવેશમાં આવી જવું તે ક્રોધ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—વિવેકથી ભ્રષ્ટ થવું તે ક્રોધ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—અપ્રશાન્ત વાહિતા, તે ક્રોધ છે.

## (૭) માન

૧ વક્ર દૃષ્ટિઃ—પોતે અન્યની સેવાનો અધિકારી જ છે, એમ માને છે

૨ એકાન્ત દૃષ્ટિ:—અવગુણીની અવગણના કરવાનો પોતાને અધિકાર છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ:—પોતાનું સમગ્રજીવન અન્યને ઉપકારકજ છે, એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—ઉત્તમ–ગુણી આત્માઓનો અવિનય કરવો, તે માન કષાય–દોષ છે, એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—જાતિ, કુળ. બળ, રૂપ, ઐશ્વર્ય, જ્ઞાન તપ અને રિદ્ધિની વિશેષતાનો, મદ કરવો, તે માન છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—પોતાના આત્માને ગુણાધિક માનવો તે માન કષાય–દોષ છે. એમ માને છે.

## (૮) માયા

૧ વક્રદષ્ટિ :— જગતનું સમસ્ત સ્વરૂપ. તે ઇશ્વરની માયા જાળ જ છે એમ માને છે.

૨ એકાન્તદષ્ટિ :— સંસાર–સુખની સાધનાને માયા–કપટ કહેવાય જ નહિ એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ–સમસ્ત જગત્ ક્ષણ–ક્ષયી હોવાથી કોઈ કોઇની સાથે માયા કરતું જ નથી, એમ માને છે.

૪ અવક્રદષ્ટિ–સચ્ચિદાનંદિ–પરમેશ્વરને જગત્‌ના સર્વ ભાવોનો કર્તા કહેવો, અને સંસારિ આત્માને સંસારિક ભાવોનો અકર્તા અને અભોકતા કહેવો તે માયા વચન જ છે.

૫ અનેકાન્ત દષ્ટિ :— વિષય સુખને સુખકારી જણાવવા તે માયા પરિણામ જ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :—વિભાવમાં, સ્વભાવ બુદ્ધિ, તે મોહ–માયા જ છે.

## (૯) લોભ

૧ વક્રદષ્ટિ :—સ્વજન, કુટુંબાદિના વિવિધ સુખો માટે ચિંતા-કરવી. તે લોભ નથી એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—સાંસારિક સુખ સામગ્રીઓનું, સંરક્ષણ અને સંવર્ધન કરવું તે લોભ નથી એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :—જરૂરી વિષય-સુખની, સામગ્રીઓનો ત્યાગ ન કરવો તેમાં લોભ નથી એમ માને છે.

૪ અવક્રદષ્ટિ :—આલોક-પરલોકના વિષયસુખો મેળવવાનો ઉદ્યમ, કરવો તે લોભ છે.

૫ અનેકાન્ત દષ્ટિ :—પૌદ્ગલિક સુખની ઈચ્છા, તે લોભ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :—પરદ્રવ્યના યોગમાં ઈષ્ટ-બુદ્ધિ, તે લોભ છે

## (૧૦) રાગ

૧ વક્રદૃષ્ટિ :—પરમેશ્વરને પણ પ્રેમથી જ વશ કરી શકાય છે. માટે પ્રેમ કરવો તે પાપ નથી એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ :—સંસારનો રાગ એજ જીવનનો આધાર છે માટે રાગ કરવો તે પાપ નથી એમ માને છે.

૩ વિસંવાદિદૃષ્ટિ:—જગતમાં અનેક પ્રકારની ઋદ્ધિઓ અને સિદ્ધિઓ રાગથી જ મેળવી શકાય છે. માટે રાગ કરવો તે પાપ નથી એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :–વિષયાભિલાષા રૂપ રાગ, તે પાપબંધુહેતુ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :— પર ઉપર મમત્વ કરવા રૂપ રાગ, તે, પાપ બંધ હેતુ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :–સ્વાત્મઆત્મપ્રશંસાનો રાગ તે પાપ બંધ હેતુ છે.

## (૧૧) દ્વેષ.

૧ વક્ર દષ્ટિઃ—દુશ્મનનો નાશ કરવાની યોજનામાં દ્વેષભાવ નથી એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—પોતાના વિષય સુખમાં વિઘ્નભૂતને વૈરી સમજવો તે દ્વેષ નથી. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ--પરલોકની સાધનાનો અનાદર કરવો, તે દ્વેષ ભાવ નથી. એમ માને છે

૪ અવક્ર દષ્ટિ-પરને સુખી દેખી દુઃખી થવું, અને દુઃખી દેખીને સુખી થવું, તે દ્વેષભાવ છે.

૫ અનેકાંત દષ્ટિઃ--અન્યને તુચ્છ અને લઘુ સમજવા તે દ્વેષ-ભાવ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—દેવ, ગુરૂ અને ધર્મ તત્વનો અવર્ણવાદ બોલવો; તે દ્વેષભાવ છે.

## (૧૨) કલહ

૧ વક્ર દૃષ્ટિઃ—દોષારોપણ કરવાથી સામો ચૂપ થાય છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ :—આક્ષેપો કરનારની સામે, પ્રતિઆક્ષેપો કરવાથી કલહ શાન્ત થાય છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—વિરોધીને, મહત્ત્વ આપવાથી કલહ ઉત્પન્ન થાય છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ–સત્યને છુપાવવાથી કલહ થાય છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—અસત્યનું દબાણ કરવાથી કલહ થાય છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ--પરને, પોતાનું કરવાના પ્રપંચથી કલહ થાય છે.

## (૧૩) અભ્યાખ્યાન

૧ વક્રદષ્ટિઃ—સાંસારિક ફળની ઈચ્છા વગર કોઈ ધર્મ કરતું જ નથી. એમ કહેવું તે અભ્યાખ્યાન નથી. એમ માને છે

૨ એકાન્ત દષ્ટિઃ–સ્વ–પર ઉપકારક પ્રવૃત્તિ કરનાર સંયમીઓને ત્યાગી નથી જ એમ કહેવું, તે અભ્યાખ્યાન નથી. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—જે ભક્તિ કરનારનું ભલું કરતો નથી તે ભગવાન જ નથી, એમ કહેવું, તે અભ્યાખ્યાન નથી. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—સત્યને નહિ જાણવા છતાં, અન્ય ઉપર અસત્યનું દોષારોપણ કરવું તે અભ્યાખ્યાન છે

૫ અનેકાન્ત દષ્ટિ ઃ—દાનાદિ ચાર પ્રકારે, ધર્મ કરણી કરનારને દંભી કહેવો તે અભ્યાખ્યાન છે

૬ અવિસંવાદિ દષ્ટિઃ—શ્રી વીતરાગ પરમાત્માને, અન્યજીવના સુખ–દુઃખના કર્તા કહેવા તે અભ્યાખ્યાન છે.

## (૧૪) પૈશુન્ય

૧ વક્ર દૃષ્ટિ :–દોષવાનના દોષોને પ્રગટ કરવા તે કાંઈ ચાડી કહેવાય નહિ એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :– સ્વજન મિત્રાદિકના ગુપ્ત રહસ્યો પ્રગટ કરવા, તે પૈશુન્ય–નહિ. પરંતુ સેવા છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :– એક–બીજાના ગુપ્ત દોષો એક બીજાને કહેવા તે પૈશુન્ય–ચાડી નથી એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ :–અન્યની રહસ્યવાતને પ્રગટ કરવી તે ચાડી પૈશુન્ય છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :– એક બીજાના મૈત્રી ભાવના–વર્તનને હિનાધિકભાવથી કહેવું તે પૈશુન્ય છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :– સામાની ગેરહાજરીમાં જ તેના ઉપર દોષારોપણ કરવું, તે પૈશુન્ય ચાડી છે.

## (૧૫) રતિ-અરતિ.

૧ વક્ર દૃષ્ટિ :—સુખ-દુઃખની સાથે પ્રીતિ-અપ્રીતિ તો સ્વાભાવિક જ થાય છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:—સર્વજીવોનું-જીવન, પ્રીતિ-અપ્રીતિમય જ, હોય છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :—સ્વ-શુભાશુભતામાં પ્રીતિ-અપ્રીતિ ધરવી તે કર્તવ્ય છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ—શુભનો યોગ સર્વથા સુખકારી અને અશુભનો યોગ સર્વથા દુઃખકારી હોતો નથી.

૫ અનેકાન્ત દૃષ્ટિ:—કર્મોદયે પ્રાપ્ત શુભાશુભતાના યોગથી સુખ-દુઃખના સંવેદનમાં જ્ઞાની આત્માઓને, રતિ-અરતિરૂપ મોહ હોતો નથી.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :-સ્વભાવ પરિણમન જ્ઞાનમાં રતિ-અરતિ હોય નહિં.

## (૧૬) પર-પરિવાદ.

૧ વક્રદષ્ટિ :-વિરોધીને દોષવાન્ જાહેર કરવો તે નિંદા નથી. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ – અન્યને તેના દોષો વડે, દોષિત કહેવો તે નિંદા નથી એમ માને છે.

૩ વિસંવાદિદષ્ટિ :-સર્વ જીવો દોષવાન્ જ છે. માટે કોઈની નિંદા થતી જ નથી એમ માને છે.

૪ અવક્રદષ્ટિ :-અન્યના દોષોને જ મુખ્યપણે કહેવા તે પર-પરિવાદ નિંદા જ છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—અન્ય એકમાં ગુણોનો આરોપ કરીને બીજા અન્યમાં દોષોનોજ આરોપ કરવો-તે નિંદા છે.

૬ અવિસંવાદિ દષ્ટિ —અધિક ગુણવાનની સામે પોતાનો ઉત્કર્ષ પ્રકાશવો. તે પર-પરિવાદ નિંદા છે.

## (૧૭) માયા મૃષાવાદ.

૧ વક્ર દૃષ્ટિ:–ઐહિક સ્વાર્થ–સાધક–વચનની પ્રશંસાકરવી અને તે વાતને ટેકો–આપવો તે માયા મૃષાવાદ નથી, એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ—પોતાના અજ્ઞાન દોષથી કોઇ વાતને સત્ય સ્વરૂપે કહેવી તે માયા મૃષાવાદ નથી, એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—ઈન્દ્રિયોના વિષય–સુખને વિકસાવતું –વિજ્ઞાન તે માય મૃષાવાદ નથી. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—સ્વ–પરને અનર્થકારી પ્રવચનો અને પ્રકાશનો તે, માયા મૃષાવાદ જ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—દેવ, ગુરુ અને ધર્મ–તત્વને નિરર્થક કહેવા તે માયા મૃષાવાદ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—જીવ–અજીવ–હોય છે. આશ્રવ બંધ હોય છે. તેમજ સંવર–નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે. તેથી વિપરીતપણે જે કંઈપણ બોલવું તે તે માયા–મૃષા વાદ છે.

## (૧૮) મિથ્યાત્વશલ્ય.

૨ વક્રદૃષ્ટિ :—પુણ્યથી પ્રાપ્ત થયેલા સુખ–વૈભવોનો ત્યાગ કરવો. તે મિથ્યાત્વ છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—સંસારિક સુખની સાધનામાં સાર–અસારનો વિચાર કરવો, તે જ મિથ્યાત્વ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—આત્મા–પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવો, તે જ મિથ્યાત્વ છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—કામ, ભોગાદિકમાં આસક્તિ તે મિથ્યાત્વ શલ્યને આભારી. છે. એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—જયણા વિનાનું, જીવન તે મિથ્યાત્વ શલ્યને આભારી છે. એમ માને છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :—શુદ્ધ આત્મ સ્વરૂપની. સાધનાના લક્ષ વિનાનું જીવન તે મિથ્યાત્વ શલ્યને આભારી છે.

# મતિયુગલ

## (૧) સમ્યગ્ મતિ.

૧ વક્ર દૃષ્ટિ:—હું જ સાચો છું. એમ માને છે

૨ એકાન્ત દૃષ્ટિ:—મારી સઘળીએ પ્રવૃત્તિ સત્ય જ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ:—જગત્‌ના સમસ્ત ભાવો સત્યાસત્ય જ છે, એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ:—સુગુરૂની આમ્નાયવાળા, શુદ્ધ-સાધ્ય સાધન દાવમાં શ્રદ્ધા કરવી તે સમ્યક્-મતિ, છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ:—જે સ્વ-પર વિષયક સત્યાસત્યનો સાપેક્ષ બોધ તે, સમ્યક્-મતિ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ:—જે હિતનો આદર કરે છે. અને અહિતનો પરિહાર કરે છે. તે. સમ્યક્ મતિ છે.

## (૨) મિથ્યા-મતિ

૧ વક્ર દૃષ્ટિઃ—અન્યને હિતોપદેશ આપનારા સર્વે મિથ્યા મતિ વાળા છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ-અન્યના વચનને અનુસારે ચાલનારા સૌ મિથ્યામતિવાળા છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— પ્રાપ્ત વિષય સુખોને છોડીને, અપ્રાપ્તસુખને, મેળવવા જનારા સૌ મિથ્યામતિ વાળા છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—જે અસત્યનો પક્ષ કરનારા છે. તેઓ સૌ મિથ્યામતિ વાળા છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—જે સત્યનો દ્રેષ કરનારા છે. તેઓ સૌ મિથ્યામતિવાળા છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—જે હિતનો અનાદર કરનારા છે. તેઓ સૌ મિથ્યામતિવાળા છે.

# સમ્યક્ત્વનાં લક્ષણો

## (૧) શમ.

૧ વક્ર દૃષ્ટિ:—કામ ભોગવવાથી શમત્વ પ્રગટ થાય છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:—નિષ્કામ નિષ્ક્રિયત્વમાં શમત્વ હોય છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ—સુખ-દુ:ખને સમગણવામાં શમત્વ છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ—પરનું મમત્વ છોડવાથી, શમત્વ પ્રગટે છે. એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ—ષડ્ આવશ્યકોમાં કૃત-કૃત્યતા ધારણ કરવાથી શમત્વ પ્રગટે છે. એમ માને છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ:—શુદ્ધ સ્વ-સ્વરૂપમાં પરિણમન કરતાં શમત્વ પ્રગટે છે. એમ માને છે.

## (૨) સંવેગ

૧ વક્ર દૃષ્ટિઃ –જે પોતાની કાયાનું બલિદાન આપે છે. તે સંવેગ વાળો છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—જે વ્યવહારથી સાધનથી વેગળો રહે છે. તે સંવેગવાળો છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—જે શુદ્ધાશુદ્ધત્વને નહિ જાણનાર ભલો-ભોળો છે. તે સંવેગવાળો છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—જે પાપ ભીરૂ છે. તે સંવેગવાળો છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—જે ઔદયિક ભાવોમાં સદા ઉદાસીન વૃત્તિવાળો છે તે સંવેગી છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—જે પરમ શુદ્ધ સાધ્ય-સાધન દાવરૂપે નવપદની આરાધના કરે છે તે સંવેગ વાળો છે.

## (૩) નિર્વેદ

૧ વક્ર દષ્ટિ—જેઓ અનારંભી છે તેઓ સૌ નિર્વેદી છે, એમ માને છે

૨ એકાન્ત દષ્ટિઃ—જેઓ જંગલમાં વસે છે. તેઓ સૌ નિર્વેદી છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—જેઓ વિષય ભોગોને ભોગવતા નથી તેઓ સૌ નિર્વેદી છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :—જેઓ સમસ્ત પ્રકારના આરંભ અને નવવિધ પરિગ્રહના ત્યાગી છે તેઓ સૌ નિર્વેદી છે.

૫ અનેકાન્ત દષ્ટિ—જેઓ વિષય-કષાયોનો નિગ્રહ કરે છે. તેઓ નિર્વેદી છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—જેઓ છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ કરે છે. તેઓ નિર્વેદી છે.

## (૪) અનુકંપા

૧ વક્રદષ્ટિ :–અન્યજીવોને વિષય ભોગાદિની વ્યવસ્થા કરી આપવામાં અનુકંપા માને છે.

૨ એકાન્તદષ્ટિ :–અન્ય જીવોના રોગાદિ દુઃખોને નિવારવાના વ્યવસાયને અનુકંપા કહે છે.

૩ વિસંવાદિદષ્ટિ :– સર્વને ભોગ–વિલાસની સમાનતા કરી આપવી તે અનુકંપા છે એમ માને છે.

૪, અવક્રદષ્ટિ :–દુઃખીના દુઃખ નિવારક ઉપાયો યોજવા, તે અનુકંપા છે.

૫ અનેકાન્તદષ્ટિઃ–દુઃખના કારણરૂપ–કષાય દોષોથી દૂર રહેવું તે અનુકંપા છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :–સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે અનુકંપા છે.

## (૫) આસ્તિકય.

૧ વક્રદૃષ્ટિઃ— શરીરના સુખદુઃખે જ આત્માને સુખદુઃખ થાય છે. માટે શરીરને જ આત્મા માનવો જોઈએ એમ માને છે.

૨ એકાંતદૃષ્ટિઃ— આત્મા નિરંજન, નિરાકાર છે. માટે આત્મા કોઈ ભાવનો કર્તા ભોકતા છે જ નહિ. એમ માનવું તે આસ્તિકયતા છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ— આત્માદિ સર્વ જગત્ નાશવંત (ક્ષણક્ષયી) હોવાથી માયા (અસત્) સ્વરૂપજ છે. એમ માનવું તે આસ્તિકયતા છે. એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— આત્માને ષટ્સ્થાનમાં શ્રદ્ધા થવી, તે આસ્તિકય લક્ષણ છે.

૫ અનેકાન્તદૃષ્ટિઃ —ષટ્કાયજીવોની રક્ષાનો પરિણામ, તે, આસ્તિકય લક્ષણ છે

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ— ષટ્ દ્રવ્યના ગુણ–પર્યાયમાં નિઃશંકતા તે આસ્તિકય લક્ષણ છે.

# ષટ્-શ્રદ્ધા-સ્થાનો

## (૧) જીવ છે

૧ વક્ર દષ્ટિઃ—જીવ દેખાતો જ નથી, માટે તેને શુદ્ધ-અશુદ્ધ, નિત્ય કે અનિત્ય કહેવો, તે સર્વે વાતો મિથ્યા જ છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—સમસ્ત જગત એક જ પરમાત્માનું જ સ્વરૂપ છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—સર્વે જીવો પોત પોતાની ઈચ્છા મુજબ જ સુખ દુઃખ ભોગવી રહ્યા છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—જે પોતાના કર્મનો કર્તા ભોક્તા અને જ્ઞાતા છે. તે જીવ છે.

૫ અનેકાન્ત દષ્ટિ;—જે પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોમાં પરિણામ પામે છે તે જીવ છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—જે પોતાના સહજ અક્ષય, અનંત જ્ઞાનાદિ ગુણોમાં સ્વતંત્રભાવે પરિણામ પામે છે તે જીવ છે.

## (૨) જીવ નિત્ય છે.

૧ વક્રદૃષ્ટિ :– દરેક જીવો પાંચ ભૂતમાંથી ઉત્પન્ન થઈને પાંચ ભૂતમાંજ નાશ પામે છે–માટે જીવ નાશવંત છે. એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :–દરેક જીવો પોતાના કર્માનુસારે ચોરાશી-લાખ જીવયોનિમાં જન્મ મરણ કર્યા જ કરે છે. માટે સર્વે જીવો નાશવંત જ છે. એમ માને છે,

૩ વિસંવાદિ દૃષ્ટિ :–દરેક જીવ પરમાત્માની લીલા (માયા) માત્ર જ છે એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :–દરેક જીવને પોતાના ભૂત. ભાવિ. અને વર્તમાન પરિણામનું કર્તૃત્વ, ભોક્તૃત્વ અને જ્ઞાતૃત્વ પ્રગટ જ છે. માટે જીવ નિત્ય છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :–જીવ કોઈ કાળે ઉત્પન્ન થયેલો નથી, તેમ જ કોઈ કાળે તેનો સર્વથા નાશ પણ થતો જ નથી માટે નિત્ય છે.

૬ અવિસંવાદિદૃષ્ટિ :–દરેક જીવમાં પોતાના ત્રિકાલિક સર્વ-ભાવ પરિણમનની સત્તા સદા–નિત્ય જ છે.

## (૩) જીવ કર્મનો કર્તા છે.

૧ વક્રદષ્ટિઃ—જીવ તો ક્ષણક્ષયી છે, માટે જીવ કશું કરતો જ નથી એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—જીવ તો શુદ્ધ નિરંજન નિરાકાર હોવાથી, કોઈ પણ કર્મ કરતો જ નથી. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—પરમાત્માના અંશરૂપ સર્વે જીવોના સર્વ પરિણામનો કર્તા ઈશ્વર જ છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—પરસંયોગે, પરભાવમાં, આશક્ત થવા, વડે જીવ, અનેક પ્રકારનાં, કર્મનો, કર્તા બને છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—જીવ, અનાદિ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગરૂપ, વિવિધ હેતુઓ વડે અનેક પ્રકારના, કર્મોનો બંધ કરે છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—દરેક જીવ પોતાના કોઈપણ સ્વરૂપ વિશેષનો પોતેજ કર્તા છે.

## (૪) કર્મનો ભોક્તા છે.

૧ વક્રદષ્ટિઃ— પંચભૂતમાંથી ઉત્પન્ન થતા જીવને પૂર્વકર્મનું ભોક્તાપણું હોય જ નહિ. એમ માને છે.

૨ એકાન્તદષ્ટિઃ— અનેક ભવો ભમ્યો છતાં જીવ તેવોને તેવોજ છે. માટે જીવને કર્મનું ભોક્તાપણું જ નથી. એમ માને છે.

૩ વિસંવાદિદષ્ટિઃ— જીવના વિવિધ પરિણામો, ઈશ્વરની લીલા હોવાથી તેનો ભોક્તા પણ ઈશ્વર જ છે. એમ માને છે.

૪ અવક્રદષ્ટિઃ— દરેકજીવ પોતાના કર્મોદય પ્રમાણેજ શરીર-ધન-સ્ત્રી, સંપત્તિ આદિનો સંયોગ-વિયોગ પામીને સુખદુઃખ ભોગવે છે.

૫ અનેકાન્તદષ્ટિઃ— પૂર્વે બાંધેલા કર્મોદયને અનુસારેજ દરેક જીવને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, અને ભવની વિચિત્રતા પ્રાપ્ત થાય છે.

૬ અવિસંવાદિદષ્ટિઃ—દરેક જીવને પોતાના કર્તૃત્વ પરિણામનું ભોક્તાપણું હોય જ છે.

## (૫) જીવને મોક્ષ છે.

૧ વક્રદષ્ટિ :–ઈષ્ટ–વિષય ભોગમાં જીવ સર્વ દુઃખ ભૂલી જાય છે, તેજ, તેનો મોક્ષ છે, એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—સર્વ સંયોગોને, ઈશ્વરેચ્છા સમજી ચિત્ત-શૂન્ય બનવું તેજ જીવનું મોક્ષ સ્વરૂપ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિ :—સુખદુઃખ પરસ્પર સાપેક્ષ જ છે. માટે સુખ–દુઃખમય આ સંસાર તેજ મોક્ષ સ્વરૂપ છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ :—પરભાવના મમત્વથી મુકાયેલા જીવને શુધ્ધ સામાયિક–ભાવમાં મોક્ષ સુખ હોય છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—આત્માના સહજ શુધ્ધજ્ઞાનાદિ ગુણના આવારક, ચાર ઘાતી કર્મોનો ક્ષય કરવાથી, આત્મા મોક્ષ ભાવ પામે છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—જન્મ મરણ રહિત પણે આત્માનું પોતાના સહજ અનંત ગુણોમાં, શુદ્ધ–ક્ષાયિકભાવે, સાદિ અનંત ભાંગે પરિણમવું. તે મોક્ષ છે.

## (૬) મોક્ષનો-ઉપાય છે.

૧ વક્રદૃષ્ટિઃ—ઈષ્ટ પદાર્થોના સંયોગનો, અને અનિષ્ટ પદાર્થોના વિયોગનો ઉદ્યમ તેજ મોક્ષનો ઉપાય છે. એમ જાણે છે.

૨ એકાન્તદૃષ્ટિઃ—મનની પ્રસન્નતા અને શરીરનું આરોગ્ય તે જ મોક્ષનો ઉપાય છે. એમ માને છે.

૩ વિસંવાદિદૃષ્ટિઃ—અન્યને ઐહિક સુખ માટે સહાયતારૂપ પરોપકાર કરવાથી જ મોક્ષ મળે છે, એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિઃ— મન, વચન, અને કાયાના સાવદ્યયોગોનો પરિહાર કરીને, જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપ ગુણનું આરાધન કરવું તે મોક્ષનો ઉપાય છે.

૫ અનેકાન્તદૃષ્ટિઃ—મોહનીયકર્મનો (૨૮ પ્રકૃતિઓ) સર્વથા ક્ષય કરવાની દૃષ્ટિ, તે મોક્ષનો ઉપાય છે

૬ અવિસંવાદિદૃષ્ટિઃ— સર્વ કર્મના બંધનથી, આત્માને મુકત કરવાનો, આત્મ-પુરૂષાર્થ, તે મોક્ષનો ઉપાય છે.

# છ આવશ્યક

## (૧) સામાયિક

૧ વક્ર દષ્ટિ—દરેક આત્માની સર્વ કરણી પોતાના સુખ માટેની જ હોય છે. માટે દરેક જીવની સર્વ કરણી તે સામાયિક જ છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—અસાતા ટાળવાનો, અને સાતા મેળવવાનો સર્વ પ્રકારને ઉદ્યમ સામાયિક છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—સ્વમાં રાગ કરવાથી અને પરમાં દ્વેષ ધરવાથી સામાયિક થાય છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ— સાંસારિક સમસ્ત ભાવોમાં જે અસારતાનો પરિણામ તે સામાયિક છે,

૫ અનેકાન્ત દષ્ટિઃ—શુદ્ધાશુદ્ધ ભાવોમા સ્વ–પર વિષયક હિતાહિતનો વિવેક. તે સામાયિક છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—શુદ્ધ નિર્વિકારીઆત્મસ્વરૂપમાં, રમણુતા કરવી તે સામાયિક છે.

# ચતુર્વિંશતિ-સ્તવ.

## (૧) પરમાત્મા સંસ્તવ

૧ વક્રદૃષ્ટિ :-સંસારિક સર્વે કાર્યો ઈશ્વરની પ્રેરણા સમજીને કરવા, એજ; પરમાત્માની સાચી ભક્તિ છે, એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :-ભગવાનને પ્રસન્ન કરવા, યજ્ઞ-યાગાદિ કરવા, તેજ, પરમાત્મા-સંસ્તવ છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :-જગતના સર્વે કાર્યો ભગવાનજ કરે છે, એવી શ્રધ્ધા કરવી તે પરમાત્મા-સંસ્તવ છે. એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :-આત્મશુધ્ધિ માટે મોહત્યાગ વડે પરમાત્માની દ્રવ્ય-ભાવ પૂજા કરવી તે, પરમાત્મા-સંસ્તવ છે એમ માને છે.

૫ અનેકાંતદૃષ્ટિ :-પરમાત્માએ પ્રકાશેલા હેયોપાદેયભાવોમાં યથાર્થરૂપે ત્યાગ અને આદર કરવો, તે પરમાત્મા-સંસ્તવ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ:-પોતાના આત્માનો પરમાત્મભાવ પ્રગટ કરવારૂપ સઘળોએ ઉદ્યમ, તે પરમાત્મા સંસ્તવ છે.

## (૩) વંદન-ગુરૂવંદન-આવશ્યક

૧ વક્રદૃષ્ટિ :— પરનો પોતા-પ્રતિ, પ્રેમ અને રાગ ઊત્પન્ન · કરાવવા વંદન આવશ્યક જરૂરી છે, એમ માને છે.

૨ એકાન્તદૃષ્ટિ :— ભૌકિતક સ્વાર્થસાધક વંદન વહેવાર તેજ વંદનાવશ્યક છે એમ માને છે.

૩ વિસંવાદિદૃષ્ટિ :— અપકાર કે ઉપકારિતાના સંબંધથી જે વંદનાદિ કરાય તે સર્વે વંદનાવશ્યક છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ :—વિનયગુણનું-લિંગ, વંદનઆવશ્યક જાણવું.

૫ અનેકાન્ત દૃષ્ટિ :—ગુણી જનોમાં ગુણની શ્રદ્ધાને પ્રગટ કરનારૂં વર્તન, તે વંદનઆવશ્યક છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :—ગુણ ગ્રહણવિધિ, તે વંદનઆવશ્યક જાણવું.

## (૪) પ્રતિક્રમણ–આવશ્યક

૧ વક્રદષ્ટિ :— ભય અને શોકાદિના આક્રંદને, તે, પ્રતિ-
ક્રમણ છે એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— દુઃખના વિપાકથી ભય પામીને, લઘુતા દર્શાવવી તે પ્રતિક્રમણ છે એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—પોતાના દોષોને છુપાવનાર આચારને આશ્રય કરવો. તે પ્રતિક્રમણ છે એમ માને છે.

૪ ચાવક્ર દષ્ટિઃ—અશુભયોગ પ્રવૃત્તિમાંથી આત્માને શુભયોગ પ્રવૃત્તિમાં જોડવો. તે પ્રતિક્રમણ છે.

૫ અનેકાન્ત દષ્ટિ;—વ્રતને વિશે લાગેલા અતિચારાદિ દોષોની ગુર્વાદિ સમીપે નિંદા ગર્હા કરવી તે પ્રતિક્રમણ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :— પાપાચારનું પ્રાયશ્ચિત્ત કરવું તે પ્રતિક્રમણ છે.

## (૫) કાયોત્સર્ગ-આવશ્યક

૧ વક્રદૃષ્ટિ :— કાયાને સ્થિર કરવી. તે કાઉસ્સગ્ગ છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:—હોઠ બંધ રાખીને મૌન પકડી રાખવું તે કાઉસ્સગ્ગ છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— ઇંદ્રિયો અને કાયાદિને શોષવા તે કાઉસ્સગ્ગ છે એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિ :— મન, વચન, અને કાયાની પરમાત્માના ધ્યાનમાં એકાગ્રતા તે કાઉસ્સગ્ગ છે.

૫ અનેકાંત દૃષ્ટિ :— મન, વચન અને કાયાથી સમિતિ-ગુપ્તિનું આચરણ કરવું તે કાઉસ્સગ્ગ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— શુદ્ધ આત્મગુણમાં સ્થિરતા કરવી તે કાઉસ્સગ્ગ છે.

## (૬) પચ્ચખ્ખાણ-આવશ્યક

૧ વક્રદષ્ટિ :— રાગ કે દ્વેષથી ભોગોનો ત્યાગ કરવો તે પચ્ચક્ખ્ખાણ છે, એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :— અધિકતર-વિષય સુખની પ્રાપ્તિ માટે કિંચિત્ સુખનો ત્યાગ કરવો તે પચ્ચખ્ખાણ છે એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિ:—પરલોકનાં સુખો મેળવવા આલોકના સમસ્ત સુખનો ત્યાગ કરવો તે પચ્ચખ્ખાણ છે એમ માને છે.

૪ અવક્રદષ્ટિ :— પરદ્રવ્યના વિષય ભોગનો ત્યાગ કરવો. તે પચ્ચખ્ખાણ આવશ્યક છે.

૫ અનેકાન્ત દષ્ટિ:—પાપનો પરિહાર કરવો તે પચ્ચખ્ખાણ આવશ્યક છે.

૬ અવિસંવાદિ દષ્ટિઃ—આત્મ શુદ્ધિના બાધક પ્રતિબંધોનો ત્યાગ કરવો તે પચ્ચખ્ખાણ આવશ્યક છે

# યોગ-સ્થાનો

## ૧. સ્થાનયોગ

૧ વક્રદૃષ્ટિ :— દરેક જીવની તમામ પ્રવૃત્તિ કોઈને કોઈક સ્થાન યોગવાળી જ હોય છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ :—કાયાથી પર્યાંકાસનાદિ વિવિધ આસનો કરવા તેજ સ્થાનયોગ છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિ :— દરેક આત્મા પોતાની કાયાના સ્થાનમાંજ હોય છે, એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ:—આત્માને સાવદ્ય પ્રવૃત્તિમાંથી નિવર્ત્તાવી ષડાવશ્યકની કરણીમાં જોડવો તે સ્થાન યોગ જાણવો.

૫ અનેકાન્તદૃષ્ટિ:— આત્માને શુદ્ધ યમ-નિયમાદિ વ્રતોમાં જોડવો તે સ્થાનયોગ છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ :— આત્માને, આત્માર્થમાં જોડવો તે સ્થાન યોગ છે.

## (૨) ઉર્ણ—યોગ (વર્ણોચ્ચાર)

૧ વક્ર દષ્ટિઃ— દરેક જીવો જે કંઈ બોલે છે, તે સર્વ ઉર્ણયોગ જ છે. એમ માને છે.

૨ એકાન્તદષ્ટિઃ—શ્રોતાને પોતામાં જ પ્રતિબંધિત કરનારૂં પ્રવચન, તે ઉર્ણયોગ છે. એમ માને છે.

૩ વિસંવાદિદષ્ટિઃ—સર્વ જીવોને સંસારિક સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવવો તે ઉર્ણ-યોગ છે. એમ માને છે.

૪ અવક્રદષ્ટિઃ—સ્વ-પર-આત્મ હિતકારક શુદ્ધ શબ્દોચ્ચારણ કરવું તે ઉર્ણયોગ છે.

૫ અનેકાન્તદષ્ટિઃ—સૂત્રસ્થિત શબ્દોનું યથાવસ્થિત, પ્રયોજન-સહિત ઉચ્ચારણ કરવું તે ઉર્ણયોગ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :—સાવદ્ય ભાવની નિવૃત્તિ-કારક વર્ણોચ્ચાર કરવો તે ઉર્ણ-યોગ છે.

## (૩) અર્થ યોગ,

૧ વક્ર દૃષ્ટિઃ—જે જે વસ્તુ જે જે સ્વરૂપે જણાય છે. તે સર્વ અર્થ યોગ જ એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ— પોતે જે સ્વરૂપે જે જાણે છે. તે તેમજ છે. એમ માનવું તે અર્થ યોગ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—દરેક પદાર્થ એકજ બ્રહ્મ શબ્દમય જ છે એમ માનવું, તે અર્થ-યોગ છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—શબ્દના અભિધેયનો નિશ્ચય કરાવે તે અર્થ-યોગ છે.

૫ અનેકાંત દૃષ્ટિઃ— શુદ્ધાશુદ્ધત્વનો-સ્પષ્ટાવબોધ, તે અર્થયોગ છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—વાચ્ય-અવાચ્ય ધર્મનું, અવિકળ આસ્વાદન તે, અર્થ-યોગ છે.

## (૪) આલંબનયોગ

૧ વક્ર દષ્ટિઃ—જીવ કોઇ પણ વસ્તુનું આલંબન લેતોજ નથી એમ માને છે.

૨ એકાંત દષ્ટિઃ--જીવ સર્વ-વ્યાપી પરમાત્મા સ્વરૂપીજ છે. માટે સર્વના આલંબન-યોગ વાળોજ છે એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ--કોઈપણ વસ્તુનો યોગ તે આલંબન-યોગજ છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—કોઈપણ વસ્તુનું નામ, સ્થાપના, દ્રવ્ય કે ભાવથી ગ્રહણ-કરવું તે આલંબન-યોગ છે.

૫ અનેકાંત દષ્ટિઃ—શુદ્ધ ભાવ નિક્ષેપાવાળાનું આલંબન જે આત્મહિતકારી જાણવું તે આલંબન યોગ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ :--પર દ્રવ્યની શુદ્ધતા વડે પોતાના આત્મ-સ્વરૂપની શુધ્ધિ કરવી તે આલંબન યોગ જાણવો.

## (૫) નિરાલંબન-યોગ.

૧ વક્ર દૃષ્ટિઃ—આ સમસ્ત જગત્ એક ઈશ્વરની માયા જ છે. માટે કોઈને કોઈનું આલંબન છે જ નહિ. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—જગતના સર્વે પદાર્થો પોત પોતાની મેળે પોતપોતાના સ્વભાવમાં જ પરિણામ પામે છે. માટે સર્વ જગત્ નિરાલંબન યોગવાળું જ છે. એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિઃ—દરેક પદાર્થ ક્ષણ-ક્ષયી હોવાથી નિરાલંબન જ છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—પોતાનો પરમાત્મભાવ-પ્રગટ કરવા માટે પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું તે નિરાલંબન યોગ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—ક્ષાયોપશમિક-રત્નત્રયી વડે જે સાધના કરવી તે નિરાલંબન યોગ જાણવો.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—પોતાના સહજ શુદ્ધ આત્મગુણોમાં પરિણમન કરવું. તે નિરાલંબન યોગ જાણવો.

# પાંચ સમવાયના કારણો

## (૧) કાળ

૧ વક્ર દૃષ્ટિઃ—જે વખતે જે ઇચ્છા થાય તેજ વખતે તે કામ કરવું જોઈએ. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—દરેકે દરેક કાર્યો શુભ કાળે જ કરવા જોઈએ. એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિઃ–શુભકાળે કરેલા કામનું અશુભ,અને અશુભ કાળે કરેલા કામનું શુભ ફળ પણ મળે છે. માટે કાળ પ્રમાણે ફળ મળતું નથી એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—શુભ ફળ મેળવવા માટે, શુભ કાળનું ગ્રહણ અવશ્ય કરવું જોઈએ,

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—દરેક દ્રવ્યના પ્રત્યેક સમયના પરિણમનનું સ્વકાળે અસ્તિપણું અને પર કાળે નાસ્તિપણું છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—જેને જેવું સ્વભાવ-પરિણમન-તેને તેવો કાળ જાણવો.

## (૨) સ્વભાવ.

૧ વક્ર દૃષ્ટિઃ— દરેક દ્રવ્ય સંયોગો પ્રમાણે જુદા જુદા ભાવમાં પરિણામ પામે છે. કોઇ દ્રવ્યને નિયત સ્વભાવ છે જ નહિ એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—દરેક દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં જ પરિણામ પામે છે એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિઃ— જગતના સમસ્તભાવો ઈશ્વરની માયા જ છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ— જેવું સ્વભાવનું પરિણમન. તેવું કાર્ય-(નિયતિ) પરિણમન જાણવું.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ— પ્રત્યેક દ્રવ્ય સ્વસ્વરૂપે શુદ્ધ છે, અને પરસ્વરૂપે અશુદ્ધ છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ— નિયતિ કારણ પ્રમાણે દરેક દ્રવ્યના સ્વભાવનું પરિણમન હોય છે.

## (૩) નિયતિ.

૧ વક્ર દૃષ્ટિઃ—જગત્‌માં કોઈ પણ નિયત કારણ કે નિયત કાર્ય છે જ નહિ. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—જે બનવાનું હોય છે. તે જ બને જાય છે. એમ માને છે,

૩ વિસંવાદી દૃષ્ટિઃ—અન્ય-અન્ય (વિભિન્ન) કારણુમાંથી અન્ય અન્ય વિભિન્ન કાર્યો થાય છે. માટે કશુંજ નિયત નથી એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—જે પ્રમાણે નિયતિ કારણુતા હોય છે. તે પ્રમાણે કર્મ-કાર્ય પરિણમન થાય છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—પ્રત્યેક દ્રવ્યનું પ્રત્યેક પરિણમન પર્વ-પર્યાયનું કાર્ય છે અને ઉત્તર પર્યાયનું કારણ છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—જે પ્રમાણે ભાવકર્મ પરિણામ થાય છે. તે પ્રમાણે નિયતિ થાય છે.

## (૪) પૂર્વકૃત

૧ વક્ર દષ્ટિઃ— દરેક જીવને પોતાની ઈચ્છા મુજબજ સુખદુઃખ હોય છે. કર્મ કે ભાગ્ય કોઈ વસ્તુ જ નથી એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—આત્માને કર્મ પરિણામ હોતો જ નથી. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ— દરેક આત્માને પોતપોતાની કરણી મુજબ ઈશ્વર જ ફળ આપે છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ— પ્રત્યેક આત્માનું પ્રત્યેક સાંસારિક પરિણમન કર્મોદયજન્ય છે. એમ માને છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ— આત્માને શુભયોગે શુભગતિ, અશુભયોગે અશુભગતિ, તેમજ અશુદ્ધ ઉપયોગે સંસાર વૃદ્ધિ, અને શુધ્ધ ઉપયોગે મોક્ષપ્રાપ્તિ થાય છે. એમ માને છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—સર્વ કર્મપરિણામ—આત્માના ક્ષાયોપશમાદિ—ભાવના કર્તૃત્વ સ્વભાવને આધીન છે.

## (૫) પુરૂષાર્થ.

૧ વક્ર દૃષ્ટિ:—આત્માને-અરૂપી, અક્રિય, અને અકર્તા જ છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:—આ જગતમાં જે જે સારા-ખોટાં કાર્યો થાય છે. તેનો કર્તા પરમાત્મા જ છે, એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિ:—સર્વે આત્માઓ એક જ પરમાત્માની આજ્ઞા મુજબજ પ્રવર્તે છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ:—સંસારમાં પરિભ્રમણ કરતો દરેક આત્મા કાળલબ્ધિ (ગુણ-વિશેષતા રૂપ)ના યોગે સર્વ કાર્યો કરે છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ:—આત્મા મિથ્યાત્વ, અવ્રત, કષાય. અને યોગ પરિણામ વડે કર્મબંધનો કર્તા ભોક્તા છે અને જ્ઞાન-દર્શન ચારિત્ર અને તપગુણમાં પરિણામ પામતો સ્વસ્વરૂપનો કર્તા ભોક્તા છે.

૬ અવિસંવાદી દૃષ્ટિ:—પરમશુદ્ધ-પરમાત્માના ક્ષાયિકભાવના અનંત કેવળ જ્ઞાનના ઉપયોગમાં, સર્વ દ્રવ્યોના, અનાદિ અનંત, સર્વ પર્યાયોનું, સંપૂર્ણ અને યથાર્થ સ્વરૂપ પ્રત્યેક સમયે જણાતુંજ રહે છે.

# ચાર પ્રકારનો પુરૂષાર્થ

## (૧) ધર્મપુરૂષાર્થ

૧ વક્ર દષ્ટિ:— વિષય સુખની સામગ્રીઓ મેળવી આપે. તે ધર્મપુરૂષાર્થ છે, એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ— સર્વ પ્રકારના ઈંદ્રિયાર્થ-વિષયોની મનોકામના પુરે તે ધર્મપુરૂષાર્થ છે, એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ— મનોવાંછિત વિષય-ભોગો- ભોગવવા તે ધર્મપુરૂષાર્થ છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ— મૈત્રાદિ-ભાવનાયુકત દાન, શીયળ અને તપ, આદિ અનુષ્ઠાનો તે ધર્મપુરૂષાર્થ છે.

૫ અનેકાંત દષ્ટિઃ—સ્વ-પર આત્મ હિતકારક, આત્મ-પરિણમન તે ધર્મપુરૂષાર્થ છે.

૬ અવિસંવાદિદષ્ઠિઃ—પોતાના જ્ઞાનાદિગુણધર્મમાં આત્માનું, જે, કર્તા-ભોક્તાપણું તે ધર્મપુરૂષાર્થ છે.

## (૨) અર્થ-પુરૂષાર્થ.

૧ વક્ર દષ્ટિ:—અન્યાય અને અનીતિથી પણ ધન તો મેળવવું જ જોઈએ. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ:—આત્મ-હિતનો વિચાર છોડી દઈને ધનજ મેળવવું જોઈએ એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિ:—સર્વ પ્રકારના સુખો ધનથી જ મળે છે. માટે ધન મેળવવા સતત-ઉદ્યમ-શીલ રહેવું જોઈએ એમ માને છે,

૪ અવક્ર દષ્ટિ:— સર્વ પ્રયોજનની સિદ્ધિના કારણરૂપ અર્થ પ્રાપ્તિ કરવાનો વ્યવસાય કરવો તે અર્થ-પુરૂષાર્થ છે.

૫ અનેકાન્ત દષ્ટિ:—શાસ્ત્રોકત વિધિ-નિષેધ પૂર્વક, ઉત્તમ જીવન જીવવા માટેના સાધનો મેળવવા તે. અર્થ પુરૂષાર્થ છે.

૬ અવિસંવાદિ દષ્ટિ:—શુધ્ધ દેવગુરૂ અને ધર્મનું આલંબન તે. અર્થ-પુરૂષાર્થ છે.

## (૩) કામ પુરૂષાર્થ

૧ વક્ર દષ્ટિઃ—પાંચે ઇન્દ્રિયોને મનોવાંછિત વિષય-ભોગોથી સંતોષવી જ-જોઇએ. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—જગત્‌ની સર્વ સામગ્રીઓ ભોગો-ભોગવવા માટે જ છે. એમ માને છે.

૩ વિસંવાદિ દષ્ટિઃ—સ્વ-પરના ભેદ વગર યથેચ્છ કામ ભોગો, ભોગવવા જોઈએ એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—પુણ્યમાં આસક્તિ ધરવી. તે કામ પુરૂષાર્થ છે.

૫ અનેકાન્તદષ્ટિઃ—દેવગુરૂ અને દાનાદિ ધર્મ ઉપર રાગ કરવો તે કામ પુરૂષાર્થ છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—જ્ઞાનાદિ પાંચ ક્ષાયોપશમિક સ્વગુણોના ભોક્તા બનવું તે કામ પુરૂષાર્થ છે.

## (૪) મોક્ષપુરૂષાર્થ.

૧ વક્ર દષ્ટિઃ—ભિક્ષાદિથી જીવનનો નિર્વાહ કરવો તે મોક્ષ-પુરૂષાર્થ છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ:— ધન-ધાન્યાદિ સંપત્તિનો ત્યાગ કરવો, તે મોક્ષ-પુરૂષાર્થ છે. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—મન, વચન, અને કાયાની શુભ પ્રવૃત્તિ તે મોક્ષ-પુરૂષાર્થ-છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—આત્માને, સમ્યક્ત્વ-સામાયિક,શ્રૂત સામાયિક દેશવિરતિ સામાયિક, અને સર્વવિરતિ સામાયિક, ભાવમાં સ્થાપવો તે મોક્ષ પુરૂષાર્થ છે.

૫ અનેકાન્ત દષ્ટિ:— મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરવા માટે ક્ષપક શ્રેણિ માંડવી તે મોક્ષ પુરૂષાર્થ છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ— આત્માને પોતાના સહજ અનંત ગુણોમાં અક્ષય અવ્યાબાધ સ્વરૂપે પરિણમાવવા સર્વ-કર્મના બંધનથી મુકત કરવો તે મોક્ષ-પુરૂષાર્થ છે.

# ચાર પ્રકારનાં ધ્યાન

## (૧) આર્ત્ત ધ્યાન.

૧ વક્ર દૃષ્ટિઃ—વ્રતનિયમાદિના બંધનથી આર્ત્ત ધ્યાન થાય છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—ગુણાધિકનો વિનય વૈયાવચ્ચ કરવાથી આર્ત-ધ્યાન થાય છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—દયા, દાનાદિના પરિણામ, તે આર્ત-ધ્યાન છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ;—ભોગો-પ્રતિ, રતિ-અરતિનો પરિણામ, તે આર્તધ્યાન છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—ઇષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ, અગ્રશોચ, અને રોગચિંતા, તે આર્ત-ધ્યાન છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ— આત્મ-પ્રશંસાની-આશંસા તે આર્ત-ધ્યાન છે.

## (૨) રૌદ્રધ્યાન

૧ વક્ર દષ્ટિઃ—હિંસા કર્યા વગર જીવી શકાતું જ નથી. માટે અહિંસાની વિચારણા કરવી તે રૌદ્ર ધ્યાન છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—દરેક જીવને ભોગો અનિવાર્ય જ છે. માટે ત્યાગની વિચારણા કરવી તે રૌદ્રધ્યાન છે. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—સર્વ જીવને સંસારના સુખો ઇષ્ટ જ છે. માટે મોક્ષની વિચારણા કરવી તે રૌદ્રધ્યાન છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—પાપાચારની પ્રવૃત્તિના પ્રમુખ બનવાના પરિણામ, તે, રૌદ્રધ્યાન છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—હિંસા, જુઠ, ચોરી, અને ધનાદિના પરિગ્રહમાં આસક્તિ તે રૌદ્રધ્યાન છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—વિષય-કષાયને વધારનારૂં-વાતાવરણ સર્જવાના પરિણામ તે રૌદ્રધ્યાન છે.

## (૩) ધર્મ ધ્યાન

૧ વક્ર દૃષ્ટિઃ—વિષય ભોગની ઉત્સુકતા ને પોષવાના પરિણામ તે ધર્મ ધ્યાન છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—આલોક-પરલોકના સુખની પ્રાપ્તિ માટે દેવ-ગુરૂનું શરણું સ્વીકારવું તે ધર્મ-ધ્યાન છે. એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિઃ—જીવનની જરૂરીયાતોને, પોષવાના પરિણામ, તે ધર્મ-ધ્યાન છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ—પરમાત્માએ પ્રકાશેલ, મોક્ષ માર્ગની શ્રધ્ધા કરવી, તે, ધર્મધ્યાન છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—આત્માને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવા કારકવાન બનાવવો, તે ધર્મ ધ્યાન છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—પોતાના આત્મ દ્રવ્યના ગુણ-પર્યાયમાં પરિણમન કરવું તે ધર્મ ધ્યાન છે.

## (૪) શુકલ ધ્યાન

૧ વક્ર દષ્ટિઃ—શત્રુ આત્માઓના સંહાર માટેની સંકલનાઓ કરવી તે શુકલ ધ્યાન છે, એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—વિષય સુખની સામાગ્રીઓનું, સંશોધન કરવું તે શુકલધ્યાન છે. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—લોકહિતના કાર્યોમાં સહાયતા કરવી. તે શુકલ ધ્યાન છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—આત્માને, પરભાવ-પરિણામનથી, શુધ્ધ કરે, તે શુકલધ્યાન છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—સર્વ દ્રવ્યના, ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય ભાવને એકત્વ ભાવથી જાણે, તે, શુકલધ્યાન છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—શુધ્ધ સ્વગુણ પરિણમનમાં કર્તૃત્વ ભોકતૃત્વ અને જ્ઞાતૃત્વભાવનું જે અવિચલિત પણું તે શુકલધ્યાન છે.

# રત્ન ત્રયી

## (૧) સમ્યગ્દર્શન

૧ વક્ર દષ્ટિઃ--ઈન્દ્રિયોને ઈષ્ટ વિષયોનો યોગ, તે સમ્યગ્દર્શન છે. એમ માને છે,

૨ એકાન્ત દષ્ટિઃ—દરેકની જે પોત પોતાની સમજણ છે. તેજ સમ્યગ્દર્શન છે. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—જગત્‌ને શૂન્ય રૂપે, માયારૂપે, કે અસત્ રૂપે જોવું તે સમ્યગ્દર્શન છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—પરમાત્માએ પ્રકાશેલા, હેયોપાદેય ભાવોમાં જે યથાર્થ મતિ. તે સમ્યગ્દર્શન છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—સુદેવ, સુગુરૂ, અને સુધર્મમાં, જે અવિકળ શ્રદ્ધા, પ્રગટાવે તે સમ્યગ્દર્શન છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—મોહનીય કર્મના-દર્શન સપ્તકનાં ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ જન્ય, આત્માનો જે શુદ્ધ-પરિણામ તે સમ્યગ્દર્શન છે.

## (૨) સમ્યગ્જ્ઞાન

૧ વક્ર દૃષ્ટિ:—જે ઈષ્ટ વિષય ભોગોની–સામગ્રીની પ્રાપ્તિ કરાવી આપે છે. તે સમ્યક્જ્ઞાન છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—સ્વપક્ષમાં ગુણો બતાવનારૂં અને પરપક્ષમાં દોષો બતાવનારૂં જે જ્ઞાન સામર્થ્ય, તે, સમ્યગ્જ્ઞાન છે. એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિ:—દરેક આત્માનો પોત–પોતાનો ઈંદ્રિય જન્ય, જે બોધ છે, તે, સમ્યગ્જ્ઞાન છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ:—દર્શન મોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમવાળું જે જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ:—પ્રત્યેક પદાર્થમાં રહેલા અનંત ધર્મમાં, પરસ્પર વિરોધી ભાવે રહેલા એવા ધર્મમાં પણ પ્રમાણ અને નય સાપેક્ષ, જે, અવિરૂધ્ધ બોધ કરાવે છે. તે સમ્યગ્જ્ઞાન છે,

૬ અવિસંવાદી દૃષ્ટિ:—સર્વ દ્રવ્યોના ગુણ–પર્યાયોનો ઉત્પાદ વ્યય–ધ્રુવાત્મક, ત્રૈકાલિક–અવિસંવાદી– બોધ, તે સમ્યગ્જ્ઞાન છે.

## (૩) સમ્યગ્ચારિત્ર

૧ વક્ર દૃષ્ટિઃ—ઈંદ્રિયોને વિષયોથી સંતોષવી તે સમ્યક્ ચારિત્ર છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—દરેક આત્માઓનું પોત-પોતાની ઈચ્છાઓ અને કલ્પનાઓને અનુસરવાપણું, તેજ સમ્યક-ચારિત્ર છે. એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિઃ—જેથી અન્ય લોકો પૂજા-સત્કાર કરે, તેવું જીવન જીવવું તે સમ્યક્-ચારિત્ર છે. એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—સંવર ભાવના, સત્તાવન હેતુઓમાં, આત્માને સ્થાપવો, તે સમ્યક્-ચારિત્ર છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—બાર પ્રકારના તપે કરી, આત્માની શુદ્ધિ કરવી તે સમ્યક્-ચારિત્ર છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—આત્માના સહજ શુદ્ધ ગુણોમાં સ્થિરતા કરવી. તે સમ્યક્-ચારિત્ર છે.

# ચાર પ્રકારની સત્તા

## (૧) રાજ્ય-સત્તા

૧ વક્ર દષ્ટિઃ--પોતાને સ્વાર્થકારી પ્રવૃત્તિમાં પોતાનો, જે, નિબંધ (લજ્જારહિત-નફ્ફટ) અધિકાર તે રાજ્ય-સત્તા એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—પોતાને ઈષ્ટ (યાદકારી) પ્રવૃત્તિમાં વિઘ્નભૂત તમામનો વિનાશ કરવાનો પોતાનો જે અબાધિત-અધિકાર તે રાજ્ય-સત્તા એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—પોતાના દુષ્ટ અને ખોટા કાર્યોને પણ રોકવા કોઈ હિંમત કરે નહિ, એવો પોતાનો આગવો, એકાકી, અધિકાર, તે, રાજ્ય-સત્તા, એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ--જે સત્તા, સર્વ પ્રજાજનના, કલ્યાણના યથાઅવસ્થિત નીતિ-નિયમોની, વિરૂધ્ધવર્તન કરનારા ગુનેગારોને શિક્ષા કરવા સમર્થ છે. અને તે શુધ્ધનિયમોનું પાલન કરનાર પ્રજાજનનું રક્ષણ કરે છે. તે રાજ્ય-સત્તા છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—જેના સ્વામીત્વનો, સર્વ પ્રજાજને સ્વીકાર કરેલો છે. તે રાજ્ય-સતા છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—પ્રત્યેક, આત્માનો, સ્વામી—સેવક ભાવનો, અધિકાર, તે પોતપોતાની કર્મસત્તાને, આધીન પ્રવર્તે છે. માટે રાજ્યસત્તા—તે-કર્મસત્તાને આધીન છે. એમ જાણવું.

## (૨) કર્મસત્તા

૧ વક્ર દૃષ્ટિઃ—દુઃખી જીવો પ્રતિ, તેઓએ પોતપોતાના કરેલા કર્મનું ફળ ભોગવવું જ જોઈએ એમ માનીને તેઓ પ્રતિ કરૂણાનો નિષેધ કરવા રૂપે, કર્મસત્તા માને છે

૨ એકાન્ત દૃષ્ટિઃ—જેવો શુભાશુભ કર્મનો જીવને ઉદય હોય છે. તેવાં જ શુભાશુભ કર્મ તે જીવ કરે છે. એ રૂપે કર્મસત્તા માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—જે જીવ જેવું કર્મ કરે છે. તે જીવને તથા સ્વરૂપનું ફળ ઈશ્વર આપે છે એ રૂપે કર્મસત્તા માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—પ્રત્યેક સંસારિ આત્મા પોતાના ઔદયિક ભાવમાં રતિ–અરતિરૂપ, રાગ–દ્વેષ ભાવ ધરતો થકો કર્મસત્તાની પરાધીનતામાં જકડાય છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ—ત્રણે જગત્‌ના સર્વ જીવોના સમસ્ત સાંસારિક ભાવનો હેતુ–તે કર્મસત્તા છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—કર્મ–સત્તાની સઘળીએ લીલા આત્માની ધર્મસત્તા (ક્ષયોપશમાદિભાવ)ને આધીન પણે જ પ્રવર્તે છે.

## (૩) ધર્મસત્તા

૧ વક્ર દૃષ્ટિઃ—જે સંસારના સમસ્ત સુખો પ્રાપ્ત કરાવી આપે છે તેજ ધર્મસત્તા છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—જે દુર્ગુણોને ઢાંકે, અને સજ્જનતાનું સર્ટિફીકેટ અપાવે છે તે ધર્મસત્તા છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—જેને રાજા આદિ મોટા પુરૂષો વંદન નમસ્કાર કરે તે ધર્મસત્તા છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—પ્રત્યેક આત્મામાં જે અનાદિ–અનંત ચૈતન્ય સ્વભાવતા છે. તે ધર્મસ । છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—મોહનીય કર્મનો નાશ કરનારૂં જે આત્મ સામર્થ્ય તે ધર્મસત્તા છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—જે આત્મામાં પોતાના સહજ અનંત ગુણ–ધર્મમાં પરિણમન કરવાની, જે, સ્વાધીનતા છે. તે ધર્મસત્તા છે.

## (૪) આત્મ-સત્તા

૧ વક્ર દૃષ્ટિઃ—પાંચભૂતના સંયોગની કલ્પનામાં આત્મ સત્તા માને છે

૨ એકાન્ત દૃષ્ટિઃ—અગમ, અરૂપી. અલખ, અને અગોચર જ આત્મ સત્તા છે. એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—પ્રત્યેક જડ, ચેતન, સર્વ પદાર્થમાં એક જ આત્મસત્તા છે, એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—આત્માના સર્વ પ્રદેશે અક્ષરના અનંતમે ભાગે, જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણોની જે નિરાવરણતા છે. તે આત્મસત્તા છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—મોહનીય કર્મના ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમજન્ય આત્માનો જે શુદ્ધાત્મભાવ તે આત્મસત્તા છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિ—આત્માનું શુદ્ધ-ક્ષાયિક ભાવમાં સાદિ-અનંતમે ભાગે અનંત અવ્યાબાધ ગુણોમાં પરિણમન, તે આત્મસત્તા છે, તે આત્મસત્તાના કેવળજ્ઞાનોપયોગમાં સમસ્ત જગતૂના-સર્વ—પદાર્થોના, સર્વકાળના-સર્વ પર્યાયો, પ્રત્યેક સમયે જણાયેલા હોવાથી, સમસ્ત જગતૂ તે-શુદ્ધાત્મજ્ઞાનસત્તાને આધીન છે. એમ જાણવું

# પ્રકીર્ણક નવવિષયો

## (૧) હિંસા

૧ વક્ર દષ્ટિ:—જીવ મરતો જ નથી. માટે તેની હિંસા થતી જ નથી. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—આત્મા શુધ્ધ-નિરંજન-નિરાકાર અને અરૂપી જ હોવાથી તે કોઈ પણ રીતે હિંસા કરતો જ નથી. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિ:—જગતૂના સર્વભાવોનો કર્તા-હર્તા ઇશ્વર જ છે. માટે કોઈ-કોઇની હિંસા કરતું જ નથી. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ:—કોઈ પણ જીવના જીવનના આધારભૂત દશવિધ પ્રાણોનો મન, વચન, અને કાયાથી કરણ, કરાવણ, અને અનુમોદન રૂપ નવકરણથી ઘાત-ઉપાઘાત કરવો તે હિંસા છે.

૫ અનેકાન્ત દષ્ટિ:—હિંસાના કારણભૂત હોવાથી, અજ્ઞાન સંશય, વિપર્યય, સ્મૃતિભ્રંશ, યોગદુષ્પ્રણિધાન, ધર્મનો અનાદર, રાગ અને દ્વેષ, રૂપ જે આઠપ્રકારનો પ્રમાદ તે હિંસા છે.

૬ અવિસંવાદી દષ્ટિ:—જેથી આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ વીર્ય અને ઉપયોગરૂપ ભાવપ્રાણ હણાય તે હિંસા છે.

## (૨) અહિંસા

૧ વક્ર દષ્ટિઃ—જીવન જરૂરીયાતો મેળવવા માટેની સઘળીએ પ્રવૃત્તિ અહિંસક જ છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—આલોક—પરલોકના સુખો આપનારી સઘળીએ પ્રવૃત્તિ અહિંસક જ છે. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—સ્વ-પરને સુખકારી વિષય-ભોગની સઘળીએ પ્રવૃત્તિ અહિંસક જ છે. એમ માને છે.

૪ અવક્રદષ્ટિઃ—મન, વચન, અને કાયાની સાવદ્ય પ્રવૃત્તિથી નિવર્તાવી આત્માને પરમાત્માની આજ્ઞામાં જોડવો, તે અહિંસકતા છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—આત્માને, મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગપરિણામથી વિરમાવવો (રક્ષણ કરવું) તે અહિંસકતા છે.

૬ અવિસંવાદી દષ્ટિઃ—આત્માને પર દ્રવ્યના પાશમાંથી છોડાવવો તે અહિંસકતા છે.

## (૩) ધર્મ

૧ વક્રદષ્ટિઃ—પોતાને ધન અને ભોગાદિની પ્રાપ્તિ કરાવી આપે તે ધર્મ છે એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિઃ—પૂજા (૩૨. વિનયવાદી) પ્રાર્થના અને (૬૭-અજ્ઞાનવાદી) યાચનાદિ (૮૪-અક્રિયાવાદી) કાર્યો જ (૧૮૦-ક્રિયાવાદી) ધર્મ છે. એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિઃ—આ લોક-પરલોકમાં જે માન મોટાઈ, સત્તા અને સ્વામિત્વ અપાવે છે તે ધર્મ છે. એમ માને છે.

૪ અવક્ર દષ્ટિઃ—દાન, શિયળ, તપ, અને સુવિશુદ્ધ ભાવના તે ધર્મ છે. એમ માને છે.

૫ અનેકાન્ત દષ્ટિઃ—આત્માને ઉત્તરોત્તર ગુણસ્થાનક ઉપર ચડાવવો તે ધર્મ છે. એમ માને છે.

૬ અવિસંવાદીદષ્ટિઃ—આત્માનું સહજ શુદ્ધ-સ્વરૂપમાં અક્ષય-અવ્યાબાધ પરિણમન તે ધર્મ છે. એમ માને છે.

## (૪) અધર્મ

૧ વક્રદૃષ્ટિઃ—દયા, દાનઆદિ, પરોપકારી કાર્યો કરવા। અધર્મ છે. એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિઃ—આત્મશુદ્ધિ કરવાની પ્રવૃત્તિ અને પરિણામ તેજ અધર્મ છે. એમ માને છે.

૩ વિસંવાદિદૃષ્ટિઃ—તપ, સંયમ, પૂજાભક્તિ–આદિ, અનુષ્ઠાનો કરવાં તે અધર્મ છે એમ માને છે.

૪ અવક્રદૃષ્ટિઃ—પર–ભોગાદિમાં–આસક્ત રહેવું તે અધર્મ છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ :—આત્માનું મિથ્યાત્વ, અવિરતિ, અને કષાય ભાવમાં પરિણમવું તે અધર્મ છે.

૬ અવિસંવાદી દૃષ્ટિ:—આત્માનું પરભાવમાં પરિણમવું તે અધર્મ છે.

## (૫) આચાર

૧ વક્ર દૃષ્ટિઃ—પોતાની ભૌતિક ઇચ્છાઓને પોષતી દરેક પ્રવૃત્તિ, તે, આચાર જ છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ :—લોકોના ભૌતિક સુખમાં વધારો કરનારી પ્રવૃત્તિ, તે, આચાર છે એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિઃ—અન્ય લોકો જેની પ્રશંસા કરે તેવી પ્રવૃત્તિ કરવી, તે, આચાર છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—પરાધીનતાના પાશમાંથી છુટવાની પ્રવૃત્તિ કરવી, તે આચાર છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—આત્માના જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરનારી પંચાચારની પ્રવૃત્તિ તે આચાર છે.

૬ અવિસંવાદિ દૃષ્ટિઃ—આત્મ-સ્વરૂપની-શુદ્ધિ કરે, તે આચાર છે એમ માને છે.

## (૬) અનાચાર

૧ વક્ર દૃષ્ટિઃ—અન્ય દીન-દુઃખી પ્રાણીઓ પ્રત્યે, અનુકંપા લાવી, તેને સહાયતા કરવી, તે અનાચાર છે એમ માને છે.

૨ એકાંતદૃષ્ટિઃ—પૂજ્ય-આત્માઓની વિવિધ પ્રકારે પૂજા-ભક્તિ કરવી તે અનાચાર છે એમ માને છે.

૩ વિસંવાદિ દૃષ્ટિઃ—સૌ સાથે સંપીને રહેવું તે અનાચાર છે એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિઃ—ન્યાય, નીતિ, અને ધર્મમાર્ગનું ઉલ્લંઘન કરવું તે અનાચાર છે એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિઃ—અઢાર પાપસ્થાનકની કરણી કરવી તે અનાચાર છે એમ માને છે.

૬ અવિસંવાદી દૃષ્ટિઃ—આત્મામાં સંક્લેશભાવની વૃદ્ધિ કરવી, તે અનાચાર છે એમ માને છે.

## (૭) સત્યમ્

૧ વક્ર દષ્ટિ :—સમસ્ત જગત્‌ને એકજ પરમેશ્વરની લીલા-રૂપે જાણવું તેજ સત્ય છે. એમ માને છે.

૨ એકાન્ત દષ્ટિ :—જગત્‌ના તમામ પદાર્થો નિરંતર નાશવંત જ (ક્ષણક્ષયીજ) છે. એમ માનવું તેજ સત્ય છે એમ માને છે.

૩ વિસંવાદી દષ્ટિ:—દરેક આત્માની ભિન્ન ભિન્ન દષ્ટિ મુજબનું જ આ જગત્ છે એમ માનવું તેજ સત્ય છે એમ માને છે.

૪ અવક્ર દષ્ટિ – –જે યથાર્થ–હિતકારી છે, તે, સત્ય છે, એમ માને છે.

૫ અનેકાન્ત દષ્ટિ:—જે ત્રિકાળાબાધિત છે, તે, સત્ય છે. એમ માને છે.

૬ અવિસંવાદી દષ્ટિ :—જે અવિસંવાદિ છે, તે, સત્ય છે. એમ માને છે.

## (૯) શિવમ્

૧ વક્ર દૃષ્ટિ:—વિષયભોગની વિવિધ સામગ્રીઓના યોગથી શિવ હોય છે એમ માને છે.

૨ એકાન્ત દૃષ્ટિ:—ઇંદ્રિયોના મનોવાંછિત વિષયભોગોથી શિવ હોય છે. એમ માને છે.

૩ વિસંવાદી દૃષ્ટિ:—યશ–કીર્તિ અને સ્વજન–પરિવારના વધવાથી શિવ હોય છે, એમ માને છે.

૪ અવક્ર દૃષ્ટિ:—પરની આશા અને ઇચ્છાઓનો ત્યાગ કરવાથી શિવ હોય છે. એમ માને છે.

૫ અનેકાન્ત દૃષ્ટિ:—સંકલ્પ–વિકલ્પોના વિરામથી, શિવ હોય છે. એમ માને છે.

૬ અવિસંવાદી દૃષ્ટિ:—સર્વ કર્મના બંધનનો ક્ષય કરવાથી શિવ હોય છે. એમ માને છે

## (૯) સુંદરમ્

(૧) વક્રદષ્ટિઃ-ધનનો યોગ એજ સુંદર છે એમ માને છે.

(૨) એકાંતદષ્ટિઃ-ઈષ્ટ-વિષય ભોગોની પ્રાપ્તિ, એજ, સુંદર છે એમ માને છે.

(૩) વિસંવાદિ દષ્ટિઃ-શરીરનું આરોગ્યપણું એજ સુંદર છે. એમ માને છે.

(૪) અવક્રદષ્ટિઃ—સ્વ પરના હિતનું જાણુપણું, તે, સુંદર છે એમ માને છે.

(૫) અનેકાંતદષ્ટિઃ-સ્વ-પરના હિતની સાધના, તે સુંદર છે એમ માને છે.

(૬) અવિસંવાદિ દષ્ટિઃ—શ્રી. વીતરાગ પરમાત્માનું દર્શન તે સુંદર છે એમ માને છે.

विलोकिते महाभाग । त्वयि संसारपारगे
आसितुं क्षणमप्येकं, संसारे नास्ति मे रतिः

• श्री सिद्धर्षिगणि.

## સિદ્ધાંતાવગાહન

દષ્ટ વા અદષ્ટ એવું આ સમસ્ત જગત જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળરૂપ—છ દ્રવ્યાત્મક છે. તેમાં પાંચ દ્રવ્ય અસ્તિકાય હોવાથી સત્ છે. અને છઠ્ઠું કાળ દ્રવ્ય તે જીવ અને અજીવ દ્રવ્યોના પર્યાયોમાં ઉપચાર કરવા રૂપે હોવાથી ઉપચરિત દ્રવ્ય છે. આ છ દ્રવ્યોમાં પોતાના સ્વરૂપનું કર્તા ભોક્તા, અને જ્ઞાતા ફક્ત જીવ દ્રવ્ય છે. બાકીના પાંચે અચેતન હોવાથી અકર્તા છે. તેમાં વળી પુદ્ગલદ્રવ્ય તે વર્ણ ગંધ રસ સ્પર્શાદિથી યુક્ત હોવાથી રૂપી છે. અને બાકીના પાંચે દ્રવ્યો વર્ણાદિથી રહિત અરૂપી છે.

આ છ દ્રવ્યોમાં જીવો અનંતા છે, પુદ્ગલો તેથી અનંતગુણા છે. તેનાથી જીવ—અજીવરૂપ કાળ અનંતો છે એટલે જીવ—અજીવ રૂપ સર્વ દ્રવ્યોના સમયો અનંતા છે. તેનાથી સર્વ દ્રવ્યોના પ્રદેશો અનંતગુણા છે, તેમાં આકાશ દ્રવ્યના પ્રદેશોની અનંતતા ઘણી મોટી જાણવી, તે સર્વપ્રદેશોથી સર્વદ્રવ્યોના ગુણો અનંતા છે અને તેનાથી અસ્તિ—નાસ્તિ પર્યાયો અનંતગણા છે. તે સકળ ભાવોને પ્રત્યક્ષથી એક સમયમાં જાણનાર કેવળી ભગવંતોનું કેવળ જ્ઞાન અનંતગણું જાણવું.

આવા કેવળ જ્ઞાની તીર્થંકર ભગવંતોએ જણાવ્યું છે, કે આ છ એ દ્રવ્યો કોઈ કાળે ઊત્પન્ન થયેલા નથી. તેમજ તેમનો કોઈ કાળે સમુળગો વિનાશ પણ નથી માટે. આ જગત અનાદિ—અનંત છે; વળી આ છ એ દ્રવ્યો નિરંતર પોતપોતાના સ્વભાવમાં પરિણામી છે પરંતુ કોઈપણ દ્રવ્ય કોઈપણ કાળે પોતાના સ્વભાવને છોડીને, અન્ય દ્રવ્યના ભાવમાં પરિણામ પામતું નથી, તેમ છતાં વ્યવહાર

દષ્ટિએ જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં પરભાવ પરિણામીપણું છે. તેજ આ સમસ્ત જગતનું ચિત્ર વિચિત્રપણું છે.

જીવ અને પુદ્ગલ દ્રવ્યનું જે જે સ્વરૂપે પરભાવ–પરિણામો પણું છે. તેને તેના હેતુઓ અને સંબંધો સહિત શ્રી. સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ–પરમાત્માઓએ જણાવેલ આગમના આધારે જાણીને તેમાંથી શુદ્ધાત્મ–તત્ત્વના સ્વરૂપનું અવલંબન લઈને પોતાના આત્માને સર્વ કર્મ–સંબંધથી મુક્ત કરી અનંત–શાશ્વત–સુખનો સ્વામી બનાવવો; એજ ઉત્તમ આત્માઓનું સર્વ કાળને વિષે કર્ત્તવ્ય હોય છે.

આ અનાદિ–અનંત સંસારમાં જીવો સામાન્ય–સ્વભાવથી બે પ્રકારના છે, તેમજ વિશેષ સ્વભાવથી પણ બે પ્રકારના છે. તેમાં સામાન્ય–સ્વભાવથી કેટલાક જીવો વીતરાગ–સ્વભાવ વિરોધીભાવમાં જ પરિણામ પામતા હોય છે. તેઓ અભવ્ય–કોટિના હોય છે. અને બીજા વીતરાગ–સ્વભાવ અવરોધી ભાવમાં પરિણામ પામતા હોય છે તેઓ ભવ્ય–કોટિના જીવો જાણવા, વળી વિશેષ–સ્વભાવ પરિણામથી મિથ્યા–દૃષ્ટિ જીવો સંસાર–સ્વભાવમાં પરિણામ પામતા હોય છે. અને સમ્યક્–દૃષ્ટિ–વાળા જીવો વીતરાગ સ્વભાવમાં પરિણામ પામતા હોય છે. જેઓ વીતરાગ સ્વભાવમાં પરિણામ પામતા હોય છે તે સઘળાયે જીવોનું ચોથા ગુણસ્થાનકથી માંડી, ચૌદમા ગુણ સ્થાનક સુધીના ભાવોવાળું સ્વરૂપ આલંબનીય હોઇ ગીતાર્થ–ગુરુ ભગવંત પાસેથી જાણી લેવું અત્યંત જરૂરી છે.

બીજું જે પુદ્ગલ દ્રવ્ય છે, તેનું વર્ણ ગંધ, રસ; સ્પર્શ, શબ્દ, અંધકાર ઉદ્યોત પ્રભા–છાયા. આતપાદિ અનેક ભાવોમાં ત્રણે પ્રકારે પરિણામિપણું જાણવું (૧) પ્રયોગ સા પરિણમન, તે જીવના પ્રયોગથી થતું પરિણમન, (૨) વિશ્રસા તે પોતાના. પુરણ ગલન

સ્વભાવથી થતું પરિણુમન (૩) મિશ્ર પરિણુમન તે જીવ પ્રયોગ અને પોતાના સ્વભાવથી પરિણામ પામવું તે. આ ત્રણે પ્રકારના પુદ્દગલ પરિણુમન ભાવોમાં, જીવ વિશેષે, જે જે સાધક-બાધક ભાવવાળું સ્વરૂપ છે. તેનું ગીતાર્થ ગુરુ ભગવંતો પાસેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિ સાપેક્ષ યથાર્થ પરિજ્ઞાન કરી તે તે પુદ્દગલ પરિણુમનમાં યથાતથ્ય હેયોપાદેય ભાવે વર્તવું હીતકર છે, કેમકે જીવનું શુદ્ધ પરિણુમન બે પ્રકારનું છે. અને તેમાં સાધક ભાવના પરિણુમનમાં પુદ્દગલદ્રવ્યનું કથંચિત્ ઉપગારીપણું પણ છે.

જીવનું શુદ્ધ પરિણુમન બે પ્રકારનું છે. (૧) સાધક ભાવનું (૨) સિદ્ધ ભાવનું, તેમાં પ્રથમનું સાધક ભાવવાળું જે શુદ્ધ પરિણુમન છે. તે ક્ષાયોપશમિક હોવાથી પોદ્દગલિક છે અને બીજું જે શુદ્ધ ભાવનું ભાવપરિણુમન છે તે ક્ષાયિક ભાવનું હોવાથી અપોદ્દગલિક છે આથી સમજવું કે દરેક જીવને વિવિધ કર્મોદયપરિણામમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવની હેતુતા રહેલી છે. દરેક જીવને પાંચે ભાવકરણમાં પણ મોહનીય કર્મનો, ક્ષય; ઉપશમ, કે ક્ષયોપશમ જે રૂપનો ભાવ તે જીવમાં હોય, તે ભાવે જ તે આત્મા તથા વિવિધ ગુણસ્થાનક ઉપર ચડી સંપૂર્ણ આત્મ કલ્યાણ કરી શકે છે.

દરેક જીવને અનાદિ મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ-પરિણુમન ભાવથી જે સંસાર સ્વભાવતા છે તેથી આ સંસારમાં અનેક જન્મ મરણ અને આધિ વ્યાધિ ઉપાધિના અનેક દુઃખોની પરંપરામાં અનંતા કાળથી અથડાવવું પડે છે. આ દુઃખોથી મુકાવનાર વીતરાગ સ્વભાવતાનું પરિણુમન છે. વીતરાગ સ્વભાવમાં પરિણુમન કરવા માટે દરેક જીવે પ્રથમ અનાદિ મિથ્યાત્વ-ભાવને દુર કરવો જોઈએ.

આ મિથ્યાત્વ સ્વભાવના પાંચભેદ સ્વસંબંધી છે, છ ભેદ પર સંબંધી છે અને દશભેદ ઉભય સંબંધીના મળી કુલ એકવીશ(૨૧)

ભેદો છે, તેનું સ્વરૂપ સિદ્ધાંતથી યથાર્થ જાણીને, તે સઘળાએ ભાવો થી આત્માને દુર રાખવો જોઇએ, તેમજ તે મિથ્યા–સ્વભાવના પ્રતિપક્ષી, આત્માના સમ્યક્–સ્વભાવના જે સડસઠ (૬૭) બોલ સિદ્ધાંતમાં બતાવ્યા છે. તેને તથાવિધ અનુસરવા નિરંતર–જાગ્રત રહેવું જોઇએ.

આ રીતે મિથ્યાત્વનો નાશ થયેથી, વીતરાગ સ્વભાવતા રૂપ સમ્યક્ત્વના જોરથી જીવ–અવિરતિ ભાવનો નાશ કરી–વિરતિ ભાવમાં આવશે, તે પછી તે સર્વ વિરતિ ભાવમાં પરિણામ પામતો થકો કષાય–સ્વભાવતાનો સંપૂર્ણ ક્ષય કરી વીતરાગ દશા પ્રાપ્ત કરવા સાથે પોતાના સહજ. અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્ય ગુણને પ્રાપ્ત કરશે તે પછી તે કેવલી–પરમાત્મા પોતાના આયુષ્યકાળ પર્યંત યથાયોગ્ય–ભાવે–વર્તીને, અંતે યોગ –નિરોધ કરી અયોગી થઇ, સર્વ કર્મ પરિણામનો ક્ષય કરી અનંત, અવ્યાબાધ શાશ્વત સુખના ધામરૂપ સિદ્ધિ પદને પ્રાપ્ત કરે છે. આ રીતનો સર્વ જીવાત્માઓની ઉત્થાનની ભૂમિકાનો ક્રમ અમોએ અમારી શ્રુત સિદ્ધાંતમાંની શ્રદ્ધાના જોરે લખ્યો છે. જગતનો પ્રત્યેક પદાર્થ અનંત ધર્માત્મક હોવાથી કયો પદાર્થ, કયાં, કયારે અને કેવા સ્વરૂપે છે. તેનું યથાર્થ પરિચ્છેદક પ્રમાણ–જ્ઞાન તે કેવળજ્ઞાન છે તે કેવળી ભગવંતોએ પદાર્થના સ્વરૂપને જણાવનાર જ્ઞાનના પાંચભેદો બતાવ્યા છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. આત્માનો એકજ જ્ઞાનગુણ છે તે પંચવિધ જ્ઞાનાવરણના કર્મોથી અવરાયેલો છે. તેમાંથી જે આત્મા જેટલા જેટલા આવરણો ખસેડે છે તે પ્રમાણે તે જીવને મતિજ્ઞાન, શ્રુત–જ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ-જ્ઞાન અને કેવળજ્ઞાન પ્રગટે છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાનના ક્ષયોપશમમાં જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મનો તીવ્ર ઉદય ભળેલો હોય છે ત્યારે તે જ્ઞાન સંસારમાં આસક્તિવાળું હોય છે, એટલે કે પાંચે ઇંદ્રિયોના વિષય

સુખોમાં રાચનારૂં હોય છે. આવું જ્ઞાન તે આત્મ ઘાતક હોવાથી તેને અપ્રમાણરૂપ જાણવું.

જ્યારે સંસારી જીવને સંજ્ઞી પંચેન્દ્રિ લબ્ધિ પર્યાપ્તપણું પ્રાપ્ત થાય છે. ત્યારે શ્રી. વીતરાગ પરમાત્માની વાણી સાંભળવાનો લાભ મળે છે. તે વખતે મિથાત્વ મોહનીય કર્મનું જોર ઓછું થાય છે. તેથી પોતે કેવા સ્વરૂપથી પોતાના જ શુદ્ધ આત્મ સ્વરૂપને મલીન કરી રહ્યો છે, અને કેવા સ્વરૂપથી પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રગટ કરી શકશે. તેનું યથાર્થ જ્ઞાન થાય છે.

દરેક સંસારી જીવને અનાદિ કર્મ સંયોગે જે **પરભાવ**–પરિણમનપણું છે તેમાં જે જીવો અજ્ઞાન અને મોહના જોરે. અહંકાર અને મમત્વ કરે છે. તે જીવને મમત્વથી રાગ અને અહંકારથી દ્વેષ પરીણામ થાય છે. તેથી સ્વભાવ પરિણમનથી ભ્રષ્ટ થાય છે, અને તેથી અનેક પ્રકારનાં કર્મ બાંધે છે. પછી તે કર્મ બંધને અનુસારે આ સંસારમાં જન્મ મરણાદિના અનેક દુ:ખો ભોગવે છે.

જે આત્માઓ કર્મ સંયોગે પ્રાપ્ત પરભાવ પરિણમન ભાવમાં લેપાતા નથી. અને મુંઝાતા નથી. પરંતુ ઉદાસીન વૃત્તિએ તે તે કર્મ પરિણામને ભોગવે છે. તેઓ સ્વ સ્વભાવમાં પરિણામ પામતા થકા સર્વકર્મોનો ક્ષય કરી સહજ અનંત જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરી શાશ્વત સુખને પામે છે.

કર્મ પરિણમન ભાવની સામે ભેદ જ્ઞાનવડે ઉદાસીન વૃત્તિરૂપ આત્મ સામર્થ્ય ફેરવવાથી આત્મા ગુણ સ્થાનક ઉપર ચડી શકે છે, તે માટે શાસ્ત્રોમાં જે વિધિ નિષેધ બતાવેલ છે. તેમાં પ્રથમ યથાર્થ શ્રદ્ધા કરી પછી યથાશક્તિ તે તે વિધિ-નિષેધમાં આત્માને સ્થાપવાથી અવશ્ય આત્મા સંપૂર્ણ આત્મભાવ પ્રગટ કરી, મોક્ષ સુખ પામે છે

દરેક આત્માને આત્મ કલ્યાણના યથાર્થ વિધિ-નિષેધમાં પ્રવર્તાવનાર કેવળ જ્ઞાન અને શ્રુત પ્રમાણ જ્ઞાન (શ્રદ્ધા) જ છે તેમાં યથાર્થ આત્મહિતકારી શ્રુત પ્રમાણ જ્ઞાનનું સ્વરુપ આ પ્રમાણે જાણવું જે મોક્ષ સિદ્ધિના કારણરૂપ જ્ઞાન છે તે પ્રમાણ જ્ઞાન છે. અને તેથી વિપરિત તે અપ્રમાણ જ્ઞાન છે.

પ્રમાણ જ્ઞાન બે પ્રકારનું છે. (૧) પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન (૨) પરોક્ષ પ્રમાણજ્ઞાન. જે પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન છે તે સ્પષ્ટ નિરાલંબનીય અને પ્રત્યયરૂપ હોય છે. અને બીજું જે પરોક્ષ-પ્રમાણજ્ઞાન છે. તે ઇંદ્રિય અને મન નિમિત્તક છે. અને તે બંને પ્રત્યયિક હોય છે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણરૂપ છે. અને અવધિ જ્ઞાન મનઃ પર્યવ જ્ઞાન અને કેવળ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે. શ્રુતજ્ઞાન, મતિજ્ઞાનપૂર્વક થતું હોવાથી તે પણ ઇંદ્રિય અને મન નિમિત્તક છે. તેમ છતાં તે અભ્યસ્ત દશામાં સ્વથી, અને અનભ્યસ્ત દશામાં પરથી થાય છે. પરથી થતાં શ્રુત પ્રમાણજ્ઞાનમાં આપ્ત પુરુષના વચનની મુખ્યતા હોય છે. જેમણે જ્ઞેયનું યથાર્થ સ્વરૂપ જાણ્યું છે એટલે પ્રાપ્ત કર્યું છે અને તે પ્રમાણે કહે છે તેમને આપ્ત પુરૂષ જાણવા.

પરમોપકારી આપ્ત પુરૂષના વચનો, અનંત ધર્માત્મક વસ્તુને યથાર્થ અવિસંવાદી પણે કહેનાર હોવાથી બે પ્રકારનાં હોય છે, (૧) પ્રમાણભાવ કથિત વચનો (૨) નય ભાવ કથિત વચનો જે સ્યાદ્પદ યુક્ત વચનો છે તે પ્રમાણ ભાવ કથિત વચનો જાણવા અને જે સાપેક્ષ વચનો છે તે નય ભાવ કથિત વચનો જાણવા. શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પરમાત્માઓએ પ્રકાશ્યું છે કે આ જગત ઉપન્નેઇવા, વિગમેઇવા અને ધ્રુવેઇવા સ્વરૂપવાળું છે અત્રે-વા. શબ્દ જે છે તે અનેકાંત અર્થનો દ્યોતક જાણવો. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે. આ જગત કથંચિત (સ્યાદ્) ઉત્પન્ન સ્વભાવવાળું છે,

કથંચિત્ (સ્યાદ્) વ્યય સ્વભાવવાળું છે. અને કથંચિત્ (સ્યાદ્) ધ્રુવ–નિત્ય સ્વભાવવાળું છે, આ ધ્રુવ સ્વભાવને, ઉત્પન્ન સ્વભાવ અને વ્યય સ્વભાવના ઉભયરૂપ જાણવો, આ ત્રણે ભાવોમાં અસ્તિપણું છે, નાસ્તિપણું છે, અને અસ્તિ–નાસ્તિ ઉભયપણું પણ છે, વળી સકળ જ્ઞેય વસ્તુ સામાન્યપણે જણાય છે, વિશેષપણે પણ જણાય છે, અને સામાન્ય વિશેષ ઉભયપણે પણ જણાય છે, તે ઉભયાત્મક સ્વરૂપને એકજ શબ્દથી એકી વખતે કહી શકાય નહિ, માટે દરેક વસ્તુ કથંચિત્ (સ્યાદ્) અવક્તવ્ય પણ છે, આથી જ્યારે કોઇપણ વસ્તુનું યથાર્થ સ્વરૂપ શ્રુતથી જાણવું હોય તો તેમાં નીચે મુજબ સપ્તભંગી સ્થાપવી જોઇએ.

સ્યાદ્–અસ્તિ = કોઇક સ્વરૂપે વસ્તુ છે.

સ્યાદ્–નાસ્તિ = કોઇક સ્વરૂપે વસ્તુ નથી.

સ્યાદ્–અસ્તિ–નાસ્તિ = કોઇક સ્વરૂપે વસ્તુ છે અને નથી.

સ્યાદ્– અવક્તવ્યં = વસ્તુનું સ્વરૂપ કોઇક રીતે કહી શકાતું નથી.

સ્યાદ્–અસ્તિ–અવક્તવ્યં = વસ્તુના છતા સ્વરૂપને કોઇક રીતે કહી શકાતું નથી.

સ્યાદ્–નાસ્તિ–અવક્તવ્યં = વસ્તુના અછતા સ્વરૂપને કોઇક રીતે કહી શકાતું નથી.

સ્યાદ્–અસ્તિ–નાસ્તિ–યુગપદ–અવક્તવ્યં–વસ્તુના છતાં અછતાં ઉભય સ્વરૂપને કોઇકરીતે કહી શકાતું નથી.

આ રીતે કોઇપણ પદાર્થના કોઇપણ એક ધર્મને વિરોધી ધર્મ સાથે સ્યાદ્પદથી જોડતાં જે સપ્તભંગી નીપજે તે સપ્તભંગી, સકળાદેશ-વચન રૂપ હોવાથી પ્રમાણ સપ્તભંગી છે. પરંતુ જ્યારે તે પ્રમાણ સપ્તભંગી-માંનું, કોઇએક-વચન તે ભંગવચનનાજ અર્થને મુખ્ય પણે કહે, ત્યારે

તે વચન એકાર્થીરૂપણે વિકલાદેશી પણું પામતું હોવાથી નય વચન બને છે તે નય વચનને પણ નૈગમાદિ સાત નયભેદની નય સપ્ત ભંગી વડે જાણતા તે પદાર્થનો યથાર્થ—અવિરૂદ્ધ બોધ પ્રાપ્ત થાય છે.

નય સપ્તભંગીમાંનો જો કોઇ નય બીજા કોઇ પણ નયના સ્વરૂપનો અપલાપ કે તિરસ્કાર કરે તો તે દુર્નય બની જાય છે, એટલે જ્યારે કોઇપણ નય પોતાનાજ સ્વરૂપથી વસ્તુને એકાંતે ગ્રહણ કરે છે. ત્યારે તે બીજા નયના સ્વરુપનો અપલાપક બને છે. તેમજ બીજા નયના સ્વરૂપનું ખંડન કરે છે ત્યારે તે દુર્નય બને છે. દુર્નયવચનો અયથાર્થ હોવાથી અહિતકારી જાણવા,

પ્રથમ અમો પ્રમાણ સપ્તભંગીનું સ્વરૂપ જણાવી ગયા છીએ તે વડે અસ્તિ—નાસ્તિ ધર્મ સંબંધથી આત્મતત્ત્વનો નિર્ણય કરવો. આત્મ તત્વના સ્વરૂપમાં પણ તેના શુદ્ધ સ્વરૂપનું અને અશુદ્ધ સ્વરૂપનું જ્ઞાન ઉપકારક હોઇ શુદ્ધ આત્મતત્ત્વનું સ્વરૂપ નીચે મુજબ નયસપ્તભંગીવડે યથાર્થ જ્ઞાન કરવું, અને તે તે સ્વરૂપે આત્મધર્મની શ્રદ્ધા કરવી.

(૧) નૈગમનયથી શુદ્ધ-આત્મતત્વ—પ્રત્યેક જીવમાં જે ચૈતન્ય શકિત છે. તેમાં જે ગતિ જાત્યાદિ ભાવનો વિકાસ સાધવાની શક્તિ, તે, ધર્મ જાણવો.

(૨) સંગ્રહનયથી શુદ્ધ આત્મ તત્વ:—મોહનીય કર્મના દર્શન સપ્તકના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમવડે ઉત્પન્ન થયેલો આત્માનો જે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય લક્ષણવાળો સમ્યક્ પરિણામ. તે ધર્મ જાણવો.

(૩) વ્યવહારનયથી શુદ્ધ, આત્મતત્વ—ચારિત્ર મોહનીયના, ક્ષય, ઉપ શમ કે ક્ષયોપશમ ભાવને જણાવનારૂં જે દેશવિરતિ કે સર્વવિરતિ ભાવનું વર્તન, તે ધર્મ જાણવો.

(૪) ઋજુસુત્રનયથી શુદ્ધ આત્મ તત્વ—નિરંતર શુદ્ધ–ઉપયોગમાં જાગ્રત રહીને આત્માને, અપ્રમત્તભાવમાં રાખવો, તે ધર્મ. જાણવો.

(૫) શબ્દનયથી શુદ્ધ આત્મ તત્વ–કર્મોનો ક્ષય કરવા માટે ક્ષપક શ્રેણી માંડવી. તે ધર્મ જાણવો.

(૬) સંભિરૂઢનયથી શુદ્ધ–આત્મતત્ત્વ—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય એ ચાર ઘાતિ–કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી, પોતાના સહજ અનંતજ્ઞાનાદિ ગુણોમાં પરિણમવું તે ધર્મ જાણવો.

(૭) એવંભૂતનયથી શુદ્ધ આત્મ તત્વ—સકળ કર્મ રહિત અને અનંતજ્ઞાન અને અનંત દર્શન સહિત જે અજર, અમર, અનંત, અક્ષય, અરૂપી, અગુરૂ લઘુ, તેમજ અવ્યાબાધાદિ–ભાવવાળું, આત્માનું જે શાશ્વત સ્વરૂપ તે ધર્મ જાણવો.

આ રીતે અનંત ધર્માત્મક પદાર્થના અસ્તિ–નાસ્તિ, નિત્ય અનિત્ય, શુદ્ધ–અશુદ્ધ, રુપી–અરુપી, કર્તા–અકર્તા, એક અનેક, સામાન્ય વિશેષ, પ્રમાણ–અપ્રમાણ, વક્તવ્ય–અવક્તવ્ય, તેમજ હેય ઉપાદેય, આદિ પરસ્પર વિરોધી ધર્મોને પ્રથમ સ્યાદ્–પદથી પ્રમાણ–સપ્તભંગીથી જાણીને પછી તેના કોઇ એક ભંગને. નય સપ્તભંગથી જાણતા વસ્તુ સ્વરૂપનું. યથાર્થ અવિરુદ્ધ અને અવિસંવાદી જ્ઞાન થાય છે. એમ જાણવું.

# શ્રી ગણધરવાદ વાંચન સાર

## (૧) આત્મા

જીવ, સત્વ, પ્રાણી, આત્મા આદિ શબ્દો સામાન્ય પણે એકાર્થવાચક છે. વિશેષથી વિચારીયે તો :—

**જીવઃ**– જીવે છે તે જીવ, એટલે ચેતના લક્ષણવાળો તે જીવ, ચેતના ત્રણ પ્રકારની છે (૧) જ્ઞાન ચેતના (૨) કર્મચેતના (૩) કર્મ ફળ ચેતના.

**સત્ત્વ**–જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સ્વગુણની વિશેષતા તે સત્ત્વ.

**પ્રાણી**–જીવનના આધારભૂત ઇન્દ્રિયાદિ દશપ્રાણો, તેમજ જ્ઞાનાદિ ભાવ પ્રાણોને ધારણ કરનાર તે પ્રાણી.

**આત્મા**–પોતાના ઇષ્ટાનિષ્ટત્વમાં ઉપયોગવાન તે આત્મા.

આ રીતે જીવને અનેક સ્વરૂપથી જાણી શકાય છે. તેમ છતાં અજ્ઞાની અને મૂઢ આત્માઓ જીવના અસ્તિત્વ સંબંધમાં તેમજ સાચા સ્વરૂપનો અપલાપ કરવામાં અને તિરસ્કાર કરવામાં જ પોતાની શકિતનો દુરૂપયોગ કરતા થકા આ સંસારમાં અનેક જન્મમરણના દુઃખો, અનંતા. કાળથી ભોગવતા આવ્યા છે. ભોગવે છે અને ભોગવશે.

જો પોતાના આત્માને સાચા સુખનો સ્વામી બનાવવો હોય તો સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્માઓ એ

પ્રમાણ અને નય સાપેક્ષ જે આત્મ-સ્વરૂપ બતાવ્યું છે. તેમાં જ શ્રદ્ધા કરવાથી આત્મા શુદ્ધાત્મદશાને પ્રાપ્ત કરી અનંત શાશ્વત સુખ પામી શકે છે. દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે. અને પર્યાયાર્થિક નયથી આત્મા અનિત્ય પણ છે. માટે નિત્યાનિત્ય છે. તેમજ સામાન્ય સ્વભાવથી આત્મા એક સ્વભાવવાળો છે. અને વિશેષ સ્વભાવથી આત્મા અનેક સ્વભાવવાળો પણ છે. તેથી આત્મા એકાનેક સ્વભાવવાળો છે. વળી વસ્તુ સ્વરૂપે સર્વ આત્માઓ એક વસ્તુ સ્વરૂપી હોવાથી એક છે. અને વ્યકિતત્વ સ્વરૂપે સર્વ આત્માઓ પોતપોતાના અલગ અલગ ભાવમાં પરિણામ પામતા હોવાથી અનેક છે. માટે આત્મા એકાનેક સ્વરૂપી છે. વળી આત્મા વર્ણ ગંધ રસ અને સ્પર્શાદિ પરિણામથ રહિત હોવાથી અરૂપી છે. અને જ્ઞાન દર્શન, ચારિત્ર અને વીર્યાદિ ભાવસ્વરૂપી હોવાથી રૂપી છે. માટે તેથી રૂપારૂપી પણ છે. વળી આત્મા, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ રૂપે અસ્તિપણે છે. અને પરદ્રવ્ય, પરક્ષેત્ર પરકાળ અને પરભાવપણે નાસ્તિપણે પણ છે. માટે અસ્તિ નાસ્તિરૂપે પણ છે.

વળી આત્મા ભિન્ન દ્રવ્ય ગુણ પર્યાયે. વડે ભિન્ન છે. અને અભિન્ન દ્રવ્ય ગુણ પર્યાયપણે અભિન્ન પણ છે. માટે ભિન્નાભિન્ન સ્વરૂપી છે.

વળી જે આત્મામાં વીતરાગ દશા પ્રગટી છે. તે ભાવે તે આલંબનીય હોઇ ઉપાદેય છે. અને જે આત્માની સંસાર સ્વભાવતા છે તે હેય છે. માટે હેયોપાદેય રૂપે પણ

છે. વળી જે આત્માનું જ્ઞાન મોક્ષ સાધક ભાવવાળું છે. તે પ્રમાણ જ્ઞાન છે. અને જે જ્ઞાન વિષય ષાયની વૃદ્ધિ કરવા વાળું છે તે અપ્રમાણ જ્ઞાન છે. માટે જ્ઞાન પ્રમાણા-પ્રમાણ રૂપ પણ છે.

આ રીતે અનેક ભાવોવાળું આત્માનું અનેકાંતિક સ્વરૂપ પ્રમાણ અને નય સાપેક્ષ યથાર્થ પણે ગીતાર્થ ગુરૂ ભગવંતા પાસેથી ચૌભંગી સહિત જાણી. આત્મ-શ્રદ્ધામાં શુદ્ધિ વૃદ્ધિ કરવી હિતાવહ છે.

આ પ્રમાણે આત્માના અસ્તિ નાસ્તિ સ્વરુપની ચૌભંગી નીચે મુજબ જાણવી—

(૧) આત્મા દ્રવ્યતઃ—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગાદિ ગુણે અસ્તિરુપે જાણવો, તેમજ વર્ણ, ગંધ, રસ; સ્પર્શ અને શબ્દાદિ ગુણે નાસ્તિ રૂપે જાણવો.

(૨) આત્મા ક્ષેત્રતઃ—દરેક આત્માને પોતાના અસંખ્યાત પ્રદેશરૂપ ક્ષેત્રમાં અસ્તિરૂપે જાણવો. તેમજ પોતાના આત્મ પ્રદેશોની બહાર નાસ્તિ પણે જાણવો.

(૩) આત્મા કાળતઃ—દરેક આત્મા વર્તમાન સમયે જે રૂપે પરિણામ પામેલો હોય તે રૂપે અસ્તિ પણે જાણવો તેમજ તે સમયે અન્ય પરિણામ રૂપે નાસ્તિ પણે જાણવો.

(૪) આત્મા ભાવતઃ—દરેક આત્માને પોતાના જ્ઞાન દર્શનના

ઉપયોગભાવે અસ્તિરૂપે જાણવો, તેમજ અકર્તા, અભોકતા અને અજ્ઞાતા ભાવે નાસ્તિપણે જાણવો.

આ ઉપરાંત—

શુદ્ધાશુદ્ધ આત્મસ્વરૂપની ચૌભંગીનું જ્ઞાન વિશેષ ઉપકારક હોવાથી અમો શાસ્ત્રાનુસારે, યથામતિ જણાવીયે છીએ.

## આત્માના કર્તા–અકર્તાના સ્વરૂપની નિશ્ચય અને વ્યવહાર નયની ચૌભંગી

(૧) શુદ્ધ નિશ્ચય નયથી:—જે ભાવે આત્મા પોતાના શુદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ઉપયોગ ભાવે કર્તા છે. તે ભાવે પરભાવનો અકર્તા છે.

(૨) અશુદ્ધ નિશ્ચય નયથી:—જ્યારે આત્મા જે જે સ્વરૂપે રાગ–દ્વષાદિભાવ કર્મનો કર્તા છે. ત્યારે તે તે સ્વરૂપે પોતાના શુદ્ધ સ્વભાવનો અકર્તા છે.

(૩) શુદ્ધ વ્યવહાર નયથી:—જ્યારે આત્મા શુદ્ધ–સ્વરૂપાનુયાયી હોય છે ત્યારે પરભાવનો ત્યાગી છે.

(૪) અશુદ્ધ વ્યવહાર નયથી:—જયારે આત્મા જે સ્વરૂપે કર્માનુયાયી પરિણામવાળો છે. ત્યારે તે સ્વરૂપે શુદ્ધ-સ્વરૂપમાં અપરિણામી છે.

આ રીતે આત્મ–સ્વરૂપની અનેક ચૌભંગીઓનું સ્વરૂપ ગુરૂગમથી જાણવા પ્રયત્ન કરવો ]

## (૨) કર્મ

જીવથી હેતુ વડે (મિથ્યાત્વ, અવ્રત, કષાય, અને યોગ રૂપ) જે કરાય. તે કર્મ.

આ જગતમાં પુદ્ગલ–પરમાણુઓના અનેક પ્રકારના જે જે વિવિધ સ્કંધપરિણામો છે. તેને તે તે વર્ગણા–જાણુવી. આવી અનેક પ્રકારની વર્ગણાઓ આ જગતમાં હોય છે. તેમાં જીવના ઉપયોગમાં આવતી મુખ્ય આઠ પ્રકારની વર્ગણાઓ છે. તેને નામથી ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કાર્મણ વર્ગણા રૂપે જાણુવી.

તેને વળી ઉત્તરોત્તર અધિક અધિક પુદ્ગલ પરમાણુઓના સમુહવાળી અને સુક્ષ્મ–સુક્ષ્મતર જાણુવી. એટલે કે સૌથી સ્થૂલ ઔદારિક વર્ગણા છે. અને તેનાથી વક્રિયવર્ગણા અધિક પુદ્ગલપરમાણુવાળી અને સૂક્ષ્મ છે. અને તે વૈક્રિય વર્ગણાથી વળી આહારક સૂક્ષ્મ છે. તેમજ અધિક પરમાણુઓની બનેલી છે એ રીતે આઠે વર્ગણાઓ ઉત્તરોત્તર અધિક પુદ્ગલ પરમાણુઓના સ્કંધવાળી અને સુક્ષ્મ સુક્ષ્મતર જાણુવી. તેમાં સૌથી છેલ્લી કાર્મણ વર્ગણા અતિસુક્ષ્મ અને અનંતા–અનંત પુદ્ગલોની બનેલી જાણુવી.

તે એક કાર્મણ વર્ગણામાં અભવ્યથી અનંતગુણા પરમાણુનો સમુદાય જાણુવો. તેમજ તે કાર્મણ વર્ગણામાં સર્વ જીવોથી અનંતગુણો રસવિભાગ (શક્તિ) જાણુવો. આવી અનંતા–અનંત કાર્મણ વર્ગણાને જીવ પોતાના

અસંખ્યાત પ્રદેશે પ્રત્યેક સમયે ઉપર જણાવેલા બંધહેતુ-ઓથી ગ્રહણ કરે છે. અને તેનેજ તે જીવ પોતાના અધ્યવસાય વિશેષથી વિવિધ પ્રકારના કર્મરૂપે પરિણામ પમાડે છે.

અને તેજ સમયે તેનો આત્મપ્રદેશોની સાથે ક્ષીર-નીરવત્ સંબંધ કરાય છે. ત્યારબાદ તે કર્મોના ઉદય પ્રમાણે દરેક આત્માની સંસારિક સ્થિતિ હોય છે. આત્માના જે મુખ્ય આઠ ગુણો, કેવળ જ્ઞાન, કેવળદર્શન, અવ્યાબાધસુખ, ક્ષાયિકસમ્યક્ત્વ, અક્ષય સ્થિતિ, અરૂપી, અગુરૂલઘુ, અને અનંતબળ છે. તેને આવરણ કરનાર (દબાવનાર) આઠ પ્રકારનો કર્મબંધ છે. તેના નામ આ પ્રમાણે છે. જ્ઞાનાવરણીય. દર્શનાવરણીય. વેદનીય, મોહનીય આયુષ્ય, નામ, ગોત્ર, અને અંતરાય. આ આઠ પ્રકારના કર્મના બંધ ઉદય ઉદીરણા અને સત્તાના સ્વરૂપ વિશેષથી. અને તે સાથે જીવના જ્ઞાનાદિ ગુણોના ક્ષય ઉપશમ-કે ક્ષયોપશમના સ્વરૂપ-વિશેષથી આ જગતમાં અનેક આત્માઓની અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર પરિણતિ હોય છે

આ પ્રમાણેના દરેક જીવના અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર સ્વરૂપનું તેના હેતુઓ સહિત યથાર્થ જાણપણું કરી સાચી શ્રધ્ધા પ્રાપ્ત કરવી- પછી તે તે કર્મમળથી પોતાના આત્માને શુદ્ધ કરવા શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે પ્રયત્ન કરવો હિતાવહ છે. જેઓ પ્રત્યેક જીવાત્માઓના ચિત્ર વિચિત્ર સ્વરૂપના સ્વપર હેતુઓને સામાન્ય વિશેષ સ્વરૂપથી જાણતા નથી. તેઓને આત્માના શુધ્ધાશુધ્ધત્વ સ્વરૂપનો સાચો

બોધ હોતો નથી, તેથી આત્માના સંબંધમાં અજ્ઞાન ભાવમાં-પરિણામ પામતાં થકાં સંસારમાં અનેક પ્રકારના દુઃખો અનંતકાળ સુધી ભોગવે છે.

### (૩) જીવ અને કર્મનો સંબંધ

પૂર્વે જીવ-અને કર્મનું યત્કિંચિત્ સ્વરૂપ શાસ્ત્રાધારે બતાવી ગયા છીએ. હવે તે જીવ અને કર્મના સંબંધનું સ્વરૂપ શાસ્ત્રાધારે જણાવીએ છીએ. દરેક સંસારી જીવને કર્મનો સંબંધ પ્રવાહથી અનાદિનો છે. અને તે તે જ્ઞાનાવરણાદિ કર્મોના ઉદય-પ્રમાણે સર્વે સંસારી જીવોનાં સંસારિક પરિણામ હોય છે તેમાં આયુષ્ય કર્મ-પ્રમાણે દરેક જીવને જન્મમરણ હોય છે. તે સાથે નામગોત્રાદિ કર્મના ઉદય પ્રમાણે જીવને ગતિ-જાત્યાદિપણું હોય છે. દરેક જીવનું આવું વિવિધ પ્રકારના જન્મ-મરણ સાથે અનેક પ્રકારની ભિન્ન-ભિન્ન વિચિત્રતા વાળું સંસારિક જીવન તે તેણે પૂર્વે બાંધેલા કર્મના ઉદયના અનુસારે જાણવું. આથી સ્પષ્ટ સમજવું, કે જે જીવો સર્વ કર્મથી મુકત થાય છે. તેઓ જ પોતાના સહજ-અનંત જ્ઞાનાદિ ગુણોના સ્વામી બનીને અશરોરી અરૂપીભાવ પામીને જન્મ-મરણ રહિત થઈ અવ્યાબાધ શાશ્વત સુખને પામે છે.

દરેક જીવ પોત-પોતાના અધ્યવસાય પ્રમાણે અસંખ્યાત આત્મ પ્રદેશો વડે એક જ આકાશ પ્રદેશાવગાઢ એવી અનંત કાર્મણ વર્ગણાને ગ્રહણ કરી કર્મરૂપે પરિણામ પમાડી પોતાના આત્મપ્રદેશો સાથે ક્ષીર નીરવત્ સંબંધ કરે છે ત્યાર પછી તે તે કર્મોદય પ્રમાણે જીવને શરીરાદિ પ્રાપ્ત થાય છે. તે

શરીરના મન વચન કાયાદિના કષાય સહિતના યોગ વ્યાપારથી વળી પાછા નવા કર્મ બાંધે છે.

આ રીતે શરીરથી કર્મ અને કર્મથી શરીર પ્રાપ્ત કરતો સંસારી જીવ અનાદિથી આ સંસારમાં રઝળે છે. પરંતુ જ્યારે તેને જ્ઞાની-પુરૂષનો યોગ પ્રાપ્ત થાય છે. ત્યારે તે જીવને કર્મથી છુટવાનો ઉપાય જાણવા મળે છે. અને જેમ જેમ જીવ તે ઉપાયને અનુસરે છે તેમ તેમ અતિ-અલ્પકાળમાં મુકિતના સુખનો સ્વામી બને છે.

અનાદિ-અનંત છ દ્રવ્યાત્મક જીવ-અજીવના-પરિણામ વાળા જગતના-સ્વરૂપને સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પરમાત્માઓએ ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક સ્વરૂપે યથાર્થ-અવિરૂદ્ધ પણે સમજાવ્યાં છતાં કેટલાક જીવો પોતાના અજ્ઞાન દોષને લઈને સત્-અસત્ પણાના ભ્રમમાં પડીને આ જગતને કેવળ-એકાંતે માયારૂપે એટલે કે અસત્ રૂપે જ માની લે છે. અને કહે છે કે "જેમ-સ્વપ્નના પદાર્થો સત નથી તેમ તે રૂપેજ જણાતા અને અનુભવાતા આ જગતના સર્વ પદાર્થો સત્ નથી માટે આ સમસ્ત સંસાર અસત્-માયા રૂપ જ છે,

પરંતુ તેઓએ એ નિશ્ચયથી જાણવું જોઈએ કે જેમાં સંશય થાય છે તે વસ્તુ સત્ હોય છે પરંતુ તેનો વિપર્યવ તે અજ્ઞાન અને મોહમૂલક હોવાથી વિપરીત જાણવો, પરંતુ તે વસ્તુ સર્વથા અસત્ હોતી નથી. જો તેઓ જગતને સર્વથા અસત

માયા રૂપ જ જાણે છે. તો પછી તેમને મતે તેમને માટે સાર-અસાર, ઈષ્ટ-અનિષ્ટ, ધર્મ-અધર્માદિ, કોઈ પણ ભાવોમાં વિધિ-નિષેધ કરવાપણું હોવું જ ન જોઈએ. પરંતુ જગતનો દરેક જીવ સુખની-પ્રાપ્તિ, અને દુઃખની નિવૃત્તિ માટે પ્રયત્ન કરતો હોય છે. અને તે પ્રમાણે દરેક જીવને પોતપોતાના સાચા ખોટા પ્રયત્ન અનુસાર સુખ-દુઃખની પ્રાપ્તિ પ્રત્યક્ષ-સિદ્ધ જણાય છે તેથી આ સમસ્તજગત્ અને તેનો તમામ વ્યવહાર ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મકપણે-સત્-જાણવો. એ જ હિતકર છે.

જો દરેક જીવને પોતપોતાના કર્મ પ્રમાણે ગતિ-જાત્યાદિ ભાવો નહિ માનીએ તો દરેક જીવને જે પોતપોતાના સ્વરૂપની વિચિત્રતા છે તે નિર્હેતુક-એટલે કારણ વગર જ કેવી રીતે હોઈ શકે ? જો કારણ વગર જ તથા પ્રકારની વિચિત્રતા માનીશું તો સર્વ જીવને એક જ પ્રકારની સ્થિતિ કેમ ન હોય ! આથી સ્પષ્ટ થાય છે કે દરેક જીવને પૂર્વે બાંધેલા કર્માનુસારે ગતિ, જાતિ, સ્થિતિ આદિપણે જન્મ-જીવન અને મરણ હોય છે. અને વર્તમાનમાં જે પ્રમાણે પૂર્વ-કર્મની સ્થિતિને ભોગવે છે તે મુજબ નવાં કર્મો બાંધે છે. અને તે કર્મબંધ સહિત ભવાન્તરમાં જાય છે. કોઈ પણ આત્માને જે કોઇ સંસાર સ્થિતિ પ્રાપ્ત થાય છે. તેમાં પૂર્વે બાંધેલા કર્મનો ઉદય જ મુખ્ય છે. અને તે કર્મોદય પ્રાપ્ત સ્થિતિમાં જીવે કેવા પ્રકારનો શુદ્ધાશુદ્ધ અનુભવ કરવો તે તે આત્માના ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ ભાવને આધીન

છે. આથી સ્પષ્ટ સમજવું કે જેવો શુભાશુભ કર્મનો ઉદય હોય તેવો તે આત્માને શુભાશુભ ઔદારિક ભાવપરિણામ જરૂર હોય પરંતુ તે શુભાશુભ ઔદયિક ભાવમાં આત્માનો શુદ્ધાશુદ્ધ ભાવ—પરિણામ તો તે આત્માની જ્ઞાન-દર્શન ચારિત્રાદિ આત્મગુણ વિશુદ્ધિને આધીન. છે. માટે દરેક સમયે સંસારી આત્મા જે કર્મબંધ કરે છે. તેમાં તે આત્માના શુભાશુભ પરિણામની સ્થિતિ સાથે તે આત્માના શુધ્ધાશુધ્ધ ભાવની મુખ્યતા હોય છે કેમ કે જેમ બંધનો કર્તા આત્મા છે તેમ શુધ્ધ પરિણામ વડે નિર્જરાનો કર્તા પણ આત્મા જ છે. આથી કર્મબંધ અનેકાંતિક હેતુ વાળો જાણવો વળી તે કર્મબંધ અને નિર્જરાની સાથે બીજા કરણોનો પણ વિચાર કરતાં કર્મોદય પરિણામની સાથે આત્મ-પરિણામની અનેકાંતિકતા પણ સહેજ સમજાઈ જાય તેમ છે, તેથી જાણવું કે કોઈ કાર્ય કારણ વગરનું હોતું નથી તેમજ કોઇ કારણ કોઈ કાર્ય પરિણામ વગરનું હોતુ નથી પરંતુ તે કાર્ય કારણ ભાવમાં જે અનેકાન્તિકતા છે તેનું યથાર્થ સ્વરૂપ ગુરૂ ગમથી અવશ્ય જાણવું જોઈએ.

(૬) જીવ કર્મબંધનો કર્તા પણ છે તેમજ તે તે કર્મોનો ક્ષય કર્તા પણ છે.

પ્રશ્નઃ— જ્યારે જીવ કર્મબંધના સ્વભાવવાળો છે ત્યારે કર્મબંધનો નાશ કરવાના સ્વભાવવાળો કેમ જ હોઈ શકે !

ઉત્તરઃ-જે હેતુથી જીવમાં કર્મબંધ સ્વભાવતા છે. તેથી વિપરિત હેતુઓ વડે જીવમાં કર્મોનો નાશ કરવાનો સ્વભાવ

પણ તેજ સમયે હોય છે. તે બંને હેતુઓને સાપેક્ષભાવે યથાર્થ સ્વરૂપે જાણવાથી તદ્ તદ્ હેતુઓ વડે બંને પ્રકારનું કાર્ય પણ આત્મા કરે છે તેની યથાર્થ પ્રતીતિ થશે, જેઓ આત્માને કર્તા–ભોક્તા માનતા નથી. પણ શૂન્ય ભાવવાળો કલ્પે છે. તેઓ સુખ–દુઃખાદિને પણ કેવળ કલ્પનામાત્ર માનીને સર્વ જીવો સાથે નિર્દય અને નાસ્તિક ભાવે વર્તનારા હોય છે. પરંતુ જેઓ પોતાના આત્મ સ્વરૂપનું ક્તાં ભોક્તાપણું પોતાથી જાણે છે. તેઓ જ ધર્મ અધર્મ ભાવોનો વિચાર કરીને અને તેનું સાચું સ્વરૂપ જાણવાની ઇચ્છા કરીને અને સત્યાસત્યને જાણીને, અને તે સાચા સ્વરૂપમાં શ્રદ્ધા કરીને પછી પોતાના આત્માને અધર્મ પરિણામથી અળગો કરી ધર્મ પરિણામમાં જોડે છે તેઓ જ સાચા સુખના સ્વામી બની શકે છે. મિથ્યાત્વ અવ્રત કષાય, અને યોગ સંબંધી અનુક્રમે ૫,૧૨, ૨૫,૧૫, મળી કુલ ૫૭ બંધહેતુઓ શાસ્ત્રમાં જણાવ્યા છે તેમજ તે બંધહેતુઓમાંથી આત્માને અળગો રાખનારા સંવર ભાવના ૫૭ ભેદો પણ શાસ્ત્રમાં બતાવ્યા છે તે સંવરભાવમાં આવેલો આત્મા કર્મનો ક્ષય કરનારા નિર્જરા તત્ત્વના બાર ભેદથી કર્મોનો ક્ષય કરી અંતે મોક્ષપદને પામે છે. આ પ્રમાણે વિશેષથી આત્માનું બંધ–સંવર–અને નિર્જરાતત્વનું યથાર્થ સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું.

### (૭) દેવોનું સામાન્ય સ્વરૂપ

આ જગતમાં સર્વ સંસારિ (જન્મ–મરણ કરનારા) જીવોના જે ૫૬૩ ભેદો છે. તેમાં એકેન્દ્રિય જીવોના ૨૨,

બેઇન્દ્રિય જીવોના ૨, તેઇન્દ્રિય જીવોના ૨, ચઉરિન્દ્રિય જીવોના ૨, અને તિર્યંચ પંચેન્દ્રિય જીવોના ૨૦ આ રીતે કુલ ૪૮ ભેદ તિર્યંચ ગતિના છે.

વળી નારકીના જીવો જેઓ પણ પંચેન્દ્રિય છે. તેમના ૧૪ ભેદ છે.

વળી મનુષ્યના ક્ષેત્રાશ્રયી ૧૦૧ ભેદથી કુલ ૩૦૩ ભેદ જાણવા અને દેવોના જાતિ, ઋધ્ધિ–સિધ્ધિ અને સ્થાન વિષયક ૯૯ ભેદથી કુલ ૧૯૮ ભેદ જાણવા. ભુવનપતિ દેવોના ૧૦ ભેદ છે. પરમાધામિંક દેવોના ૧૫ ભેદો છે. તેમજ વ્યંતર દેવોના ૮ ભેદ, વ્યાણુવ્યંતર દેવોના ૮ ભેદ, ચર જયોતીષના ૫ ભેદ, સ્થિર જયોતિષિકના ૫ ભેદ, ૧૨ ભેદ વૈંમાનિક દેવોના ૯ ભેદ નવગ્રૈવેયકના દેવોના, ૫ ભેદો અનુત્તર વિમાનવાસી દેવોના, આ ઉપરાંત ૧૦ ભેદ તિર્યંફ્જૃભફ્ દેવોના. ૩ ભેદો કિલ્બીષિક દેવોના અને ૯ ભેદો લોકાન્તિક દેવોના મળી કુલ ૯૯ ભેદો છે. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તાના મળી કુલ ૧૯૮ ભેદો જાણવા.

ઉપર જણાવ્યા મુજબના જીવોના ૫૬૩ ભેદોનું વિસ્તારથી સ્વરૂપ જીવવિચારાદિ શાસ્ત્રગ્રંથોથી ગુરૂ મહારાજ પાસેથી અવશ્ય જાણી લેવું, કેમકે કોઈ એકાદ ભેદ સંબંધીની શંકા સર્વશંકાનું કારણ બને છે. માટે દૃષ્ટાદૃષ્ટ જગતનુ યથાર્થ સ્વરૂપ જાણવા માટે માત્ર પોતાની બુધ્ધિ શકિત ઉપર જ આધાર રાખનારાઓએ કયારેય પણ કોઈ પણ એકતત્ત્વનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું નથી. તો પછી

આપ્ત-જ્ઞાની પુરૂષોના વચનોમાં અશ્રધ્ધા કરવાપણું કઈ રીતે ઈષ્ટ છે ! આથી સર્વકાળે આપ્ત-જ્ઞાની પુરૂષોના વચનમાં શ્રધ્ધા કરીને જ અનેક આત્માઓએ આત્મકલ્યાણ સાધ્યું છે. સાધે છે. અને સાધશે એમ નિશ્ચય કરવો એજ હિતકારી છે એમ જાણવું.

દેવોનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે જાણવું.

ભુવનપતિના દેવો : રત્નપ્રભા નામની પહેલી નારક પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજનના ઉપરનીચેના જાડા થરમાંથી ઉપર અને નીચે એક એક હજાર યોજન બાદ કરતા બાકી રહેલા ૧,૭૮,૦૦૦ યોજનના બાર આંતરામાં રહે છે.

પરમાધાર્મિક દેવો : પ્રથમની ત્રણ નારકી સુધીમાં નારકીના જીવોને ભયંકર દુઃખ આપે છે. તેઓ મિથ્યાદૃષ્ટિ હોય છે.

જ્યોતિષ્ક દેવો : સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, અને તારાઓ એ પાંચ ભેદોવાળા છે. તેમાં જે અઢી દ્વીપની બહાર છે તે સ્થિર જાણવા અને જેઓ અઢી દ્વીપની અંદર છે તેઓ સર્વે ચર છે. આ જ્યોતિષ્ક દેવો તિર્ચ્છાલોકની સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન સુધીની ઉંચાઈમાં જાણવા.

બાર વૈમાનિક દેવો : ઉર્ધ્વલોકમાં આવેલા છે તે સમભૂતલાથી એક રાજ લોક પ્રમાણ ઉંચે જઈએ ત્યારે આવે છે. તેમનું સ્વરૂપ સામાન્યથી આ પ્રમાણે છે પહેલો બીજો

દેવલોક દક્ષિણ ઉત્તર છે. તેમજ ત્રીજો ચોથો તેની ઉપર દક્ષિણ ઉત્તર આવેલો છે. તે પછી વચ્ચે પાંચમો છઠ્ઠો દેવલોક ઉપરા ઉપર આવેલા છે. પછી સાતમો અને આઠમો દેવલોક પણ ઉપરા ઉપર આવેલ છે. તે પછી તે ઉપર નવમો, દશમો. પહેલા બીજાની માફક જોડાજોડ અને તે ઉપર અગીયારમો બારમો દેવલોક ત્રીજા ચોથાની માફક જોડાજોડ આવેલ છે.

નવગ્રૈવેયકના દેવો—બારમાં દેવલોકની ઉપર ઉપરા ઉપરી આવેલા છે.

પાંચ અનુત્તર વિમાનના દેવો—નવગ્રૈવેયકની ઉપર ચાર દિશાએ ચાર અને વચ્ચે સર્વાર્થ સિદ્ધ નામે વિમાન આવેલું છે.

તિર્યક્જૃંભક દેવો—વ્યંતર જાતિના હોય છે. અને તેઓ વૈતાઢયોમાં રહે છે, અને તીર્થંકર ભગવંતોના ચ્યવન જન્માદિ કલ્યાણકોએ તેમના ઘરો ધન-ધન્યાદિથી ભરી દે છે.

ત્રણ પ્રકારના કિલ્બિષિયક દેવો—પહેલા બીજા દેવલોકની નીચે, ત્રીજા દેવલોકની નીચે, અને છઠાની નીચે રહે છે. તેઓ નોકર ચાકર જાતિના દેવો છે. દેવોની ભવ સ્થિતિ જઘન્યથી દશહજાર વર્ષની અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ પ્રમાણ કાળવાળી જાણવી, પરંતુ કાય સ્થિતિ એક જ ભવની હોય છે. એટલે દેવ-

ભવથી ચ્યવીને ફરીથી તુરત જ કોઈ જીવ દેવ થાય નહિ, તેમજ દેવભવથી ચ્યવી તુરત જ સીદ્ધો. નારકીમ પણ કોઈ જીવ જતો નથી. દેવોને વૈક્રિય શરીર હોવાથી તેઓ વિવિધરૂપો કરી શકે છે અને અનેક પ્રકારની ચિત્ર વિચિત્ર ક્રિયાઓ કરે છે. એમ જાણવું. જગતમાં જ્યારે કોઈ આશ્ચર્યકારક ભાવ બને છે ત્યારે તેને દેવ માયા કહેવાય છે, પરંતુ કોઈ પણ જીવને પોતાના શુભ કે અશુભ કર્મના ઉદય વગર દેવ માયા પણ પ્રાપ્ત થતી નથી એમ જાણવું.

## (૮) નારકીના જીવોનું સ્વરૂપ

જે જીવોનો આયુષ્ય બંધ વખતે અતિ સંકિલષ્ઠ પરિણામ હોય છે તેને નારક ગતિનું આયુષ્ય બંધાય છે, તેના મુખ્ય કારણો ૧. પંચેદ્રિન્ય જીવોનો વધ કરવો. ૨. ઘણા પાપારંભો કરવા તેમજ પરિગ્રહાદિમાં આસક્ત રહેવું ૩. માંસ ભક્ષણ કરનારો ૪. રૌદ્ર ધ્યાનવાળો ૫. અતિવિષયાશક્ત મથુન સેવન કરતો. આ પ્રમાણેના કારણોથી જીવ નારકીનું આયુષ્ય બાંધે છે. વળી કેટલા એક જીવો આ ભવમાં પાપાનુબંધી પુન્યના યોગે, જન્મથી મરણ પર્યંત અનેક પ્રકારનાર સુખ વિલાસો ભોગવતા જે જોવાય છે તેમને પોતાના કરેલા તે પાપોને ભોગવવા માટે અવશ્ય નારકાદિમાં જવું પડે છે. તે નારકીના ક્ષેત્રનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. આ જગતમાં આકાશાસ્તિકાય એક જ દ્રવ્ય છે,તેમાં જે લોકાકાશરૂપ ચૌદ રાજલોક પ્રમાણ આકાશ ક્ષેત્ર છે તે

સર્વ જીવાદિ દ્રવ્યોના આધાર રૂપ છે. તેમાં સાતમી નારકીના છેલ્લા પ્રતરની નીચે ઘનોદધિ છે. તે ઘનોદધિની નીચે ઘનવાત છે. અને તે ઘનવાતની નીચે તનવાત છે અને તે તનવાત જે છે તે આકાશના આધારે છે. એમ જાણવું આ રીતે સાતે નારક પૃથ્વીઓ સંબંધી સમજી લેવું. તેમજ દેવલોકનું સ્વરૂપ પણ ઘનોદધિ, ઘનવાત અને તનવાતના આધારે જેમ છે તેમ શાસ્ત્રોથી જાણી લેવું.

એકેંદ્રિયથી માંડીને વિકલેંદ્રિય સુધીના જીવો નારકીમાં જતા નથી સમુર્ચ્છિમ તિર્યંચો પહેલી નારકી સુધી જઈ શકે છે. સમુર્ચ્છિમ મનુષ્યો તો તિર્યંચ અને મનુષ્યમાં જ જાય છે. ભુજ પરિસર્પના જીવો બીજી નારકી સુધી જઈ શકે છે. ખેચર જીવો ત્રીજી નારકી સુધી જઈ શકે છે. સિંહાદિ ચતુષ્પદ જીવો ચોથી નારકી સુધી જઈ શકે છે. ઉર· પરિસર્પના જીવો પાંચમી નારકી સુધી જઈ શકે છે. સ્ત્રીઓ છઠ્ઠી નારકી સુધી જઈ શકે છે. ગર્ભજ જલચર અને મનુષ્યો સાતમી નારક સુધી જઈ શકે છે. વળી જાણવું કે પહેલી નારક સુધીમાંથી નીકળેલો જીવ ચક્રવર્તી થઈ શકે છે. પહેલી અને બીજી નારક સુધીમાંથી નીકળેલો જીવ વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવ થઈ શકે છે, પહેલી બીજી અને ત્રીજી નારક સુધીમાંથી નીકળેલો જીવ તીર્થંકર થઈ શકે છે એકથી ચાર સુધીમાંથી નીકળેલો જીવ સામાન્ય કેવળી થઈ શકે છે. એકથી પાંચ સુધીમાંથી નીકળેલો જીવ સાધુત્વ ધર્મ પામી શકે છે. એકથી છ

સુધીમાંથી નીકળેલો જીવ દેશવિરતિ ધર્મ પામી શકે છે. અને ૧ થી ૭ નારક સુધીમાંથી નીકળેલો જીવ સમ્યક્ત્વ પામી શકે છે. નારકીના જીવનું જઘન્ય આયુષ્ય દશહજાર વર્ષનું હોય છે. અને ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે. નારકીમાંથી મરણ પામી તુરત જ બીજા ભવે કોઈ જીવ નારકી થતો નથી તેમજ તુરત જ દેવભવમાં પણ જઈ શકતો નથી વિશેષ સ્વરૂપ ગુરૂગમથી શાસ્ત્રોથી જાણી લેવું.

## (૯) જીવને પુણ્યબંધ અને પાપબંધ

આત્માને અભેદનય દૃષ્ટિએ જોઈએ તો એક સમયે એક ઉપયોગવાળો તેમજ એક-પરિણતિવાળો જણાશે, તેજ આત્માને તેજ એક સમયે ભેદનયની દૃષ્ટિએ જોઈશું તો એક ઉપયોગ પણ અનેકભાવ વાળો જણાશે તેમજ એક પરિણતિ ભાવમાં અનેક-પરિણમનો પણ દેખાશે આથી આત્માને પોતાના એકજ સમયના એક અધ્યવસાયથી વિવિધ એકાનેક કાર્ય પરિણામવાળો જાણવો, તે યથાર્થ પ્રમાણ જ્ઞાન છે. આત્મા પોતાના એક સમયના અધ્યવસાયથી. અનેક પ્રકારનો કર્મબંધ કરે છે, વળી કર્મ-બંધને રોકે પણ છે. તેમજ કર્મોનો ક્ષય પણ કરે છે. તેમજ બીજા ઉદ્વર્તના આદિ અનેક કરણો પણ કરે છે. તેમજ ક્ષાયોપશમિક ભાવે પોતાના. જ્ઞાનાદિ ગુણોનો કર્તા ભોક્તા પણ છે. આથી વિચારવું કે આત્માનો એક સમયનો એક અધ્યવસાય અનેક ભાવ-વાળો પણ છે. કેમકે

તેમાં એક સમયે અનેક પ્રકારની વિચિત્રતા હોય છે. આત્માનો એક સમયનો અધ્યવસાય જે અપેક્ષા-વિશેષથી અનેક પ્રકારનો છે. તેનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે છે.

આત્મા. મન, વચન અને કાય યોગની શુભાશુભ-તરતમતા વડે પ્રત્યેક સમયે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ કરે છે. તેમાં જે શુભાશુભતા છે તે વિવિધ કષાયની અપેક્ષાએ છે, તે કષાયભાવ વડે રસબંધ અને સ્થિતિ બંધ કરે છે. જે બંધહેતુક કષાય છે તે આત્માના જ્ઞાનાદિ ગુણની વિશુધ્ધિ વડે ઔદયિકભાવમાં તે આત્માએ જે જે કર્મ પરિણામો, ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ કરેલો હોય છે. તેની અપેક્ષા રાખે છે. તે આત્મ-વિશુદ્ધિ આત્માના ગુણોમાંજ આત્માના કર્તા-ભોકતા પણાના ભાવની અપેક્ષાએ જાણવી. ઔદયિક ભાવ સાથે આત્મ-શુધ્ધિના અવરોધક મોહનીય કર્મનું વિવિધસ્વરૂપ ગીતાર્થ-ગુરૂ ભગવંતો પાસેથી અવશ્ય જાણી લેવું.

કષાયભાવનું યત્ કિંચિંત સ્વરૂપ આપ્રમાણે છે. ક્રોધ, માન, માયા, અને લોભ રૂપ ચાર પ્રકારના કષાયોમાં, સમ્યક્ત્વ-ઘાતક, દેશવિરતિભાવ-ઘાતક, સર્વવિરતિભાવ-ઘાતક, અને સંપૂર્ણ વીતરાગભાવ-ઘાતક, એમ દરેકના ચાર-ચાર, ભેદોથી કુળ. સોલ (૧૬) ભેદ જાણવા તેમાં હાસ્ય; રતિ અરતિ, ભય, શોક, જુગુપ્સા, અને સ્ત્રીવેદ. પુરૂષવેદ અને નપુંસક વેદ રૂપ નવ ભેદનો કષાયનાં ઉમેરતાં કુલ. (૨૫) પચ્ચીસ ભેદો જાણવા. આવા આત્મગુણ-ઘાતક આ કષાયોને નહિ ઓળખનાર મિથ્યાત્વ મોહનીય કર્મ છે. તેનું સ્વરૂપ

ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી યથાર્થ જાણી તે મિથ્યાત્વ ભાવને સૌ પ્રથમ દુર કરવો જરૂરી છે. કષાય જન્ય સંકિલષ્ટ અધ્યવસાય વડે યોગાદિ હેતુઓથી દરેક સમયે આત્મા પુણ્ય–અને પાપની બન્ને પ્રકૃતિઓ બાંધે છે. અને આત્મ ગુણ–વિશુદ્ધિ વડે નિર્જરા પણ કરે છે, સંકિલષ્ટ–અધ્યવસાય ની વિચિત્રતાથી જીવ નીચે પ્રમાણે પુણ્ય–પાપનો બંધ કરે છે

સંકલેશની તીવ્રતાથી–પાપની (૮૨) બ્યાસી એ પ્રકૃતિ ઓનો સ્થિતિબંધ અને રસબંધ બન્ને વધે છે.

સંકલેશની મંદતાથી—પાપની (૮૨) બ્યાસી એ પ્રકૃતિ ઓનો સ્થિતિબંધ અને રસબંધ બન્ને ઘટે છે.

સંકલેશની તીવ્રતાથી–પુણ્યની (૩૯) ઓગણચાલીશ પ્રકૃતિઓનો સ્થિતિબંધ વધે છે. પરંતુ રસબંધ ઘટે છે.

સંકલેશની મંદતાથી—પુણ્યની (૩૯) ઓગણ ચાલીશ પ્રકૃતિઓનો સ્થિતિબંધ ઘટે છે. અને રસબંધ વધે છે.

સંકલેશની તીવ્રતાથી—પુણ્ય રૂપ (૩) દેવાયુષ, મનુષ્યાયુષ અને તિર્યંચાયુષ કર્મનો સ્થિતિબંધ અને રસબંધ બન્ને ઘટે છે

સંકલેશની મંદતાથી—દેવાયુષ. મનુષ્યાયુષ, અને તિર્યંચાયુષ રૂપ ત્રણ પુણ્ય પ્રકૃતિનો સ્થિતિબંધ અને રસબંધ બન્ને વધે છે બંધનું વિશેષસ્વરૂપ-ગુરૂગમથી જાણી લેવું

## (૧૦) જીવને—પરલોક

અનંત આકાશમાં (૧૪) ચૌદરાજલોક પ્રમાણ આકાશમાંજ ગતિસહાયક ધર્માસ્તિકાય, અને સ્થિતિ સહાયક

અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો છે. સમસ્ત અનંતાનંત જીવો અને પુદ્ગલો આ ચૌદરાજલોક પ્રમાણ લોકમાંજ—ગતિ આગતિ કરે છે, તે આકાશાદિ દ્રવ્યોનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું સમય રૂપ કાળ સૂક્ષ્મ છે. તેથી ક્ષેત્ર સુક્ષ્મ છે. કેમકે એક અંગુલી પ્રમાણ આકાશ ક્ષેત્રના પ્રદેશો, એક સમયે એક એમ જો બહાર કહાડીયે તો તે, અંગુલી પ્રમાણ ક્ષેત્રના તમામ આકાશ પ્રદેશોને કાઢતાં અસંખ્યાતિ—ઉત્સર્પિણી—અવસર્પિણી કાળ જાય, વળી ક્ષેત્ર કરતાં દ્રવ્ય સુક્ષ્મ છે. કેમકે. એક આકાશ પ્રદેશમાં જીવના અનંત પ્રદેશો તેમજ અનંતા અનંત પુદ્ગલો રહિ શકે છે. જોકે એક જીવ અસંખ્યાતા આકાશ પ્રદેશોમાંજ રહી શકે છે. કેમકે એક જીવ સ્વભાવથી એક આકાશ પ્રદેશમાં સંકોચાઈને રહી શકતો નથી પરંતુ એક આકાશ પ્રદેશમાં અનંતા અનંત જીવોના અનંતા પ્રદેશો સમાઈ શકે છે. વળી એક જીવના અસંખ્યાત આત્મ પ્રદેશો છે, તે એક એક આત્મ પ્રદેશો ઉપર અનંતા—અનંત કર્મ વર્ગણાઓ લાગેલી છે, માટે ક્ષેત્ર કરતાં દ્રવ્ય સુક્ષ્મ છે એમ જાણવું. વળી દ્રવ્ય—કરતાં તેના ગુણ—પર્યાય સુક્ષ્મ છે. એમ જાણવું, આ રીતેનો દ્રવ્ય વિચાર આપીને આ સંસારમાં જે અનંતા—અનંતજીવો પોત પોતાના આયુષ્ય કર્મને અનુસારે જે એક ભવથી બીજા ભવમાં જાય છે. તેને વ્યવહારથી પરલોક ગયો એમ કહેવાય છે, આ પ્રમાણે સંસારી જીવની એક ભવથી બીજા ભવમાં જવા—આવવારૂપ સ્થિતિ છે તેને વ્યવહારથી જન્મ—મરણ કહેવાય છે. તેનું સ્વરૂપ પણ આ પ્રમાણે જાણવું, જીવો સામાન્ય પણે વર્તમાન ભવના

આયુષ્યના બે ભાગ ગયા પછી આવતા ભવનું આયુષ્ય બાંધે છે તેમ કરતાં-કરતાં છેવટે છેલ્લા અંતર્મુહુર્તમાં અવશ્ય આવતા ભવના આયુષ્યનો બંધ કરે છે, ત્યારબાદ વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ કરી મરણ પામી તુરતજ આવતા ભવના બાંધેલા આયુષ્ય પ્રમાણે તે જીવ તે ગતિમાં ૧ થી-૫ સમયમાં જઈને ઉત્પન્ન થાય છે, આ સ્થિતિને ઉપચારથી જીવનું જન્મ મરણ કહેવાય છે, જે જીવો તદ્‌-ભવ મોક્ષ-ગામી હોય છે તેઓ આયુષ્ય બાંધતાંજ નથી. તેમજ વળી દેવો, નારકો તથા અસંખ્ય વર્ષના આયુષ્ય વાળા મનુષ્ય અને તિર્યંચો પોતાના આયુષ્યના છ માસ બાકી રહે છે ત્યારે પરભવાયુષનો બંધ કરે છે. એમ જાણવું,

## (૧૧) જીવનો. મોક્ષ-પ્રાપ્તિ

સંસારી જીવને પુદ્‌ગલદ્રવ્યના-કર્મ પરિણામ સાથે દ્રવ્ય, ગુણ, અને પયાર્ય-વિશેષથી જે કથંચિત ભેદાભેદ છે તેને પ્રથમ ગીતાર્થ ગુરૂ-ભગવંત પાસેથી યથાર્થ જાણવો.

અનંત કાળથી પુદ્‌ગલના સંયોગે વિવિધ પરિણામો પામવા છતાં કોઈજીવ પુદ્‌ગલ બન્યો નથી, અને બનશે પણ નહિ આથી દ્રવ્યત્વ સ્વરૂપે આત્માને-પુદ્‌ગલ દ્રવ્યથી ભિન્ન જાણવો. વળી જે સંસારી જીવો કર્મવિકારને આધીન

થઈ– તેમાં અહંકાર અને મમત્વ ભાવ ધારણ કરે છે, અને તેથી રાગ,–દ્વેષરૂપ કષાય પરિણામવાળા બને છે. તે આત્મા તે પોતાના કષાય પરિણામથી કથંચિત્ અભિન્ન હોવાના કારણે કર્મબંધ કરે છે અને, તે, પોતે બાંધેલા કર્મોને ભોગવવા રૂપે શરીરાદિ–પર્યાય–પરિણામ પણ પોતે જ કરે છે. આ રીતે દ્રવ્ય ગુણ પર્યાયથી આત્માનું પુદ્ગલ દ્રવ્યથી જે ભિન્નાભિન્નપણું છે. તેમાં દરેક મુમુક્ષુ આત્માએ પોતાના ભેદાભેદના સ્વરૂપનો યથાર્થ અનુભવ કરીને પોતાના આત્માને સંપૂર્ણ સ્વરૂપે એટલે દ્રવ્ય ગુણ પયાર્ય સ્વરૂપે શુદ્ધ કરવા નીચે જણાવેલા અનંતર કરણોને ગીતાર્થ ગુરુ પાસેથી યથાર્થ સમજી લેવા જરૂરી છે.

સહજ–શુદ્ધ અનંત સિદ્ધત્વ સ્વરૂપને, કોઈ આત્મા સંપૂર્ણ અયોગી થયા સિવાય પામ્યો નથી પામતો નથી. અને પામશે પણ નહિ. તેમજ કોઈ આત્મા પોતાના જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યા સિવાય અયોગી થઈ શકતો નથી તેમજ કોઇ આત્મા ક્ષપકશ્રેણી માંડયા સિવાય પોતાના ઘાતિ કર્મોનો ક્ષય કરી શકતો નથી તેમજ કોઇ આત્મા. અપ્રમત્ત ભાવમાં આવ્યા સિવાય ક્ષપક શ્રેણી માંડી શકતો નથી, તેમજ કોઈ આત્મા સર્વ વિરતિ ભાવમાં આવ્યા સિવાય અપ્રમત્તભાવમાં આવી શકતો નથી આ સર્વ વિરતિ ભાવ લાવવા માટે [ પરમોપકારી

શ્રી તિર્થંકર ભગવંતોએ શ્રી ચતુર્વિંધ સંઘની સ્થાપના કરી છે. તેમાં દેશ વિરતિ અને સર્વ વિરતિ ભાવનું આચરણ કરવા જે વ્રત નિયમો તથા વિધિ નિષેધ બતાવ્યા છે તેનું યથાર્થ પાલન કરવું, એ જ મોક્ષ માર્ગ જાણવો.]

અહિંઆ નીચે મુજબ અનેકાંતિકતાનું જ્ઞાન અનિવાર્ય આવશ્યક છે. આત્માને નિશ્ચય દૃષ્ટિએ તો સર્વવિરતિભાવ પમાડનાર શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આદિ—ગુણરૂપ જીવનો સમ્યક્—પરિણામ છે. આ નિશ્ચયદૃષ્ટિને લક્ષમાં રાખીને વ્યવહારશુધ્ધિએ વર્તતા જીવને, નિશ્ચય શુધ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એમ જાણવું.

# ક્ષમાપના

સાત લાખ પૃથ્વીકાય, સાતલાખ અપ્કાય, સાત લાખ તેઉ કાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિ કાય, બે લાખ બેઇન્દ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચપંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય, એવંકારે ચોરાશી લાખ જીવા-યોનિમાંહે-માહરે-જીવે. જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, કે હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય; તે સવિ હું મન, વચન, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષા-વાદ, ત્રીજે અદત્તા દાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છટ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગ્યારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ-અરતિ, સોલમે પર-પરિવાદ, સત્તરમે માયા મૃષા-વાદ અઢારમે મિથ્યાત્વ-શલ્ય, એ અઢાર પાપસ્થાનક માંહિ માહરે જીવે જે કોઈ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સવિ હું મન, વચન, કાયાયે કરી તસ્સ મિચ્છામિ દુક્કડં

## નય-સાપેક્ષ સાચી-માનવતાનું સ્વરૂપ (ગ્રંથાન્તરથી)

નૈગમનયદૃષ્ટિએઃ— જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રચાર, તપાચાર, અને
વિર્યાચારમાં-જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તિહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

સંગ્રહનયદૃષ્ટિએઃ—જે, જે અંશે રે નિરૂપાધિકપણું તે તે જાણો રે ધર્મ
સમ્યક્-દૃષ્ટિ રે, ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ,

વ્યવહારનયદૃષ્ટિએઃ—परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म.

ઋજુસૂત્રનયદૃષ્ટિએઃ—जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिस्तथा प्रय-
तितव्यम्, कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः

શબ્દનયદૃષ્ટિએઃ—सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति
दुःख निमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म

સમભિરૂઢનયદૃષ્ટિએઃ—तेजो लेश्या विवृद्धिर्या, साधोः पर्याय
वृद्धितः भाषिता भगवत्यादौ, सेत्थं भूतस्य युज्यते.

એવંભૂતનયદૃષ્ટિએઃ—स्वत्वेन स्वं परमपि परत्वेन जानन् सम-
स्तान्यद्रव्येभ्यो विरमणमिति यच्चिन्मयत्वं प्रपन्नः
स्वात्मन्येवाभिरतिमुपनयन् स्वात्मशीली स्वदर्शी त्येवं
कर्ता कथमपि भवेत्कर्मणो नैष जीवः